

પુંછમાં ગમખ્વાર અકસ્માત, કાર ખીણમાં પડતાં છના મોત, 3 લોકો ગંભીર રીતે ઘાયલ

PAGE NO. 15

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



મોન્ટાનામાં ડિનર દરમિયાન શખ્સે 8 સંબંધીઓને ગોળી મારી હત્યા કરી

PAGE NO. 18

FRIDAY, 28 AUGUST 2026 Vol. 24, No. 34 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# નેપાળમાં જળપ્રલય : 362નાં મોત, 1300થી વધુ ગુમ

## ચીન, નેપાળ, મલેશિયા, ઓસ્ટ્રેલિયા, કેનેડાના અનેક નાગરિકો લાપતા; ભોટેકોશી નદીમાં ફરી પૂરનો ખતરો

**આંતરરાષ્ટ્રીય મદદ માટે ઓનલાઈન પોર્ટલ શરૂ :** નેપાળ સરકારે પૂરપીડિતોની મદદ કરવા ઈચ્છતા આંતરરાષ્ટ્રીય દાતાઓ માટે અલગ પેમેન્ટ પોર્ટલ જાહેર કર્યું છે. વડાપ્રધાન દૈવી આપત્તિ રાહત ફંડમાં વિદેશી દાતાઓ સીધી સહાયતા રકમ જમા કરાવી શકે તે માટે આ વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. આ સિસ્ટમ દ્વારા વિદેશી દાતાઓ પોતાના ડેબિટ કે ક્રેડિટ કાર્ડ અથવા QR Code મારફતે સીધી જ આર્થિક સહાય જમા કરાવી શકે છે.

**ભોટેકોશી નદીમાં તળાવ ફાટવાનો અને ફરી પૂરનો ખતરો :** નેપાળ સરકારે ભોટેકોશી નદીમાં સંભવિત પૂરના જોખમ અંગે વિશેષ નોટિસ જાહેર કરી છે. સેટેલાઈટ ઈમેજ મુજબ, નદીનો પ્રવાહ રોકાઈ ગયો છે અને બુધવારે જ્યાં પૂર આવ્યું હતું ત્યાં એક તળાવ બની ગયું છે. તળાવમાં પાણીનું સ્તર વધી રહ્યું છે અને તે ફાટવાનું જોખમ છે. તેથી નદી કાંઠાના રહીશો, પ્રવાસીઓને વિસ્તાર છોડી દેવા તાકીદ કરાઈ છે.



**કાઠમંડુ**

તિબેટમાં બુધવારે ગ્લેશિયર ફાટ્યા બાદ ચીન-નેપાળ સરહદી વિસ્તારમાં ભારે તબાહી સર્જાઈ છે. પૂર અને કાટમાળની ચપેટમાં આવવાથી સેંકડો લોકોના મોત થયા છે, જ્યારે મોટી સંખ્યામાં લોકો હજુ પણ લાપતા છે. અહેવાલો મુજબ અત્યાર સુધીમાં 362થી વધુ લોકોના મોતની પુષ્ટિ થઈ ચૂકી છે અને 1,300થી વધુ લોકો લાપતા હોવાનું કહેવાય છે. ગુમ થયેલાઓમાં સૌથી વધુ ચીન, નેપાળ, મલેશિયા, ઓસ્ટ્રેલિયા, કેનેડાના અનેક નાગરિકોનો સમાવેશ થાય છે. ગુરુવારે માત્ર ચિતવન જિલ્લામાંથી સૌથી વધુ 132 મૃતદેહ મળ્યા હતા. લાપતા લોકોમાં મોટી સંખ્યામાં વિદેશી પ્રવાસીઓ સામેલ છે, જેઓ યા તો ટ્રેકિંગ માટે આવ્યા હતા અથવા હિન્દુઓના પવિત્ર સ્થળોની યાત્રા પર હતા. નેપાળમાં પૂરના કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા સતત વધી રહી છે. , ગુરુવાર સાંજે 5 વાગ્યા સુધીમાં 8 જિલ્લાઓમાંથી કુલ 359 મૃતદેહો મળી આવ્યા હતા.

પોલીસ, સેના અને અન્ય રાહત એજન્સીઓ અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત બચાવ કામગીરી ચલાવી રહી છે અને ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવાનો પ્રયાસ કરી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ છે, પરંતુ ખરાબ હવામાન, દુર્ગમ પહાડી વિસ્તારો અને પાણીના તેજ વહેણને કારણે બચાવ કામગીરીમાં ભારે પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે.

### ■ 35 પુલ-45 સસ્પેન્શન બ્રિજ તણાઈ ગયા

ઘણા વિસ્તારોનું પરિવહન અને સંપર્ક માળખું પણ ખરાબ રીતે અસરગ્રસ્ત થયું છે. સરકારી આંકડા મુજબ, 35 પુલ અને 45 સસ્પેન્શન બ્રિજ તણાઈ ગયા છે, જેનાથી ઘણા વિસ્તારોનો સંપર્ક કપાઈ ગયો છે.

### ■ 13 હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સને નુકસાન

13 હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સને નુકસાન પહોંચ્યું છે અને વાહન પણ પાણીના તેજ વહેણની ચપેટમાં આવી ગયા હતા. નેપાળ સેનાએ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી 250થી વધુ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા છે.

### ■ ભારતમાં ઉત્તર પ્રદેશ અને બિહારમાં એલર્ટ અપાયું

આ દરમિયાન, નેપાળમાં આવેલા ભયાનક પૂર પછી ઉત્તર પ્રદેશ અને બિહારમાં પણ વહીવટીતંત્ર એલર્ટ પર છે. ગંડક, નારાયણી અને કોસી નદીના જળસ્તર પર નજર રાખવામાં આવી રહી છે.

### ■ નેપાળના વડાપ્રધાનનું નિવેદન: સ્થિતિ પડકારજનક

વડાપ્રધાન બાલેન શાહે ગુરુવારે પૂર અસરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિ અને ચાલુ રાહત કાર્યોની માહિતી આપી હતી. નિરીક્ષણ બાદ કાઠમંડુ પરત ફરીને વડાપ્રધાને કહ્યું, 'સ્થિતિ હજુ પણ પડકારજનક બનેલી છે. રાજ્યના તમામ વહીવટી અને સુરક્ષા તંત્ર પોતાની પૂરી ક્ષમતા સાથે મેદાનમાં તૈનાત છે.'

### ■ 290 ભારતીયો સંપર્ક વિહોણા, 84ને બચાવાયા

નેપાળમાં આવેલા પૂરના કારણે 290 ભારતીય નાગરિકો સાથે હાલમાં કોઈ સંપર્ક થઈ રહ્યો નથી, જેમની શોધખોળ ચાલુ છે. બીજી તરફ, રાહત અને બચાવ કામગીરીમાં જોડાયેલી ટીમોએ સફળતા મેળવીને 84 ભારતીયોને સુરક્ષિત બચાવી લીધા છે. રેસ્ક્યુ કરાયેલા લોકોમાં ત્રિશૂલી-I પ્રોજેક્ટમાં ફસાયેલા 63 વર્કર્સ અને તમિળનાડુના 21 લોકો સામેલ છે.


### 47 સરોવરો બન્યા 'ટાઈમ બોમ્બ', ફાટશે તો તબાહી સર્જી શકે

નેપાળ પર હજુ વધુ ખતરો મંડરાઈ રહ્યો છે. નેપાળના 47 સરોવરો ટાઈમ બોમ્બ બની ચૂક્યા છે. તે ક્યારેય પણ ફાટી શકે છે. જો આવું થાય તો વધુ તબાહી મચી જશે. નેપાળના ઘણા વિસ્તારો હાઈ રિસ્કમાં છે. એટલે કે આ વિસ્તારો પર ક્યારેય પણ કુદરતનો કહેર વરસી શકે છે. જેને પગલે સરકારી તંત્ર અને નાગરિકો ભારે ચિંતામાં મૂકાઈ ગયા છે.









# ગુજરાતી સિનિયર્સ ગ્રુપ દ્વારા ઉજવણી : દેશભક્તિનો રંગ છવાયો

## સ્વાતંત્ર્ય દિન, રક્ષાબંધન, જન્માષ્ટમીના પર્વે વરિષ્ઠ નાગરિકોએ રાસ-ગરબા, નાટિકા અને ભક્તિસભર કૃતિઓથી માહોલ ગુંજવ્યો





### ‘જન-ગણ-મન’, ‘વંદે માતરમ્’ અને કેનેડાનું રાષ્ટ્રગીત ‘OH CANADA’નું સમૂહ ગાન કરાયું

બ્રામ્પ્ટન : ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટનની ગોરમેડો લાયબ્રેરી ખાતે ૨૩મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાયેલી બેઠકમાં ૮૦મા સ્વાતંત્ર્ય દિન, રક્ષાબંધન તેમજ જન્માષ્ટમી પર્વને અનુસંધાને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની સુંદર પ્રસ્તુતિ કરાઈ હતી.

મીટીંગની શરૂઆત ‘ૐ તત્ શ્રી નારાયણ’ પ્રાર્થનાથી થયા બાદ સુનિતાબેન ઠાકર, શાંતાબેન પટેલ, દક્ષાબેન એમ. પટેલ અને જયશ્રીબેન દિપકભાઈ શાહ તરફથી ઉપસ્થિત સૌ સભ્યોને આઈસ્ક્રિમ પીરસવામાં આવ્યો હતો.

દક્ષાબેન રાજાની અનઉપસ્થિતિમાં શીલાબેન નેગાંધીએ ઉપસ્થિત સૌનું અંતઃકરણપૂર્વક સ્વાગત કરી ત્રણેય તહેવારોની શુભેચ્છાઓ પાઠવી હતી. જગદીશભાઈ વશીએ ‘એ વતન મેરે વતન’ ગીત પર સુંદર વર્કઆઉટ કરાવ્યું હતું. ૮૦મા સ્વાતંત્ર્ય પર્વના માનમાં રાષ્ટ્રગીત ‘જન-ગણ-મન’, ‘વંદે માતરમ્’ અને કેનેડાનું રાષ્ટ્રગીત **‘OH CANADA’**નું સમૂહ ગાન કરાયું હતું.

હર્ષદભાઈ પટેલે સંસ્થાકીય માહિતી આપી આગામી વર્ષ માટે મેમ્બરશીપ રિન્યુઅલની જાહેરાત કરી હતી. દીપિકાબેન જેઠવાએ ‘વંદે માતરમ્’ ગીતનો ઈતિહાસ રજૂ કરતા જણાવ્યું કે, ૧૫૦ વર્ષ



પૂર્વે સ્વ. બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાયે તેની રચના કરી હતી અને સ્વ. રવીન્દ્રનાથ ટાગોરે તેને પ્રથમવાર સ્વમુખે ગાયું હતું. આ પ્રસંગે ઓગસ્ટ માસમાં આવતા સભ્યોના જન્મદિન તેમજ લગ્નસિંઘમની ઉજવણી કરાઈ હતી. અમીતાબેન પટેલ અને કલ્યાણીબેન પટેલ ગ્રુપે “દ્વારિકાનો નાથ મારો રાજા રણછોડ છે” ગીત પર નૃત્ય રજૂ કર્યું હતું. નાસ્તાના વિરામ દરમિયાન અર્ચનાબેન અને નિધીશભાઈ દલાલ દ્વારા પ્રાયોજિત ફાફડા-જલેબી અને ચા પીરસાયા હતા. આ વેળાએ સિટી કાઉન્સિલ ઈલેક્શનના ઉમેદવાર આઝાદ ગોહિલ અને ભાવેશભાઈ ભટ્ટે ઉપસ્થિત રહી વરિષ્ઠ નાગરિકોની સેવામાં તત્પર રહેવાની ખાતરી આપી હતી. ટી-બ્રેક બાદ મીનલબેન મિસ્ત્રીએ શિવભજન રજૂ કરી દ્વિતીય સત્રની શરૂઆત કરી હતી. પદમાબેન-

### નરસિંહ મહેતાના પ્રભાતિયાં પર આકર્ષક વસ્ત્રાલંકાર અને પ્રોપ્સ સાથે સમૂહ નૃત્ય

કલ્યાણીબેન એન્ડ ગ્રુપે નરસિંહ મહેતાના પ્રખ્યાત પ્રભાતિયાં “જળ કમળ છાંડી જાને બાળા” પર આકર્ષક વસ્ત્રાલંકાર અને પ્રોપ્સ સાથે સમૂહ નૃત્ય કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. દેવયાનીબેન એન્ડ ગ્રુપે સ્વાતંત્ર્ય દિન નિમિત્તે દેશપ્રેમસભર નાટિકા રજૂ કરી હતી. આશાબેન વશીએ “મહીડા વેચવા હાલી જસોદારાણી” ભજન ગાઈ ભાવાર્થ સમજાવ્યો હતો. અમીતાબેન અને કલ્યાણીબેને યશોદા અને કૃષ્ણના પાત્રમાં સંત સૂરદાસજીનું “મૈયા મોરી, મૈં નહીં માખન ખાયો” પદ રજૂ કર્યું હતું. ભાનુભાઈ મિસ્ત્રીએ ભાવવાહી કૃષ્ણ ભજન ગાયું હતું.

રક્ષાબંધન પર્વ નિમિત્તે રેણુકાબેન-અમિતાબેન એન્ડ ગ્રુપે લોકપ્રિય ગીતોના મેશઅપ પર બે ઉત્કૃષ્ટ કૃતિઓ રજૂ કરી હતી. શીલાબેન નેગાંધીએ કાર્યક્રમની સફળતા માટે તમામ સહયોગીઓનો આભાર માન્યો હતો. અંતમાં શ્રી બાલ-કૃષ્ણ અને દ્વારિકાનાથની મહાઆરતી કરવામાં આવી હતી, જેના મનોરથી મીનલબેન અને પ્રાણજીવનભાઈ મિસ્ત્રી રહ્યા હતા. ઉપસ્થિત સૌ સભ્યોએ લાડવા, પૂરી, દાળ-ભાત, મિક્સ શાક અને સુકી ભાજી સહિતના સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણી આગામી ૨૬ સપ્ટેમ્બરના રોજ ગણેશ ચતુર્થી થીમ પર મળવાના કોલ સાથે વિદાય લીધી હતી.

# ઓન્ટેરિયોમાં ૩માંથી ૧ બાળક ખોરાકની અછતથી પીડિત : બ્રેકફાસ્ટ ક્લબનો ચોંકાવનારો રિપોર્ટ

### ટોરોન્ટોમાં 2.5 લાખથી વધુ બાળકો માટે 863 નાસ્તા કાર્યક્રમો કાર્યરત : ગરીબી નિવારણ માટે સરકારી બાળ સહાય યોજનાઓમાં સુધારાની પ્રબળ માંગ



**ઓન્ટેરિયો**

શાળાઓ પુનઃ શરૂ થઈ રહી છે ત્યારે બાળકોના સમગ્ર દિવસની સકારાત્મક અને સ્વસ્થ શરૂઆત માટે પૌષ્ટિક ભોજન અત્યંત મહત્વપૂર્ણ બની રહે છે. ‘બ્રેકફાસ્ટ ક્લબ ઑફ કેનેડા’ના નવા ડેટા અનુસાર તમામ બાળકોને પૂરતું પોષણ મળી રહે તે માટે શાળાકીય ભોજન કાર્યક્રમોની જરૂરિયાતમાં સતત વધારો થઈ રહ્યો છે.

બ્રેકફાસ્ટ ક્લબ ઑફ કેનેડાના કાર્યક્રમ વડા રાયન બેકરે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, બાળકો દરરોજ શાળાએ આવે છે, પરંતુ ઘણીવાર તેમને દિવસ દરમિયાન અભ્યાસમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે જરૂરી પોષણ મળતું નથી. ઓન્ટેરિયોના દર ત્રણમાંથી એક બાળક ખોરાકની અસુરક્ષા ધરાવતા ઘરમાં રહે છે, જ્યારે સમગ્ર કેનેડામાં આશરે ૨૪ લાખ (૨.૪ મિલિયન) બાળકો આ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. એકલા ટોરોન્ટોમાં જ સંસ્થા ૨.૫ લાખથી વધુ બાળકો સુધી પહોંચતા ૮૬૩ નાસ્તા કાર્યક્રમોને સહયોગ આપી રહી છે.

ટોરોન્ટો શહેરના ગરીબી નિવારણ કાર્યાલયના નીતિ વિકાસ અધિકારી તારા ગેલોરોએ જણાવ્યું હતું કે, “સાર્વત્રિક પોષણ કાર્યક્રમો ખોરાક સુરક્ષાની સાથે વિદ્યાર્થીઓના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને મજબૂત બનાવે છે.” આ અંતર્ગત, આ પાનખર સત્રથી ટોરોન્ટોનો વિદ્યાર્થી પોષણ કાર્યક્રમ વધુ ૭૮ જાહેર શાળાઓમાં વિસ્તરણ પામશે, જે તેના સાર્વત્રિક સવારના ભોજન કાર્યક્રમનો અંતિમ તબક્કો છે.

બીજી તરફ, યુનિવર્સિટી ઓફ ટોરોન્ટોના પ્રોફેસર એમેરિટા વેલેરી તારાસુકના મતે આ માત્ર ભોજનનો જ પ્રશ્ન નથી, પરંતુ ઘરગથ્થુ આર્થિક મુશ્કેલીઓ તરફ પણ ઈશારો કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેનેડા ચાઈલ્ડ બેનિફિટ અને ઓન્ટેરિયો ચાઈલ્ડ બેનિફિટ જેવી સરકારી યોજનાઓમાં જરૂરી સુધારા કરીને જરૂરિયાતમંદ પરિવારો સુધી યોગ્ય નાણાકીય સહાય પહોંચાડવી જરૂરી છે.

# ટ્રિનિટી બેલવુડ્સ પાર્ક નજીક 74 નવા ભાડા-નિયંત્રિત મકાનોનું બાંધકામ શરૂ

### બિલ્ડ કેનેડા હોમ્સ પ્રોગ્રામ હેઠળ સસ્તા અને કુટુંબ-કદના આવાસ ઉપલબ્ધ કરાવાશે

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં ટ્રિનિટી બેલવુડ્સ પાર્ક નજીક આવેલી શહેરની માલિકીની જમીન પર નવા ભાડા-નિયંત્રિત આવાસ નિર્માણ માટે બાંધકામ કામગીરી પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. સોમવારે ટોરોન્ટોના મેયર ઓલિવિયા ચાઉએ સ્થળ પર ફેડરલ અધિકારીઓની ઉપસ્થિતિમાં આ સીમાચિહ્નરૂપ પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો હતો. આ યોજના થકી 74 નવા ઘરો તૈયાર થશે, જેમાંથી મોટાભાગના બે અથવા ત્રણ એકમો ધરાવતા હશે. આ પ્રસંગે મેયર ઓલિવિયા ચાઉએ જણાવ્યું હતું કે, “આજે અમે શહેરની માલિકીની જમીનને નવા ભાડાના આવાસમાં ફેરવી રહ્યા છીએ, જેમાં સસ્તા અને કુટુંબ-કદના ઘરોનો સમાવેશ થાય છે. બિલ્ડ કેનેડા હોમ્સ સાથે મળીને અમે ટોરોન્ટોની જરૂરિયાત મુજબના આવાસ બનાવી રહ્યા છીએ, જેથી અહીં કામ કરતા લોકો સરળતાથી રહી શકે. સૌના સહયોગથી અમે દરેક નાગરિક માટે વધુ સસ્તું અને સંભાળ રાખતું શહેર પહોંચાડી રહ્યા છીએ.” નોંધનીય છે કે, આ પ્રોજેક્ટનું સ્થળ અગાઉ શહેરની માલિકીનું એક પાર્કિંગ લોટ હતું. હાલ આ સમગ્ર કામગીરી ટોરોન્ટોના ક્રિએટટીઓ વિભાગ દ્વારા સંભાળવામાં આવી રહી છે,



### તમિલ ફેસ્ટિવલમાં રાજયોગ મેડિટેશનનો દિવ્ય સંદેશ

# પિકરિંગમાં ભારતનો સ્વાતંત્ર્ય પર્વ ઉજવાયો, મારખમમાં તમિલ ફેસ્ટ

## બ્રહ્મા કુમારીઝ દ્વારા નકારાત્મકતા અને વ્યસનોમાંથી મુક્તિનો માર્ગ દર્શાવાયો; તમિલ ફેસ્ટમાં અઢી લાખથી વધુ લોકોએ લીધી મુલાકાત







મારખમ : પિકરિંગ ખાતે ભારતના સ્વતંત્રતા દિવસની ઉજવણીઅને માર્ખમના તમિલ ફેસ્ટમાં બી.કે. સ્કારબરો ઈન્ડો કેનેડિયન કલ્ચરલ એસોસિએશન ઓફ ડરહામ દ્વારા ૨૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પિકરિંગના એસ્પ્લેનેડ પાર્ક ખાતે બપોરે ૧૨ થી ૩ વાગ્યા સુધી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. પિકરિંગ શહેરના પ્રાદેશિક કાઉન્સિલર અને ડેપ્યુટી મેયર તેમજ શહેરના કાઉન્સિલરોએ સાથે મળીને લોકતંત્રમાં ભારત અને કેનેડાના ઈન્ડો કેનેડિયન સમુદાયની ભૂમિકાની પ્રશંસા કરી ભારતીય ધ્વજ ફરકાવ્યો હતો.

સ્કારબોરોના બ્રહ્મા કુમારી દ્વારા ચિત્રોની રજૂઆત સાથે કાર્યક્રમમાં ભાગ લેવાયો હતો. રાજયોગ મેડિટેશનની મદદથી નકારાત્મકતા, વ્યર્થ વિચારો, ખરાબ ટેવો, વ્યસનોથી માનવીની વાસ્તવિક સ્વતંત્રતાને ભારત દેશની સ્વતંત્રતા સાથે સમજાવવા પ્રયાસ કરાયો હતો. એસોસિએશનના અધ્યક્ષે સ્વરાજ્ય અધિકાર પ્રાપ્ત કરવા માટે રાજયોગના નિયમિત અભ્યાસ બદલ બ્રહ્મા કુમારીની પ્રશંસા કરી હતી. અંતે, એસોસિએશનના અધ્યક્ષે શહેરના અધિકારીઓ, સંગઠનો, કાર્યક્રમના સહભાગીઓ અને સ્વયંસેવકોનો



સમર્થન બદલ આભાર માન્યો હતો.

કેનેડિયન તમિલ કોંગ્રેસે ૨૨ અને ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ મારખમ અવિવા વે અને રોયલ ક્રેસ્ટ કોર્ટ" વચ્ચેના "બર્ચમાઉન્ટ રોડ" ઉપર તમિલ ફેસ્ટનું આયોજન કર્યું હતું. તમિલ ફેસ્ટ ટોરોન્ટો તેમજ આસપાસના વિસ્તારોના લોકો અને કેનેડિયનો વચ્ચે સાંસ્કૃતિક ભોજન, કલાત્મક પ્રતિભા અને પરંપરાગત પ્રવૃત્તિઓના સંપર્ક દ્વારા સમૃદ્ધ તમિલ સંસ્કૃતિને શેર કરીને વિવિધતાને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

આયોજકો દ્વારા ચિત્રોમાં બતાવ્યા પ્રમાણે બ્રહ્મા કુમારીને એક બૂથ ફાળવવામાં આવ્યું હતું, જ્યાં સ્વયંસેવકોએ કાર્યક્રમના સહભાગીઓને રાજયોગ મેડિટેશન બાબતે સમજાવ્યું હતું. બંને કાર્યક્રમોમાં, રસ ધરાવતા સહભાગીઓને ફ્લાયર્સ આપવામાં આવ્યા હતા. જેમાં રાજયોગના ફાયદા, વેબસાઈટ, સંપર્ક, વિગતો અને પુસ્તકોનો સમાવેશ થતો હતો.

તમિલ ફેસ્ટના પ્રારંભ સમયે, માર્ખમ શહેરના મેયર, સંસદ સભ્યો, તમિલ કેનેડિયન કોંગ્રેસના અધિકારીઓએ અસંખ્ય કાઉન્સિલરો, મહાનુભાવો અને સમુદાયના નેતાઓએ સભાને સંબોધિત કરી હતી. તમિલ ફેસ્ટની ૨,૫૦,૦૦૦થી વધુ લોકોએ મુલાકાત કરી હતી. સાથે જ ૧૦૦થી વધુ વિક્રેતાઓ અને ૫૦થી વધુ કલાકારોએ ભાગ લીધો હતો. આ તકે કાર્યક્રમને સફળ બનાવવા ૩૦૦થી વધુ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

# હું ડોનાલ્ડ ટ્રમ્પ જેવા સરમુખત્યારને જવાબ આપતો નથી : ફોર્ડનો પ્રહાર

## ટ્રમ્પની 'ટ્રુથ સોશિયલ' પર ટિપ્પણી બાદ ફોર્ડનો પલટવાર

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડે સોમવારે યોજાયેલી એક ઉગ્ર પ્રેસ કોન્ફરન્સ દરમિયાન યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે સીધો પ્રહાર કરતા શાબ્દિક યુદ્ધ શરૂ કર્યું હતુ. અને તેમને "હારેલા" ગણાવ્યા હતા. ફોર્ડની પત્રકાર પરિષદ શરૂ થાય તે પહેલાં જ ટ્રમ્પે તેમના 'ટ્રુથ સોશિયલ' પ્લેટફોર્મ પર એક સંદેશ પોસ્ટ કરીને ફોર્ડને ભૂતપૂર્વ મેયર રોબ ફોર્ડના "અપ્રભાવશાળી ભાઈ" કહ્યા હતા. ટ્રમ્પે બપોરે ૨ વાગ્યે પોસ્ટ કરતાં લખ્યું હતું કે, "કેનેડિયન પ્રાંત ઓન્ટેરિયોના પ્રીમિયર, પરંતુ સ્વર્ગસ્થ, મહાન, રોબ ફોર્ડના ઓછા પ્રભાવશાળી, બુદ્ધિશાળી અને એકંદરે અપ્રભાવશાળી ભાઈ તરીકે જાણીતા ડગ ફોર્ડ તરફથી ઘણા બધા 'બ્લસ્ટર' આવી રહ્યા છે." હેમિલ્ટનમાં મીડિયાને સંબોધતા ફોર્ડે રાષ્ટ્રપતિ ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને સંકેત આપ્યો હતો કે જો શક્ય બનશે તો તેઓ મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન રાષ્ટ્રપતિ સામે ઝુંબેશ પણ ચલાવશે. ફોર્ડે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, "હું રાષ્ટ્રપતિ ટ્રમ્પ જેવા સરમુખત્યારને જવાબ આપતો નથી. હું નાદારીના રાજા એવા વ્યક્તિની કોઈ સલાહ લેવાનો નથી."






તંત્રી સ્થાનેથી

# ટ્રમ્પને ટ્રેડ વોરનું ઘેલું : કેનેડા અને યુએસના હિતો જોખમાશે

ઈરાન સામે આકરા બનેલા ડોનાલ્ડ ટ્રમ્પે હવે દુનિયાના અન્ય દેશો સામે ટેરિફનું શસ્ત્ર ફરી ઉગામવાની ચીમકી આપી છે. આ વખતે ટ્રમ્પ કેનેડાને પણ સકંજામાં લેવા માંગતા હોય તેમ કેનેડાથી આયાત થતાં આશરે ૨૦ અબજ ડોલરના માલ પર ૫૦ ટકા આયાત ડ્યુટી લાદવાનો નિર્ણય કર્યો છે. તેથી અમેરિકામાં ઘણી ચીજવસ્તુઓના ભાવોમાં વધારો થવાની ધારણા છે.


તંત્રી - સ્વદેશ

આવી સ્થિતિમાં અમેરિકન ગ્રાહકોને કાગળનો માલ, દારૂ અને ડેરી ઉત્પાદનો માટે વધુ કિંમત ચૂકવવી પડી શકે છે.

હવે જો કેનેડા પણ અમેરિકાના માલ પર વળતો ટેરિફ લાદે તો બંને દેશો વચ્ચેનું વેપાર યુદ્ધ વધુ તીવ્ર બની શકે છે. અમેરિકામાં વાઈન અને બીયર સહિત અનેક ઉત્પાદનોનો આયાત થતો હિસ્સા કેનેડાથી આવે છે. 2025માં અમેરિકાએ કેનેડાથી ૧.૫ અબજ ડોલરનો દારૂ ખરીદ્યો હતો. કેનેડા તેનો લગભગ ૭૦ ટકા માલ અમેરિકાને વેચે છે. મેઈન, મિશિગન અને વિસ્કોન્સિન સહિત ૨૬ અમેરિકન રાજ્યો કેનેડા માટે સૌથી મોટા ગ્રાહકો છે અને તે ૫૦ અમેરિકન રાજ્યોમાંથી ૪૫માં ટોચના ત્રણ ગ્રાહકોમાંનો એક છે. કેનેડા અમેરિકાને કુદરતી ગેસ અને વીજળીની મોટા ભાગની આયાત અને લગભગ ૬૦ ટકા ક્રુડ ઓઈલ પૂરું પાડે છે. કેનેડામાં લિથિયમ, નિકલ અને ગ્રેફાઈટ જેવાં મહત્ત્વપૂર્ણ ખનિજોનો ભંડાર છે. એટલે કેનેડામાંથી નિકાસ થતી ખનિજનો મોટો હિસ્સો અમેરિકામાં જ જાય છે. આવા સંજોગોમાં કેનેડા ખનીજને ધ્યાને રાખીને કોઈ ચોકકસ નીતિ અપનાવે તો અમેરિકામાં આર્થિક સંકટ ઉભુ થઈ શકે છે.

હાલમાં જ વોશિંગ્ટન અને ઓટાવા વચ્ચેની વાટાઘાટો તૂટી ગયા બાદ કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નેએ કહ્યું કે તેઓ ખરાબ વેપાર કરારને કારણે વાટાઘાટોમાંથી ખસી રહ્યા છે. તેમણે અમેરિકા પર બદલો લેવાના ટેરિફ લાદવાની ધમકી આપી હતી. કાર્નેએ દાવો કર્યો હતો કે અમેરિકા દ્વારા લાદવામાં આવેલી નવી શરતો આર્થિક રીતે ફાયદાકારક અને ન્યાયી નથી. તેનાથી કેનેડાને થતાં એકંદર ફાયદાઓને નુકસાન થશે.

જાણકારો કહે છે કે, કેનેડાથી આવતાં ઘણાં ડેરી ઉત્પાદનો, જેમ કે દૂધ, ચીઝ, માખણ અને છાશ પર ટેરિફ લદાશે. 2025માં વર્ષે અમેરિકાએ કેનેડા પાસેથી આશરે ૭૮ કરોડ ડોલરના મૂલ્યનાં ડેરી ઉત્પાદનો ખરીદ્યાં હતાં. બંને દેશો વચ્ચે કાર, દારૂ અને ડેરી ઉત્પાદનો પર લાંબા સમયથી વેપાર વિવાદ ચાલી રહ્યો છે. આવા સંજોગોમાં અમેરિકન કંપનીઓ પાસે ફક્ત ત્રણ વિકલ્પો છે. પહેલો તેઓ કેનેડાથી માલની આયાત બંધ કરી શકે છે, હાલનો સ્ટોક ખતમ થાય ત્યાં સુધી રાહ જોઈ શકે છે અથવા બીજુ વધેલા ટેરિફનો ખર્ચ પોતે સહન કરી શકે છે. અને ત્રીજો વિકલ્પ કંપનીઓ અન્ય દેશોમાંથી માલ મેળવવાનું પણ પસંદ કરી શકે છે, પરંતુ આનાથી ખર્ચ વધી શકે છે. ટ્રમ્પે સોમવારે જાહેરાત કરી હતી કે, કેનેડાથી આયાત થતી કાર, ટ્રક, ઓટોમોબાઈલ ભાગો અને સ્ટીલ પર જાન્યુઆરી ૨૦૨૭થી ટેરિફ વધારીને ૫૦ ટકા કરવામાં આવશે.

ટ્રમ્પે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશ્યલ પર કેનેડા પર અમેરિકન ખેડૂતો અને કૃષિ ઉત્પાદનો પર ઊંચા ટેરીફ લાદવાનો આરોપ લગાવ્યો હતો. જેની સામે કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નેએ અમેરિકાના પ્રસ્તાવને અન્યાયી અને આર્થિક રીતે નુકસાનકારક ગણાવીને તેમના વાટાઘાટકારોને પાછા ખેંચી લીધા છે.

કાર્નેએ જણાવ્યું હતું કે કેનેડા નવા ટેરિફનો ડોલર-બાય-ડોલર જવાબ આપશે. કેનેડાના વળતાં પગલાં ૮ સપ્ટેમ્બરથી અમલમાં આવવાની અપેક્ષા છે. કેનેડાનાં પગલાં અમેરિકાના સ્ટીલ, ડેરી ઉત્પાદનો, ઘરગથ્થુ ઉપકરણો, કૃષિ સાધનો, પલ્પ અને કાગળ અને ઈલેક્ટ્રોનિક્સ સહિત વ્યવસાયોને માઠી અસર થઈ શકે તેમ છે. કેનેડાના ઓટો મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગના ઘર ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડે જણાવ્યું હતું કે ઊર્જા સરચાર્જ દરખાસ્ત વિચારણા હેઠળ છે.

તેમણે અમેરિકામાં થતી તમામ વીજળીની નિકાસ પર ૨૫ ટકા સરચાર્જ લાદવાનો પ્રસ્તાવ મૂક્યો, જેનો તેમની સરકારે અંદાજ લગાવ્યો હતો કે તેનાથી મિશિગન, મિનેસોટા અને ન્યુ યોર્કમાં ૧૫ લાખ ઘરો અને વ્યવસાયોને અસર થશે. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ૧ જાન્યુઆરી પછી કેનેડાથી આવતી કાર અને ઓટો પાર્ટ્સ પર ટેરિફ ૫૦ ટકા વધારવાની તાજેતરની ધમકી અમેરિકન કામદારોને પણ ભારે નુકસાન પહોંચાડી શકે છે.

જો કે, કેનેડાનાં નાગરિકો દ્વારા અગાઉથી જ અમેરિકાની મુસાફરી પણ ઘટાડાઈ છે. ગયા વર્ષે અમેરિકાને આશરે ૨.૩૫ અબજ ડોલરનું નુકસાન થયું હતું. નાણાંકીય વિશ્લેષકોનો અંદાજ છે કે તાજેતરમાં આશરે ૨૦ અબજ ડોલરના મૂલ્યની કેનેડિયન આયાત પર લાદવામાં આવેલો ૫૦ ટકા ટેરિફ ટૂંકા ગાળામાં કેનેડાના GDPમાં ૦.૩ થી ૦.૬ ટકાનો ઘટાડો કરી શકે છે. તેમ છતાં કેનેડાના મોટા ભાગનાં લોકો ટ્રમ્પ વહીવટીતંત્ર સામે કડક વલણ અપનાવવાના કેનેડાની સરકારના નિર્ણયને વ્યાપકપણે સમર્થન આપી રહ્યા છે. અન્ય કેનેડિયન રાજકારણીઓએ પણ આ બાબતમાં એક સંપ છે.

હકીકતમાં ટ્રમ્પ ભલે ટેરિફને નામે ખોંખારો ખાતા હોય. પરંતુ તેની આર્થિક સ્થિતિ ડામાડોળ છે, અમેરિકાનું દેવું આજે 40 ટ્રિલિયન ડોલરને પાર થઈ ગયું છે. જાન્યુઆરી 2017માં ડોનાલ્ડ ટ્રમ્પે પ્રથમ વખત અમેરિકાના પ્રમુખ તરીકે શપથ લીધા ત્યારે આ દેવું 19.95 ટ્રિલિયન ડોલર હતું. એટલે કે દસ વર્ષ કરતાં પણ ઓછા સમયમાં અમેરિકાના દેવામાં 20 ટ્રિલિયન ડોલરથી વધુનો વધારો થયો છે. દેવું વધવાની ઝડપે પણ અમેરિકાની ચિંતા વધારી રહી છે. માત્ર પાંચ મહિના પહેલાં માર્ચમાં અમેરિકાનું દેવું 39 ટ્રિલિયન ડોલરને પાર થયું હતું, તે પહેલાં ઓક્ટોબરમાં 38 ટ્રિલિયન ડોલરનો આંકડો વટાવ્યો હતો. એટલે માત્ર દસ મહિનામાં અમેરિકાએ વધારાના બે ટ્રિલિયન ડોલરનું દેવું ઊભું કર્યું છે. કોરોના મહામારી દરમિયાન ટ્રમ્પ અને બાઈડન બંનેના શાસનમાં અર્થતંત્રને બચાવવા માટે મોટા પાયે સરકારી ખર્ચ અને ઉધારી કરવામાં આવી હતી, જોકે કોરોના પછી પણ ખર્ચ અને આવક વચ્ચેનું અંતર ઘટ્યું નથી. અમેરિકન સરકાર હાલમાં વર્ષમાં લગભગ 1.1 ટ્રિલિયન ડોલર માત્ર દેવાના વ્યાજ પાછળ ખર્ચી રહી છે. નાણાકીય વર્ષ 2026ના પ્રથમ દસ મહિનામાં વ્યાજ પાછળનો ખર્ચ મેડિકેરના ખર્ચ કરતાં પણ વધી ગયો અને સોશિયલ સિક્યોરિટી પછી અમેરિકન સરકારના બજેટનો બીજો સૌથી મોટો ખર્ચ બની ગયો છે. આવા સંજોગોમાં કેનેડા સાથે ટેરિફની રમત અમેરિકાને પણ ભારે પડે તમ છે.

મનોજ ગાંધી (signature)

manoj1968@yahoo. ca






# ભાયલી દુષ્કર્મ કેસમાં 5 આરોપી દોષિત : 31મીએ ચુકાદાની શક્યતા

## નવરાત્રિમાં સગીરા સાથે દુષ્કર્મ બાદ ફોન લૂંટી ફરાર થઇ ગયેલા આરોપીઓને ટેકનિકલ સર્વેલન્સ અને CCTVની મદદથી ઝડપી લેવાયા હતા

**ભાયલી**

રાજ્યભરમાં ચકચાર જગાવનારા ભાયલી સામૂહિક દુષ્કર્મ કેસમાં તમામ પાંચ આરોપીઓને કોર્ટ અગાઉ સામૂહિક દુષ્કર્મના ગુનામાં દોષિત ઠેરવી ચૂકી છે. આરોપીઓને કેટલી સજા કરવી તે અંગે આજે, 25 ઓગસ્ટે, કોર્ટમાં બંને પક્ષની દલીલો સાંભળવામાં આવી હતી. સરકારી પક્ષે કેસની ગંભીરતાને ધ્યાને લઈ આરોપીઓને જીવે ત્યાં સુધીના અંતિમ શ્વાસ સુધીની સજા ફટકારવાની માગ કરી છે.

સરકારી પક્ષે દલીલ કરી હતી કે તપાસ એજન્સી દ્વારા કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં આવ્યો છે અને ગુનાની ગંભીરતા તથા ઘટનાની




પરિસ્થિતિને ધ્યાનમાં લઈને આરોપીઓને કડકમાં કડક સજા થવી જોઈએ. સજા અંગેની દલીલો પૂર્ણ થઈ ગઈ છે. હવે કોર્ટ દ્વારા 31 ઓગસ્ટે વધુ સુનાવણી હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે અને ત્યારબાદ સજા અંગેનો ચુકાદો જાહેર થવાની શક્યતા છે.

ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા કેસમાં મુખ્ય સરકારી વકીલ તરીકે અનિલ દેસાઈ ઉપરાંત સ્પેશ્યલ સરકારી વકીલ તરીકે શૈલેષ પટેલ તથા સુરતના ડીજીપીની પણ નિમણૂક કરવામાં આવી હતી. હવે સજા અંગેની દલીલો પૂર્ણ થયા બાદ 31 ઓગસ્ટની સુનાવણી પર સમગ્ર રાજ્યની નજર રહેશે.

આ ચકચારી ઘટના 4 ઓક્ટોબર 2024ના રોજ નવરાત્રીના બીજા નોરતે રાત્રિના સમયે ભાયલી વિસ્તારમાં બની હતી. 16 વર્ષીય સગીરા તેના મિત્ર સાથે ભાયલી-બીલ ટીપી રોડ પર આવેલી અવાવરું જગ્યાએ બેઠી હતી. દરમિયાન બે મોટરસાઇકલ પર પાંચ આરોપીઓ ત્યાં પહોંચ્યા હતા. આરોપીઓએ સગીરાના મિત્રને બંધક બનાવી તેની સાથે મારપીટ કરી હતી. ત્યારબાદ ત્રણ આરોપીઓએ સગીરા પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. આરોપીઓએ સગીરાના મિત્રની હાજરીમાં જ આ કૃત્ય આચર્યું હતું. બાદમાં સગીરાના મિત્રનો ઘટના બાદ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને CCTV ફૂટેજના આધારે આરોપીઓ સુધી પહોંચવા તપાસ હાથ ધરી હતી. તપાસના આધારે મુખ્ય આરોપી મુમતાઝ ઉર્ફે આફતાબ સુબેદાર બનજારા, મુન્ના અબ્બાસ બનજારા અને શાહરૂખ કિસ્મતઅલી બનજારા ઉપરાંત મદદગારી કરનાર સૈફઅલી બનજારા અને અજમલ બનજારાની ધરપકડ કરવામાં આવી હતી.

# ગાંધીનગર સિવિલમાં સ્વાઇન ફ્લૂના 2 દર્દી નોંધાતા આરોગ્ય તંત્ર એલર્ટ

## એક યુવક, એક મહિલાનો રિપોર્ટ સ્વાઇન ફ્લૂ પોઝિટિવ

**ગાંધીનગર**

ગાંધીનગરની સિવિલ હૉસ્પિટલમાં સ્વાન ફ્લૂ (H1N1)ના 2 કેસ સામે આવતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. સિવિલમાં અત્યારે 33 વર્ષીય વર્ષીય યુવક અને એક 27 વર્ષની સગર્ભા મહિલા સારવાર હેઠળ છે. સ્વાઇન ફ્લૂ આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. રાજ્યમાં સીઝનલ ફ્લૂ સામેની આગોતરી સજ્જતા અને રોગચાળાના નિયંત્રણની સમીક્ષા માટે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્ત્વની સમીક્ષા બેઠક યોજાઈ હતી. પ્રથમ કેસમાં 33 વર્ષીય યુવક છેલ્લા ચાર દિવસથી ઠંડી સાથે તીવ્ર તાવ, શરદી-ઉધરસ અને માથાના અસહ્ય દુખાવાની તકલીફ સાથે સિવિલ હૉસ્પિટલ પહોંચ્યો હતો. તબીબી તપાસ અને લેબોરેટરી રિપોર્ટમાં તેનો એચ વન એન વન રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. દર્દીની હિસ્ટ્રી તપાસતાં તે તાજેતરમાં અજમેરની મુલાકાતેથી પરત ફર્યો હોવાનું ખુલ્યું છે. રાહતની વાત એ છે કે તેના પરિવારના અન્ય કોઈ સભ્યમાં હજુ સુધી આ લક્ષણો જોવા મળ્યા નથી.

# ગામમાં દારૂ વેચાણ અંગેની પોસ્ટ મુકવા મામલે ડભોઈમાં ભાજપના જ બે જૂથ વચ્ચે મારામારી

## ભીલાપુર ગામે થયેલી હિંસક અથડામણમાં બેને ગંભીર ઈજા થતા હોસ્પિટલમાં ખસેડાયા

**વડોદરા**

વડોદરાના ડભોઈ તાલુકાના ભીલાપુર ગામે ફેસબુક પોસ્ટ જેવા મુદ્દે ભાજપના બે જૂથ વચ્ચે જાહેરમાં લોહિયાળ મારામારી થઈ હતી. ગામમાં દારૂ વેચાય છે તેવી સોશિયલ મીડિયા પોસ્ટ મુદ્દે બંને જૂથના કાર્યકરો મુખ્ય માર્ગ પર સામસામે આવી ગયા હતા. અથડામણમાં બે વ્યક્તિને ઈજા થતા હોસ્પિટલ ખસેડવા પડ્યા હતા.

તપાસમાં સામે આવ્યું કે માત્ર પોસ્ટ જ નહીં પરંતુ જિલ્લા પંચાયત ચૂંટણીનું



જૂનું મનદુઃખ પણ જવાબદાર છે. ચૂંટણી બાદ ભાજપમાં બે જૂથ પડી ગયા હતા. તાજેતરમાં ભીલાપુરની રેશન દુકાનનું લાયસન્સ સસ્પેન્ડ થતા અંતર વધ્યું હતું અને બંને જૂથો એકબીજા પર આરોપ લગાવતા હતા. બંને જૂથો વચ્ચે લાંબા સમયથી તણાવ ચાલતો હતો. એક જૂથના કાર્યકરે ગામમાં દારૂ મળે છે તેવી ફેસબુક પોસ્ટ મૂકતા મામલો વણસ્યો હતો. બોલાચાલી બાદ થયેલી મારામારીનો વીડિયો વાયરલ થયો છે. અથડામણમાં પરેશ પટેલ અને કિરણ પટેલને માથામાં ગંભીર ઈજા થતા ડભોઈ સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘટનાની જાણ થતા ડભોઈ પોલીસ ટીમ સ્થળે અને હોસ્પિટલે દોડી ગઈ હતી અને પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી, જોકે આ અંગે કોઈ ફરિયાદ નોંધાઈ નથી.

# ધાનેરામાં બળજબરીથી ધર્માન્તરણ અને દુષ્કર્મ મામલે હિન્દુ મહિલા દ્વારા 3 ભાઈ સામે ફરિયાદ

## પીડિતાને નશાયુક્ત પીણું પીવડાવી નિકાહ પઢાવ્યા, નવજાત સાથે ઘરમાંથી કાઢી મૂકી

**બનાસકાંઠા**

બનાસકાંઠાના ધાનેરામાં 30 વર્ષીય હિન્દુ મહિલા પર વારંવાર દુષ્કર્મ ગુજારી બળજબરીથી ધર્માન્તરણ કરાવવામાં આવતા ચકચાર મચી છે. ધાનેરા પોલીસે 20 ઓગસ્ટના રોજ અખ્તર રાજબશાહ ફકીર, તેના ભાઈઓ આરિફ અને ઇલિયાસ તથા કાકા સલીમશાહ જુમાશાહ ફકીર વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. હાલ પોલીસ આ મામલે ઝીણવટભરી તપાસ ચલાવી રહી છે. પતિથી અલગ રહેતી મહિલાને અખ્તરે તાંત્રિકના બહાને ફસાવી હતી. અગાઉ એપ્રિલમાં મહિલાએ જાતીય શોષણની ફરિયાદ નોંધાવતા અખ્તર સહિત ત્રણની ધરપકડ થઈ હતી. ફરાર આરોપીઓ આરીફ અને ઇલિયાસે ધમકી આપી હાઈકોર્ટમાં સમાધાન અંગે સોગંદનામું કરવા ભારે દબાણ કર્યું હતું.

16 જૂને આરોપીઓ જેલમાંથી છૂટ્યા બાદ મહિલા અને અખ્તર પેંગિયા ગામે રહેવા ગયા હતા. મહિલા ગર્ભવતી હોવા છતાં અખ્તર તેને માર મારતો હતો. અન્ય આરોપીઓ શોષણ કરી ઈસ્લામ સ્વીકારવા દબાણ કરતા હતા. મૌલવીને બોલાવી નશાયુક્ત પીણું પીવડાવી નિકાહ પઢાવી મહિલાનું નામ ફીઝા રખાયું હતું. આરોપીઓ દ્વારા મહિલાની દીકરીઓના ધર્માન્તરણ માટે પણ સતત દબાણ કરવામાં આવતું હતું. બાળકને જન્મ આપ્યા બાદ પીડિતાને નવજાત સાથે ઘરમાંથી કાઢી મૂકવામાં આવતા તેણે 181 હેલ્પલાઈનની મદદ લીધી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને ગુજરાત ધર્મ સ્વતંત્રતા અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો છે.

# સાબરકાંઠાના ખેરોજ નજીક સાબરમતી નદીમાં નહાવા પડેલા બે યુવકો ડૂબ્યા

## ઊંડા પાણીમાં ગરકાવ થયેલા બંનેના મૃતદેહ બહાર કઢાયા

**ખેડબ્રહ્મા**

ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ નજીક સાબરમતી નદીમાં નહાવા પડેલા બે યુવકોના ડૂબી જવાથી મોત નીપજ્યા છે. આ ઘટના સોમવારે (24મી ઓગસ્ટ) સાંજે બની હતી. સ્થાનિક વહીવટી તંત્ર અને ફાયર વિભાગ દ્વારા હાથ ધરાયેલી શોધખોળ બાદ મંગળવારે બંને યુવકોના મૃતદેહ નદીમાંથી મળી આવ્યા હતા. મળતી માહિતી અનુસાર, સોમવારે સાંજે ઉબોરા ગામના 24 વર્ષીય દિનેશ પરમાર અને 25 વર્ષીય રાહુલ પરમાર ખેરોજ નજીક આવેલી સાબરમતી નદીમાં નહાવા પડ્યા હતા. આ દરમિયાન બંને ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. બનાવ અંગે સ્થાનિક લોકોએ જાણ કરતા તાલુકા વહીવટી તંત્ર અને ખેડબ્રહ્મા નગરપાલિકાની ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને શોધખોળ શરૂ કરી હતી. મંગળવારે સવારે બંનેના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. ખેરોજ પોલીસે મૃતદેહોનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# હિંમતનગરમાં સ્વામિનારાયણ મંદિરમાં 900 ચાંદીના રાણી સિક્કાનો હિંડોળો ભક્તોમાં આકર્ષણરૂપ બન્યો

**હિંમતનગર**

મારુતિનગર પાસે આવેલા નરનારાયણ ગાદીતાબાના શ્રી સ્વામી નારાયણ મંદિર ખાતે બુધવારે એક ભક્તે પોતાની પાસેના ચાંદીના રાણી સિક્કાથી હિંડોળો બનાવ્યો હતો. મંદિરના મહંત દ્વારા આરતી બાદ હિંડોળો ખુલ્લો મુક્યો હતો અને પછી હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. મંદિરના મહંત સદગુણદાસજીએ જણાવ્યું હતું કે મારે ભગવાન સાથે લાડ લડાવવા છે, જેને લઈને ભવ્ય હિંડોળો બનાવ્યો છે. જેની અંદર 900 સિક્કાઓનો ઉપયોગ કર્યો છે. સૌ ધર્મ પ્રેમી જાહેર જનતાએ ભક્તોએ હિંડોળા દર્શન કરવા માટે આવવા સ્વામીજીએ આવેદન કર્યું હતું.



# શામળાજીમાં ઘરકામ બાબતે થયેલા ઝઘડામાં વાત વણસતા પત્નીની કુહાડી મારી ક્રુર હત્યા

## પોલીસે હત્યા કરનાર આરોપી પતિ પ્રભુદાસ ગામેતીને ઝડપી પાડ્યો

**શામળાજી**

શામળાજી પોલીસ સ્ટેશનની હદમાં આવેલા શામળાપુરમાં ઘરકંકાસના પગલે એક હૃદયદ્રાવક ઘટના બની છે. શુક્રવારે બપોરે ઘરકામ બાબતે પતિ અને પત્ની વચ્ચે ભારે ઝઘડો થયો હતો. આ દરમિયાન ઉશ્કેરાયેલા પતિ પ્રભુદાસ ગામેતીએ પોતાની પત્ની કૈલાશબેનના માથા પર કુહાડીથી હુમલો કરી દીધો હતો. જેના કારણે પત્ની લોહીથી લથપથ થઈને જમીન પર ઢળી પડી હતી. કૈલાશબેનની ચીસો સાંભળીને નજીકમાં રહેતા પાડોશીઓ નીલમબેન અને વિનીતાબેન ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જોકે આરોપીનો ભયાનક ગુસ્સો જોઈને આ બંને મહિલાઓ પણ ગભરાઈ ગઈ હતી. હત્યા કર્યા બાદ આરોપી પતિ લાશ પાસે જ બેસી રહ્યો હતો. અન્ય સ્થાનિક લોકો ત્યાં એકઠા થવા લાગતા આરોપી ત્યાંથી ભાગી ગયો હતો. મૃતકનો પુત્ર દીપક ગામના કાલિકા માતાજી મંદિરમાં બાંધકામમાં મજૂરી કરવા ગયો હતો. ત્યારે સંબંધી સંજયભાઈએ તેને તાત્કાલિક ઘરે બોલાવ્યો હતો. ઘરે આવેલા પુત્રને પિતાએ કહ્યું હતું કે માં બોલતી નથી કદાચ મરી ગઈ છે. આખરે પુત્ર દીપકની ફરિયાદના આધારે પોલીસે તરત હત્યાનો ગુનો નોંધીને આરોપી પ્રભુદાસની ધરપકડ કરી લીધી છે.

માતા-પિતા બસમાં ધાર્મિક પ્રવાસ માટે ગયા અને ઘરમાં લૂંટ વિથ મર્ડરની ઘટના : ગુનેગારોને શોધવા પોલીસની દોડધામ

# માંડવીમાં યુવતીની ઘાતકી હત્યા કરી અઢી લાખથી વધુની લૂંટ

લાશને ધાબા પર સંતાડી દેવાઈ, રાત્રે ત્રાટકેલા અજાણ્યા શખ્સોએ યુવતીના માથે પ્લાસ્ટિકની થેલી પહેરાવી વાયરથી ગળે ટૂંપો દીધો

**માંડવી**

માંડવી તાલુકાના ગોદાવાડી ગામે ટેકરા ફળિયામાં નિધિકુમારી તેનાં માતા-પિતા સાથે રહેતી હતી. ગત ૨૧મી ઓગસ્ટના રોજ તેનાં માતા-પિતા ફળિયામાંથી ઉપડેલી બસમાં ધાર્મિક પ્રવાસે ગયા હતા. ૨૩મીની રાત્રે તે ઘરમાં એકલી જ હતી. ત્યારબાદ ૨૪મીએ મળસકે ૩:૩૦ વાગ્યે આસપાસ માતા-પિતા પ્રવાસમાંથી પરત ફર્યા ત્યારે ઘરનો આગળનો દરવાજો અંદરથી બંધ હતો. તેથી તેમણે દરવાજો ખોલવા બૂમ પાડી હતી. છતાં પુત્રીએ દરવાજો ન ખોલતા અને ફોન પણ



ન લાગતા તેઓ પાછળના ભાગે ગયા હતા. જ્યાં ઘરનો પાછળનો દરવાજો ખુલ્લો હતો. તેથી માતા-પિતાએ અંદર જઈને તપાસ કરતા તમામ સામાન વેરવિખેર હતો અને કબાટ પણ ખુલ્લા હતા. ઘરમાં પુત્રી ન દેખાતા પરિવારે શોધખોળ કરી હતી.

આ સમયે ઘરમાં ઉપરના માળ પર સંતાડાયેલો વહાલસોયી દીકરીનો મૃતદેહ મળી આવતા પરિજનોના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. ઘટના અંગે નિધિના પિતા વાસુદેવ ઉર્ફે નટુભાઈ રણછોડભાઈ કોળી પટેલે માંડવી પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદ અનુસાર લૂંટારાઓએ ૨૫ વર્ષીય નિધિકુમારીના માથા પર પ્લાસ્ટિકની થેલી પહેરાવી દીધી હતી અને તેના ગળાના ભાગે ચાર્જિંગ કેબલનો વાયર બાંધી દીધો હતો. આ ઉપરાંત કાળા કલરની પટ્ટીથી યુવતીના બંને હાથ બાંધી દઈ તેની હત્યા કરી લાશને ઘરના ધાબા પર દાદરના કેબિનના પાછળના ભાગે સંતાડી દીધી હતી. હત્યા કર્યા બાદ આરોપીઓએ કબાટ ખોલીને અંદર મૂકેલા ઘરેણાં અને રોકડની લૂંટ ચલાવી હતી. આમ, કુલ ૨ લાખ ૫૨ હજાર રૂપિયાની મતાની લૂંટ ચલાવી અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા હતા.

આ ઘટનાને પગલે સમગ્ર જિલ્લામા ચકચાર મચી ગઈ છે. ઉપરાંત ઘટના બાદ ફરાર આરોપીને શોધવા જિલ્લા પોલીસની 12 ટુકડીઓ કામે લાગી ગઈ છે.

## સરથાણામાં પ્રિસ્ક્રિપ્શન વિના ઓનલાઈન ચાલતું દવાઓ વેચવાનું કૌભાંડ ઝડપાયું

**સુરત**

સુરતના સરથાણા વિસ્તારમાં આવેલી ગોકુલમ આર્કેડની દુકાન નંબર 110માં પોલીસે દરોડો પાડીને ઓનલાઈન નશાકારક દવાઓના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે પ્રિસ્ક્રિપ્શન વગર શિડ્યુલ H1 દવાઓ વેચતા નિકુંજ ગજેરા નામના શખસની તાત્કાલિક અટકાયત કરી છે.

દરોડામાં દુકાનમાંથી સિલ્ડેનાફિલ, ટાપેન્ટાડોલ અને ઓપિઓઈડ જેવી ગંભીર અસર કરતી નશાકારક ટેબ્લેટ્સના 200થી વધુ પેકેટ્સ અને 3 લેપટોપ જપ્ત કરાયા છે. આરોપીએ તાજેતરમાં તમિલનાડુ ખાતે 1000થી વધુ ટાપેન્ટાડોલ ગોળીઓ ઓનલાઈન સપ્લાય કરી હતી.

આ નશાકારક ગોળીઓ ખાસ કરીને સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવતી હતી. વિદ્યાર્થીઓ આ ગોળીઓને જ્યુસ કે કોલ્ડ્રિંક્સમાં ભેળવીને નશો કરતા હતા. આ આખું નેટવર્ક યુવાધનને નશાના રવાડે ચડાવવા માટે જ સક્રિય હતું. હાલમાં પોલીસે તમામ દવાઓ જપ્ત કરી એફએસએલ પરીક્ષણ માટે મોકલી છે અને તપાસમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની મદદ પણ લીધી છે. રિપોર્ટમાં નાર્કોટિક્સ સાબિત થશે તો આરોપી સામે એનડીપીએસ હેઠળ ગુનો નોંધવામાં આવશે.

## પલસાણામાં પતિના કથિત વ્યાભિચારથી ત્રસ્ત ભાજપ નેતાની પુત્રવધૂનો આપઘાત

આંતરવસ્ત્રોમાંથી મળેલી સ્યૂસાઈડ નોટથી પતિ-તેની પ્રેમિકા સામે ગુનો નોંધાયો

**સુરત**

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના કડોદરા નગરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં શ્રીનિવાસ ગ્રીન સિટી સોસાયટીમાં રહેતા કડોદરા નગર ભાજપના મહિલા ઉપપ્રમુખ શશીસિંગ સંજયસિંગ રાજપુતની 24 વર્ષીય પુત્રવધૂ નિધિકુમારીએ ઘરમાં પ્રથમ માળે બેઠક રૂમમાં સીલિંગ ફેન સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. ગત રવિવારે બનેલી આ ઘટના બાદ સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

સંજયસિંગે કડોદરા પોલીસને જાણ કરતા પોલીસે નિધિકુમારીના વતન બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં રહેતા તેના ભાઈ આદિત્યકુમારને માહિતી આપી હતી. જોકે ભાઈએ બહેનની હત્યા થઈ હોવાનો આક્ષેપ કરી પોતે વતનથી કડોદરા ન પહોંચે ત્યાં સુધી પોસ્ટમોર્ટમની સ્પષ્ટ ના પાડી હતી. જેથી પોલીસે મૃતદેહને હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં સુરક્ષિત રાખવો પડ્યો હતો. દરમિયાન તબીબી તપાસ વખતે નિધિકુમારીના આંતરવસ્ત્રોમાંથી સ્યૂસાઈડ નોટ મળી આવી હતી. જેમાં લખ્યું હતું કે પતિ સૌરભ રાજપુત અન્ય મહિલા સાથે સંબંધો ધરાવે છે અને લગ્નના 2 વર્ષથી માનસિક ત્રાસ આપે છે. કડોદરા પહોંચેલા ભાઈ આદિત્યકુમારે પીઆઈ વી.એ.દેસાઈ સમક્ષ હત્યાના પુનઃ આક્ષેપ કર્યા હતા. આખરે સ્યૂસાઈડ નોટ અને ભાઈની ફરિયાદના આધારે પોલીસે પતિ સૌરભ અને પ્રેમિકા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સુરતમાં મચ્છી માર્કેટને 'નરેન્દ્ર મોદી ફિશ માર્કેટ' નામથી વિવાદ, મંજૂરી વિના બોર્ડ મૂકી દેવાયું

ભાજપના સ્થાનિક આગેવાનો અને કાર્યકરોમાં પણ અસમંજસની સ્થિતિ ઊભી થઈ

**સુરત**

સુરત મહાનગરપાલિકાના નિયમ મુજબ કોઈપણ જાહેર મિલકત, માર્કેટ કે બ્રિજનું નામકરણ કરવા માટે મનપાની સાંસ્કૃતિક સમિતિ અને સામાન્ય સભામાં ઠરાવ પસાર કરવો અનિવાર્ય હોય છે. પરંતુ આ કિસ્સામાં પાલિકા તંત્ર કે શાસક પક્ષની જાણ બહાર જ બારોબાર બોર્ડ લગાવી દેવાતાં સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો. જોકે, તપાસ દરમિયાન બહાર આવ્યું છે કે આ બોર્ડ સ્થાનિક વેપારી મંડળ 'ધ સુરત ફિશ મર્ચન્ટ એસોસિયેશન' દ્વારા મૂકવામાં આવ્યું હતું. શાકાહારી જીવનશૈલી ધરાવતા દેશના વડાપ્રધાનના નામનો ઉપયોગ માછલીના વેચાણ સ્થળ માટે કરાતાં ભાજપના સ્થાનિક આગેવાનો અને કાર્યકરોમાં પણ અસમંજસની સ્થિતિ




ઊભી થઈ હતી. સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનની ટીમ ગેરકાયદે બોર્ડ દૂર કરવા તાબડતોબ સ્થળ પર પહોંચી ગઈ હતી. મનપાની જાહેર મિલકત પર શાસકોની જાણ બહાર આ બોર્ડ કોની પરવાનગીથી લાગ્યું તે અંગે આંતરિક તપાસ શરૂ થાય તેવી શક્યતા છે.

## રાજપીપળા હિન્દુ દેવસ્થાન સમિતિમાં નિમણૂક સામે રાજવી પરિવારનો વિરોધ

**નર્મદા**

નર્મદા જિલ્લાના રાજપીપળા હિન્દુ દેવસ્થાન સમિતિની નવી નિમણૂક સામે રાજવી પરિવારના યુવરાજ માનવેન્દ્રસિંહએ સખત વિરોધ નોંધાવ્યો છે. સમિતિની આ નવી નિમણૂકમાં રાજકીય પાર્ટીના લોકોનો મોટાપાયે સમાવેશ થતા યુવરાજ નારાજ થયા છે અને આ મામલે તેમણે સ્થાનિક કલેક્ટરને રજૂઆત પણ કરી છે.

સમિતિની રચના મામલે યુવરાજ માનવેન્દ્રસિંહએ સ્પષ્ટ જણાવ્યું હતું કે રાજવી પરિવાર દ્વારા જ માતાજીને રાજપીપળા લાવવામાં આવ્યા હતા. નવી સમિતિમાં રાજવી પરિવારમાંથી માત્ર તેમનું જ નામ રાખવામાં આવ્યું છે. જો કે પરિવારે અન્ય સભ્યોના નામ પણ અગાઉથી આપ્યા હતા. સમિતિની નવી નિમણૂક રાજપરિવાર સાથે પરામર્શ કર્યા વિના જ કરવામાં આવી હોવાનો તેમણે આક્ષેપ કર્યો છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે મંદિરમાં ધર્મની વાતમાં રાજકીય લોકો ક્યારેય ના આવવા જોઈએ. આ નિમણૂકમાં રાજવી પરિવારના વંશજ ના હોય તો મોટો અન્યાય થયો કહેવાય. આ ઉપરાંત સૌથી ચોંકાવનારી બાબત એ છે કે છેલ્લા 25 વર્ષથી મંદિરના આર્થિક વ્યવહારનું કોઈ ઓડિટ પણ કરવામાં આવ્યું નથી.

## વલસાડના ડોક્ટરે લાલચોકથી ખારદુંગલા 502 કિમી સુધી 7 દિવસમાં સાયકલ ચલાવી

ડૉ. સુધીર જોશીએ 7 જ દિવસમાં સાયકલિંગ અભિયાન પાર પાડ્યું

**વલસાડ**

વલસાડના 63 વર્ષીય હોમિયોપેથિક ફિઝિશિયન અને વલસાડ રેસર્સ ગ્રૂપના સભ્ય ડૉ. સુધીર જોશીએ મન હોય તો માળવે જવાય કહેવત સાર્થક કરી છે. તેમણે શ્રીનગરના ઐતિહાસિક લાલ ચોકથી 17982 ફૂટની ઊંચાઈએ આવેલા ખારદુંગલા સુધીનું 502 કિલોમીટરનું સાયકલિંગ અભિયાન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. 7 દિવસમાં જ અભિયાનમાં 10486 ફૂટનું ચઢાણ કર્યું હતું. આ યાત્રા ઝોજિલા, દ્રાસ, કારગિલ, નામકીલા, ફોતુલા, લામાયુરુ, પથ્થર સાહિબ અને મેગ્નેટિક હિલ થઈને લેહ પહોંચી હતી. ત્યાંથી તેમણે અંતિમ તબક્કામાં અત્યંત પડકારજનક ખારદુંગલા તરફનું ચઢાણ પૂર્ણ કર્યું હતું. ઊંચાઈવાળા હિમાલયન માર્ગો પર સતત સાયકલિંગ કરવું શારીરિક અને માનસિક રીતે પડકારજનક હતું. અભિયાનના અંતિમ તબક્કામાં ખારદુંગલા પહોંચતી વખતે હવામાન ખૂબ જ વિકટ બન્યું હતું. હિમવર્ષા વચ્ચે તાપમાન 0 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. ઓક્સિજનની કમી, કડકડતી ઠંડી અને લાંબા ચઢાણ જેવા પડકારો છતાં ડૉ. સુધીર જોશીએ પોતાની ઇચ્છાશક્તિ અને નિયમિત ફિટનેસના બળે ઐતિહાસિક સિદ્ધિ મેળવી સાબિત કરી દીધું કે ઉંમર માત્ર એક નંબર છે.

## ડેડિયાપાડામાં વન કર્મચારીને માર મારવાના કેસમાં ચૈતર વસાવાના જામીન નામંજૂર થયા

સજાના ચુકાદા બાદ જામીન અરજી, નાણાંની માંગણીનો આરોપ હતો

**ભરૂચ**

ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા વન કર્મચારીને માર મારવાના કેસમાં સજા કાપી રહ્યા છે. તેમણે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. હાઈકોર્ટે જામીન આપવાનો ઇનકાર કરી અરજી નામંજૂર કરી હતી. કોર્ટે કહ્યું કે જામીન મંજૂર કરવાથી ખોટો મેસેજ જઈ શકે છે.

કોર્ટે કહ્યું કે અગાઉ શરતો ભંગ નહીં કરવાની શરતે છોડ્યા હતા છતાં ક્રાઈમમાં સંડોવાયા છે. સામાન્ય લોકોમાં ગેરસમજ થાય છે કે સત્તામાં હોય તે છૂટી જાય છે. વન વિભાગે સરકારી જમીન પર દબાણ કરી ઉગાડેલો કપાસ દૂર કરી હરાજી કરી હતી. એફઆઈઆરમાં આક્ષેપ છે કે વસાવાએ જમીન વિવાદે અધિકારીને ઘરે બોલાવી મારપીટ કરી ધમકી આપી 60 હજારની માંગણી કરી હતી. તપાસમાં દાવો છે કે ગાળાગાળી કરી હાથ પગ ભાંગી નાખવાની ધમકી આપી નિર્માણાધીન મકાનમાંથી રિવોલ્વર મંગાવી હવામાં ફાયરિંગ કર્યું હતું. વન કર્મચારીઓને ધમકાવી એટીએમમાંથી પૈસા ઉપડાવી ખેડૂતને અપાવ્યા હતા. નર્મદા કોર્ટે 23 જૂને શકુંતલા વસાવા સહિત નવ આરોપીને દોષિત ઠેરવી 7 વર્ષની કેદ અને 25 હજારનો દંડ ફટકાર્યો હતો.

# વલસાડ તિથલમાં 15 વર્ષીય તરૂણીને અવાવરું જગ્યાએ લઈ જઈ ત્રણ સગીરો દ્વારા દુષ્કર્મ

## સગીરાને ઘરે મુકવા ગયેલા સગીરોને લોકોએ મેથીપાક આપી પોલીસને સોંપી દીધા

**વલસાડ**

વલસાડના પોષ ગણાતા તિથલ વિસ્તારમાં એકાંત સ્થળે 15 વર્ષીય તરૂણી પર ત્રણ તરુણોએ સામૂહિક દુષ્કર્મ ગુજાર્યાની ઘટના પ્રકાશમાં આવતા પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ ઘટનામાં પકડાયેલા આરોપીઓને ગામલોકોએ મેથીપાક આપીને પોલીસને સોંપી દેતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

ઘટના અંગે સુત્રો પાસેથી મળતી વિગતો એવી છે કે, વલસાડ ખાતે રહેતા એક પરિવારની 15 વર્ષીય તરૃણી અને વલસાડમાં જ રહેતા તરૂણ વચ્ચે ઈન્સ્ટાગ્રામ પ્લેટફોર્મ પર ઓળખાણ થયા બાદ ધીરે ધીરે મિત્રતા થઈ હતી. તરૂણી અને તરૂણ ઈન્સ્ટાગ્રામ પર એક બીજાને ચેટ પણ કરતા હતા. ગત રવિવારે રાત્રે તરૃણીના પરિવારજનો બહાર ગયા હતા. તે દરમિયાન તરૂણે તેની સગીર વયની કથિત પ્રેમિકાનો સંપર્ક કર્યો હતો. બાદમાં તરૂણ અને તેના બે મિત્રો તેને તિથલના દરિયા કિનારે લઈ ગયા હતા.

જ્યાં સૌ પ્રથમ પ્રેમીએ સગીરા સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. જે બાદ તેના મિત્રએ તિથલ વિસ્તારના અવાવરુ જગ્યામાં તરૃણી પર દુષ્કર્મ ગુજાર્યું હતું. એટલું જ નહીં તે પછી બીજા મિત્રએ પણ તરૃણી સાથે બળજબરી સંબંધ બાંધ્યો હતો. બીજી તરફ તરૃણી ઘરેથી ગાયબ થયાનું જણાતા પરિવારના સભ્યો તથા અન્ય લોકોએ ચિંતિત બની શોધખોળ શરૂ કરી હતી. તે દરમિયાન તિથલ વિસ્તારમાંથી તરૃણી અને ત્રણ તરૂણો મળી આવ્યા હતા. પરિવારને ખોટુ થયાનું લાગતા ત્રણેય તરૂણોને પકડી પાડીને બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો. જે બાદ લોકોએ પોલીસને જાણ કરી હતી. સ્થળ પર પહોંચેલી પોલીસે ત્રણેય આરોપીનો કબજો લીધો હતો.

પોલીસે પોસ્કો સહિત જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી છે. આ ઘટના બાળકો દ્વારા સોશિયલ મિડિયા અને મોબાઈલના અવિચારી ઉપયોગ સામે વાલીઓ માટે લાલબત્તી સમાજ છે.

પોલીસના જણાવ્યા મુજબ, ઘટના બાદ આરોપીઓ સગીરાને પરત મૂકવા જઈ રહ્યા હતા. દરમિયાન પરિવારજનો અને સ્થાનિક લોકો દ્વારા તેની શોધખોળ કરવામાં આવી રહી હોવાની હિલચાલ જોવા મળતાં આરોપીઓ સગીરાને રસ્તામાં જ છોડીને ફરાર થઈ ગયા હતા. વલસાડ સિટી પોલીસે ત્રણેય કિશોરોને ડિટેઈન કરીને તેમની સઘન પૂછપરછ શરૂ કરી હતી. જે બાદ પોલીસે ત્રણેયને જુવેનાઈલ કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તમામ આરોપીને બાળ સુધાર ગૃહમાં મોકલી આપવા આદેશ કર્યો હતો. તિથલમાં બનેલી આ ગેંગ રેપની ઘટનાથી સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ચકચાર મચી ગઈ છે.

# ત્રીજા માળેથી પડતાં 13 વર્ષના બાળકના ગળામાંથી સળિયો આરપાર નીકળી ગયો

## સુરત સિવિલના તબીબોએ સળિયો કાઢી જીવ બચાવ્યો

**સુરત**

શહેરના ઊન પાટિયા વિસ્તારમાંથી 13 વર્ષીય બાળક નાવીદ મૂળ પોતાના માતા-પિતા સાથે વતનમાં રહે છે, પરંતુ હાલમાં તે સુરતમાં પોતાના મામા સદરે આલમ સાથે રહીને અભ્યાસ કરે છે. ઘટનાના દિવસે બપોરનું ભોજન લીધા બાદ નાવીદ મદ્રેસાની બિલ્ડિંગની છત પર રમી રહ્યો હતો. આ દરમિયાન બાજુમાં જ એક મકાનનું બાંધકામ ચાલી રહ્યું હતું. રમતાં રમતાં અચાનક નાવીદનો પગ લપસી જતાં તે સીધો નીચે કન્સ્ટ્રક્શન સાઈટ પર પટકાયો. નીચે પડેલા લોખંડના સળિયા પર પતકાતાં જ સળિયો તેના ગળાને ચીરીને આરપાર નીકળી ગયો હતો. આ ભયાનક દ્રશ્ય જોઈને આસપાસના વિસ્તારમાં ભારે અફડાતફડી મચી ગઈ હતી.

લોહીલુહાણ અને ગંભીર સ્થિતિમાં પરિવારજનો અને સ્થાનિકો તાત્કાલિક બાળકને સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા.



કેસની ગંભીરતા અને નાજુક સ્થિતિને જોઈને સિવિલના તબીબોની એક સ્પેશિયાલિસ્ટ ટીમે વિલંબ કર્યા વિના ઈમરજન્સી ઓપરેશન થિયેટરમાં સર્જરી શરૂ કરી હતી. ડોકટરોએ અત્યંત સાવચેતીપૂર્વક જટિલ ઓપરેશન કરીને ગળામાંથી લોખંડના સળિયાને કાપીને સુરક્ષિત રીતે બહાર કાઢી લીધો હતો. બાળકની વર્તમાન આરોગ્ય સ્થિતિ અંગે વાત કરતા નાવીદના મામા સદરે આલમે જણાવ્યું કે, 'બપોરે જમ્યા પછી નાવીદ રમી રહ્યો હતો ત્યારે આ દુર્ઘટના ઘટી હતી. હોસ્પિટલમાં ડોકટરોએ સમયસર કામગીરી કરીને મારા ભાણેજનો જીવ બચાવી લીધો છે'.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ભાવનગરમાં દારૂકાંડમાં જથ્થો મોકલનાર એમપીથી ઝડપાયો

## વરતેજમાં થયેલા ઝેરી દારૂકાંડની તપાસમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમોએ ચાર રાજ્યોમાં દરોડા પાડીને કુલ 27 આરોપીઓની ધરપકડ કરી

ભાવનગર

ભાવનગર જિલ્લાના વરતેજ પોલીસ મથક વિસ્તારમાં ગત 18 ઓગસ્ટના રોજ બનેલી નકલી અને ઝેરી દારૂકાંડની ગંભીર ઘટનાની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ઝીણવટપૂર્વક કરવામાં આવી રહી છે. મિથેનોલ કેમિકલના પુરવઠાનું મૂળ શોધવા માટે તપાસ એજન્સીની 16 જેટલી અલગ ટીમો દ્વારા ગુજરાત ઉપરાંત દિલ્હી, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ સુધી પોતાની જાળ બિછાવીને સઘન દરોડા પાડવામાં આવ્યા છે. આ સમગ્ર કાર્યવાહી દરમિયાન તપાસ એજન્સીએ વધુ 13 જેટલા આરોપીઓને ઝડપી પાડીને કોર્ટમાં રજૂ કર્યા હતા. અદાલતે આ તમામ આરોપીઓના આગામી 2 સપ્ટેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. અગાઉ પકડાયેલા અને હાલમાં નવા ઝડપાયેલા આરોપીઓને મળીને આ સમગ્ર ઝેરી દારૂકાંડમાં પકડાયેલા કુલ આરોપીઓનો આંકડો 27



પર પહોંચી ગયો છે. ભાવનગર ખાતે મિથેનોલ મિશ્રિત ઝેરી દારૂ વેચવાના મામલે શરૂઆતમાં કાયદા હેઠળ 21 શખસો સામે ગુનો નોંધાયો હતો. કેસની ગંભીરતા જોઈને તપાસ સોંપાતાં જ દરોડા પાડીને શંકાસ્પદ ઝેરી દારૂની બોટલો જપ્ત કરી પ્રથમ તબક્કામાં 14 આરોપીઓને ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ અગાઉ પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછ અને ટેકનિકલ માહિતીના આધારે ગત 23 ઓગસ્ટના રોજ વધુ 13 આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી. આ નવા ઝડપાયેલા આરોપીઓમાં મધ્યપ્રદેશના રાજગઢ જિલ્લાના નરસિંહગઢ ખાતે રહેતા આનંદ રાકેશભાઈ ચાંડી નામના મુખ્ય શખસની પણ ધરપકડ કરવામાં આવી છે. આ આનંદ ચાંડી ઝેરી દારૂ બનાવવા માટે જરૂરી મિથેનોલ કેમિકલનો મુખ્ય પુરવઠાકાર હોવાની અને ઉજ્જૈનથી કેમિકલ લાવી સમગ્ર કાવતરામાં મુખ્ય ભૂમિકા ભજવી હોવાની પ્રબળ શંકા એજન્સી દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ભાવનગરના અન્ય સ્થાનિક આરોપીઓ પણ માનવજિંદગી માટે જોખમી હોવાનું જાણવા છતાં ઝેરી કેમિકલ યુક્ત દારૂ મેળવવા અને વેચાણ કરવામાં સામેલ હતા. હાલમાં મિથેનોલ લાવવાની વાહનવ્યવહાર શૃંખલા અંગે ઊંડાણપૂર્વક તપાસ ચાલુ રાખવામાં આવી રહી છે.

# વરસાદ ખેંચાતાં ખેડૂતોની હાલત કફોડી, કચ્છ-સૌરાષ્ટ્રમાં 30% ઘટ

રાજકોટ

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોમાં હળવાથી મધ્યમ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. તેવામાં આ વર્ષે ચોમાસાની વર્તમાન સ્થિતિના આંકડાઓ પર નજર કરીએ તો, સમગ્ર રાજ્યમાં સરેરાશ વરસાદની 7% ઘટ પ્રવર્તી રહી છે. જો કે, આમાં ભૌગોલિક તફાવત જોવા મળ્યો છે, જ્યાં ગુજરાત રીજનમાં સામાન્ય કરતાં 9% વધુ વરસાદ નોંધાયો છે, જ્યારે તેની સામે કચ્છ-સૌરાષ્ટ્રમાં 30% જેટલી મોટી વરસાદી ઘટ જોવા મળી રહી છે, ત્યારે ખેડૂતો ચિંતામાં મૂકાયા છે.

હવામાનના આંકડા મુજબ, દક્ષિણ ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોમાં સારો એવો વરસાદ નોંધાયો છે. જો કે, કચ્છ અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં હજુ પણ 30% વરસાદની મોટી ઘટ વર્તાઈ રહી છે. આ દરમિયાન હવામાન વિભાગ અનુસાર, આગામી દિવસોમાં ભારે વરસાદની શક્યતા નથી. ભારે વરસાદની કોઈ સંભાવના લાગતી નથી, તેવામાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં વરસાદની ઘટને પગલે પાણીની તંગી સર્જાઈ તેવી શક્યતા છે. જેની સૌથી વધુ અસર ખેડૂતોને પડી શકે છે. આ સાથે કચ્છ-સૌરાષ્ટ્ર પાણીની સમસ્યા ઊભી થાય તેવી સંભાવના છે.

# કચ્છ નખત્રાણા ગામે ભંગારના ટેમ્પોની ડીઝલ ટાંકી ફાટતા બે માસૂમ બાળકો સહિત 4ના મોત

## ટેમ્પોમાંથી ભંગાર ખાલી કરી રહ્યા હતા તે વખતે અચાનક જોરદાર ધડાકો થઇ ગયો હતો

નખત્રાણા

કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના કોટડા જડોદર નજીક શનિવારે અત્યંત દર્દનાક દુર્ઘટના સર્જાઈ હતી. એક મીની લોડીંગ ટેમ્પોની ડીઝલની ટાંકીમાં અચાનક જોરદાર બ્લાસ્ટ થયો હતો. આ ભયાનક ધડાકામાં બે માસૂમ બાળકો અને તેમના પિતા સહિત કુલ 4 લોકોના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા. 30 વર્ષીય મામદ ઈલિયાસ કુંભાર અને તેનો 26 વર્ષીય ભાઈ નૂરમામદ કુંભાર ટેમ્પોમાં ભંગારનો



ધંધો કરતા હતા. શનિવારે બંને ભાઈઓ ફેરી કરી સાંજે ટેમ્પોમાં એકઠો કરેલો ભંગાર ઘટનાસ્થળે ખાલી કરી રહ્યા હતા. ત્યારે અચાનક ટેમ્પોની ડીઝલની ટાંકીમાં પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે અવાજ દૂર સુધી સંભળાયો હતો. આ ગોઝારી ઘટનામાં બંને ભાઈઓ ઉપરાંત મામદ કુંભારના 3 વર્ષના પુત્ર હસનેન અને નૂરમામદની સાડા 3 વર્ષની પુત્રી નૂર ફાતિમાનું પણ મોત નીપજ્યું છે. ધડાકો સાંભળીને સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. બનાવની જાણ થતાં જ પોલીસ અને તંત્રની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડી અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં પત્નીને છોડી યુવક પ્રેમિકા પાસે ગયો અને પ્રેમિકાની ફ્રેન્ડના ઘરેથી કૂદીને આત્મહત્યા

## પોલીસે સીસીટીવી ફૂટેજ કબજે કરીને પ્રેમિકા, પ્રેમિકાની ફ્રેન્ડ સહિતની પૂછપરછ કરી

રાજકોટ

રાજકોટના રૈયાગામ સ્મશાન નજીક આવેલી 13 માળની પામ યુનિવર્સ બિલ્ડિંગના 12મા માળેથી નીચે ઝંપલાવીને 42 વર્ષીય નિમેષ ભંડેરીએ બે દિવસ પહેલા આપઘાત કર્યો હતો. સમગ્ર મામલે પરિવારે આ મોતમાં શંકા વ્યક્ત કરી તપાસની માંગણી કરી હતી. રાત્રે અંદાજે 1:39 વાગ્યે પામ યુનિવર્સ બિલ્ડિંગના 12મા માળેથી નિમેષે ઝંપલાવ્યું હતું. નિમેષ તેની પ્રેમિકાની ફ્રેન્ડના ઘરે ગયો હતો. મોડી રાત્રે પ્રેમિકાના ફ્રેન્ડની દીકરી પાણી પીવા ઊઠી ત્યારે નિમેષ રૂમમાં ન દેખાતા તેણે ગેલેરીમાંથી જોયું તો તે નીચે પછડાયેલી હાલતમાં મળ્યો હતો.

નિમેષના લગ્ન રેખા નામની મહિલા સાથે થયા હતા અને તેમને બે સંતાન છે. પારિવારિક વિવાદને કારણે માતા-પિતાએ તેને ઘરમાંથી કાઢી મૂકતા તે છેલ્લા અઢી વર્ષથી પ્રેમિકા સાથે મૈત્રી કરાર હેઠળ લિવ-ઈનમાં રહેતો હતો. મૃતક નિમેષ ભંડેરી રાજકોટ શહેર ભાજપ વોર્ડ નંબર 17નો અગ્રણી હતો અને અગાઉ કિસાન મોરચામાં પણ સક્રિય જવાબદારી નિભાવી ચૂક્યો હતો.મૃતકના બનેવીએ જણાવ્યું કે આ સામાન્ય આપઘાત નથી પરંતુ શંકાસ્પદ મોત છે, જેની ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ. પોલીસે આ સમગ્ર મામલે સીસીટીવી ફૂટેજ કબજે કરીને પ્રેમિકા, પ્રેમિકાની ફ્રેન્ડ સહિતના લોકોની પૂછપરછ શરૂ કરી હતી. નિમેષ મોડી રાત્રે પ્રેમિકાના ફ્રેન્ડના ઘરે શા માટે પહોંચ્યો અને ક્યા સંજોગોમાં આ પગલું ભર્યું તે દિશામાં તપાસ ચાલી રહી છે.

# જૂનાગઢમાં અપહરણ અને એટ્રોસિટી કેસમાં ગોંડલ સહિત 11 નિર્દોષ જાહેર

જૂનાગઢ

જૂનાગઢની ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે ચકચારી અપહરણ, હુમલો અને એટ્રોસિટી કેસમાં મોટો ચુકાદો આપીને ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પુત્ર ગણેશ ગોંડલ સહિત 11 આરોપીઓને તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કરી મુક્ત કર્યા છે.

આ વિવાદની શરૂઆત 30 મે 2025ના રોજ જૂનાગઢના દાતાર રોડ પર દલિત અગ્રણી રાજુ સોલંકીના પુત્ર દેવાંગ સાથે બોલાચાલી બાદ થઈ હતી. દેવાંગનું અપહરણ કરી ગોંડલ લઈ જઈ માર મારવાના આરોપસર જૂનાગઢ પોલીસે ગણેશ જાડેજા, જશપાલસિંહ રાણા, ઈન્દ્રજીતસિંહ અને પૃથ્વીરાજસિંહ સહિત કુલ 11 આરોપીઓની ધરપકડ કરી હતી. જેલવાસ ભોગવ્યા બાદ કેસમાં વળાંક આવ્યો હતો. સેશન્સ કોર્ટમાં સુનાવણી દરમિયાન ફરિયાદી અને આરોપી પક્ષ વચ્ચે આંતરિક સમાધાન થઈ ગયું હતું. કોર્ટમાં જુબાની વખતે ફરિયાદી અને મુખ્ય સાક્ષીઓએ સમાધાનની વાતને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. અંતે સાક્ષીઓની ફેરવાયેલી જુબાની, પક્ષકારો વચ્ચેની સમજૂતી અને તમામ કાનૂની પાસાઓને ધ્યાને રાખીને કોર્ટે ગણેશ જાડેજા સહિતના તમામ 11 આરોપીઓને દોષમુક્ત જાહેર કરવાનો આદેશ કર્યો છે.

# સોમનાથ મહાદેવના દર્શનાર્થે ભક્તોનું ઘોડાપુર, શ્રદ્ધાળુઓ માટે સવારે 3 વાગે દ્વાર ખોલાયા

પ્રભાસપાટણ

શ્રાવણમાં પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના દર્શન કરવાનું અનેરૂં મહાત્મ્ય રહેલું છે. ત્યારે દેવાધિદેવ મહાદેવના આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે ઉમટી પડતા ભક્તોના અવિરત પ્રવાહને ધ્યાનમાં રાખીને, શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા યાત્રીઓની સુવિધા અર્થે ઉત્કૃષ્ટ અને સુચા વ્યવસ્થા કરવામાં આવી હતી જેને હેઠળ રાત્રિના ત્રણ વાગ્યાથી મંદિર પરિસરના દ્વાર યાત્રીઓ માટે ખોલવામાં આવ્યા હતા જેથી યાત્રીઓ કાઉન્ટર ઉપર પોતાનો સામાન આરામથી જમા કરાવી શકે. અને દર્શન માટે સરળતાપૂર્વક લાઈનનું આયોજન થઈ શકે. શ્રાવણનો સોમવાર હોય સોમનાથ દર્શન આવનાર હજારો યાત્રીઓના દર્શન માટે મધ્ય રાત્રિથી જ મંદિર ખુલ્લુ મૂકાયું હતું.

# જામનગરમાં કબૂતરો ઉડાડવા મામલે બબાલ યુવક પર લાકડાના ધોકાથી જીવલેણ હુમલો

જામનગર

જામનગરના ચેલા વિસ્તારમાં આવેલી પી.ટી.સી. કોલેજ પાસે મારવાડી વાસમાં કબૂતરો ઉડાડવા મુદ્દે પડોશીઓ વચ્ચે થયેલી બબાલમાં એક યુવક પર લાકડાના ધોકા વડે જીવલેણ હુમલો કરાયો છે. ગંભીર રીતે ઘવાયેલા મુકેશભાઈ ગોવિંદભાઈ સોલંકીને તાત્કાલિક સારવાર અર્થે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પાડોશમાં રહેતા નવઘણ અને જગમાલ રતીભાઈ સોલંકીના કબૂતરો મુકેશભાઈના ઝુપડા પર બેસતા હતા. કબૂતરો ઉડાડવા બંને ભાઈઓ ઝુપડા પર પથ્થર અને ચપ્પલ મારતા હતા. આ બાબતે મુકેશભાઈએ તેમની માતા લખીબેનને રજૂઆત કરી હતી. જેની અદાવત રાખીને નવઘણ, જગમાલ અને લખીબેને મુકેશભાઈ સાથે ગાળાગાળી કરી મોટો ઝઘડો શરૂ કર્યો હતો.

આ બોલાચાલી દરમિયાન ઉશ્કેરાયેલા જગમાલે લાકડાનો ધોકો મુકેશભાઈના માથામાં ફટકારી દીધો હતો. તેઓ લોહીલુહાણ હાલતમાં નીચે પટકાતા ત્રણેયે મળી લાત મુક્કાથી માર માર્યો હતો. પરિવારજનો વચ્ચે પડતા હુમલાખોરો ભાગી ગયા હતા. ઈજાગ્રસ્તને હોસ્પિટલ ખસેડ્યા બાદ ભાઈ કાનાભાઈ સોલંકીની સત્તાવાર ફરિયાદના આધારે પોલીસે ત્રણેય આરોપીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે.

# સૌરાષ્ટ્રને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે ઈસુદાન ગઢવી ધરણા પર ઉતરશે

દ્વારકા

સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં વરસાદની અછતના કારણે ખેડૂતોનો ૭૦ ટકા પાક સૂકાઈ ગયો હોવાનો દાવો કરી તેમણે સર્વે કરાવી સૌરાષ્ટ્રને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માગ કરી છે. સાથે જ જરૂર હોય તેવા વિસ્તારોમાં સૌની યોજનાનું પાણી પહોંચાડવા, ખેડૂતોના વીજ બિલો માફ કરવા, પશુપાલકોને વળતર ચૂકવવા અને ખેતમજૂરો માટે રાહત પેકેજ જાહેર કરવાની પણ માગ કરવામાં આવી છે. છતાં રાજ્ય સરકાર મૌન ધરીને બેઠી હોવાનો આરોપ આમ આદમી પાર્ટી દ્વારા લગાવવામાં આવ્યો છે. ખેડૂતોને ન્યાય અપાવવા AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી દ્વારકાના ખંભાળિયા ખાતે અનિશ્ચિતકાળના ધરણા પર બેસશે.


સ્વદેશ



## 11 ગ્રેમી અવોર્ડ જીતનાર સિંગર ડોલી પાર્ટનનું નિધન

અમેરિકન મ્યુઝિક ઇન્ડસ્ટ્રીના દિગ્ગજ આઈકોન અને 11 વખત ગ્રેમી એવોર્ડ જીતનારા જાણીતા ગાયિકા ડોલી પાર્ટનનું 80 વર્ષની વયે નિધન થયું છે. તેમના અવસાનના સમાચારથી હોલિવૂડ સહિત સમગ્ર વિશ્વના સંગીત પ્રેમીઓમાં શોકની લહેર ફરી વળી છે. અહેવાલો મુજબ, ડોલી પાર્ટન છેલ્લા કેટલાક સમયથી કેન્સર જેવી ગંભીર બીમારી અને વધતી ઉંમરની સ્વાસ્થ્ય સમસ્યાઓ સામે લડી રહ્યા હતા. નેશવિલે ખાતે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. ડોલી પાર્ટનના ભત્રીજા બ્રાયન સીવરે એક વીડિયો શેર કરીને આ દુઃખદ સમાચાર ચાહકો સાથે શેર કર્યા હતા.

## દક્ષિણના દિગ્ગજ અભિનેતા જીવી નારાયણ રાવનું નિધન



100થી વધુ ફિલ્મોમાં અભિનય કરનાર તેલુગુ સિનેમાના દિગ્ગજ અભિનેતા અને નિર્માતા જીવી નારાયણ રાવનું નિધન થઈ ગયું છે. તેમણે 73 વર્ષની ઉંમરે બુધવાર સાંજે દુનિયાને અલવિદા કહી દીધુ છે. તેમના નિધનના સમાચાર સામે આવતા જ તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકની લહેર ફેલાઈ છે. ઘણા કલાકારો અને ફિલ્મી હસ્તીઓએ તેમને શ્રદ્ધાંજલિ આપતા તેમના નિધનને સિનેમા જગત માટે મોટી ખોટ ગણાવી છે. જીવી નારાયણ રાવ છેલ્લા કેટલાક સમયથી સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા. તેમના નિધન પર મૂવી આર્ટિસ્ટ્સ એસોસિએશને પણ દુઃખ વ્યક્ત કર્યું છે. ખાસ વાત એ છે કે, તેઓ મેગાસ્ટાર ચિરંજીવીના અત્યંત નજીકના મિત્રોમાં સામેલ હતા. બંનેએ ઘણી ફિલ્મોમાં સાથે કામ પણ કર્યું હતું.

## પ્રિયંકાની રીસેટ ફિલ્મમાંથી ઓર્લાન્ડો બ્લૂમની એક્ઝિટ



મુંબઈ : પ્રિયંકા ચોપડા જોનાસ દ્વારા નિર્મિત અને અભિનિત આગામી ફિલ્મ 'રીસેટ'માંથી હોલીવૂડના સ્ટાર ઓર્લાન્ડો બ્લૂમે એક્ઝીટ મારી હોવાની ચર્ચા થઈ રહી છે. હવે પ્રિયંકા ચોપડા જોનાસના હીરો તરીકે ત્રણ એક્ટરના નામો પર વિચારણા કરવામાં આવી રહી છે. બ્લૂમ આ પ્રોજેક્ટ સાથે પ્રિ-પ્રોજેક્ટ તબક્કાથી જોડાયેલો હતો. તે આ ફિલ્મમાં એક્ટિંગ કરવા ઉપરાંત તેના સહનિર્માતા તરીકે પણ જોડાવાનો હતો. બ્લૂમના બેનર એમેઝિંગ ઓઉલ અને પ્રિયંકાના બેનર પરપલ પેબલ પિકચર્સ હેઠળ આ ફિલ્મ બનવાની હતી. હવે બ્લૂમની એક્ઝિટ થઈ હોવાનું જાણી ટીમના સભ્યો હતાશ થઈ ગયા છે. બ્લૂમનું નામ આ ઈન્ડિપેન્ડન્ટ પ્રોજેક્ટ સાથે સંકળાયેલું હોઈ તેના માટે ફાયનાન્સ મેળવવાનું સરળ બની રહ્યું હોત. આ ઉપરાંત બ્લૂમ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીબ્યુટર શોધવામાં પણ સહાયરૂપ બનવાનો હતો.

# રશ્મિકા મંદાના : મારા માટે તો ધીમો વરસતો વરસાદ જ શ્રેષ્ઠ!

'સતત વરસાદ વરસતો હોય એટલે આખો દિવસ ઘરમાં રહેવાનું, ઈચ્છા થાય તે ખાવાનું, અને સૂતાં સૂતાં ફિલ્મો જોયા કરવાની મારા માટે આના કરતાં વધારે સારો ચોમાસી દિવસ બીજો એકેય ન હોઈ શકે.'

વરસતાં વરસાદની દરેકની કોઈક મીઠી અનુભૂતિ હોય છે અને તેની સ્મૃતિ મગજમાં કંડારાયેલી હોય છે, જેને સમયનો કાટ લાગતો નથી. આ વાત સાવ સાચી છે. અન્ય કલાકારોની જેમ આજની સૌથી હોટ અને હીટ હીરોઈન રશ્મિકા મંદાના પણ આવી જ કોઈક અનુભૂતિને યાદ કરે છે અને વરસાદના ભીના ભીના સ્પર્શને યાદ કરે છે.


વરસાદ તો રશ્મિકાને નિરવ શાંતિનો આહ્લાદક અનુભવ કરાવ છે. વરસતા વરસાદથી બચવા તે શું કરતી તે માટે તો તેને તેનું કુર્ગનું ઘર યાદ આવે છે. આ સંદર્ભે રશ્મિકા મંદાના કહે છે, હું મૂળ તો કુર્ગથી છું. તેથી જ્યારે વરસાદ પડે છે, ત્યારે માટીની મીઠી સુગંધ અને તાજી બનાવેલી કોફી મને તરત જ ઘરની યાદ અપાવે છે અને મને ઘરે લઈ જાય છે.

'એનિમલ'ની આ અભિનેત્રી યાદ કરતાં જણાવે છે, આ ઋતુ ભીંજાઈ જવા માટે ઓછી અને ધીમી ગતિ અપનાવવા વિશે વધુ છે. મારા માટે તો ચોમાસુ ધીમું થવા અને નાની વસ્તુઓનો આનંદ માણવા વિશે છે. મને આ ફિલ્મ જોઈને સૌથી વધુ આનંદ થાય છે. મારી બારીમાંથી વરસાદ પડી રહ્યો છે અને ઘર શાંતિ અને હુંફાળી અનુભૂતિનો આસ્વાદ કરાવે છે અને હું તેનો આહ્લાદક આનંદ માણું છું, જે મારા બાળપણની કેટલીક મીઠી યાદોં પણ તાજી કરે છે અને મને તેની યાદ પણ તાજી કરાવે છે. મને આ બધુ યાદ આવી જાય છે, એમ રશ્મિકા કહે છે. રશ્મિકા આદર્શ વરસાદી દિવસનું વર્ણન કરતાં કહે છે, એક સંપૂર્ણ વરસાદી દિવસ મારા માટે આખો દિવસ ઘરની અંદર જ આરામદાયક ખોરાક અને મુવી મેરેથોન સાથે વિતાવવાનો હોય છે અને તેયે હૈદરાબાદમાં! ચોમાસુ સામાન્ય રીતે હળવું હોય છે. જ્યારે મુંબઈમાં તે ભારે વરસાદ, અંધાધૂંધી અને ઊર્જા સાથે-પૂર્ણ શક્તિ સાથે આવે છે. મને આ વિરોધાભાસ ગમે છે કારણ કે તે મને ઋતુના બંને પ્રકારોની પ્રશંસા કરાવે છે, એમ રશ્મિકા મંદાના ઉમેરે છે. તમે વરસાદમાં નાચતા હો કે ધાબળા તથા નાસ્તા સાથે ઘરમાં રહેતા હો-તે કરવાનો કોઈ યોગ્ય રસ્તો નથી. શ્રેષ્ઠ સંસ્કરણ તો એ છે કે જે તમારા જેવું લાગે છે, એમ રશ્મિકા જણાવે છે.



# ક્રિતીની વિવાદાસ્પદ એડ પાછી ખેંચાઈ

મુંબઈ: ક્રિતી સેનોને રક્ષાબંધન જ્વેલરીની એડમાં બ્રાલેટ સ્ટાઈલ બ્લાઉઝ અને ડ્રેપ્ડ સ્કર્ટ પહેરી કામ કરતાં મોટો વિવાદ થવાને પગલે જ્વેલરી બ્રાન્ડે તમામ મીડિયા પ્લેટફોર્મ પરથી આ એડ પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. કંપનીએ આ એડથી કોઈની લાગણી ઘવાઈ હોય તો તે માટે જાહેર માફી પણ માગી હતી. નેટયૂઝર્સએ આ એડ માટે ક્રિતીની આકરી ઝાટકણી કાઢી હતી.



એક્ટ્રેસ અને સાંસદ કંગના રણૌતે પણ ક્રિતીની ટીકા કરતાં કહ્યું હતું કે ભારતીય મહિલાઓ પાસે અનેક પ્રકારના પોશાક ઉપલબ્ધ હોય છે ત્યારે આવા ઉઘાડાં વસ્ત્રોમાં જ તહેવારની એડ બનાવવાની જરાય જરુર ન હતી.

બીજી તરફ રાહુલ ગાંધીએ ક્રિતીનો બચાવ કરતાં કહ્યું હતું કે કોઈ સ્ત્રીની વસ્ત્રોની ચોઈસ તેની પોતાની હોવી જોઈએ અને તેના પર બંધનો લાદવાં એ પુરુષસત્તાક સમાજની નિશાની છે.ક્રિતીની બહેન નુપૂર સહિત કેટલાય ચાહકોએ પણ આ એડનો બચાવ કર્યો હતો.

રક્ષાબંધન જ્વેલરીની એડમાં ક્રિતી સેનોને તેના ભાઈને રાખડી બાંધતી દેખાય છે.પણ પરંપ રાગત પહેરવેશને બદલે બ્રા જેવી વેશભૂષા ક્રિતીએ રક્ષાબંધનના તહેવારમાં પહેરી હોઈ નેટીઝન્સ વીફર્યા હતા. હવે આ એડ તમામ પ્લેટફોર્મ પરથી પાછી ખેંચાતાં વિવાદ થાળે પડે તેવી સંભાવના છે.

# TOXIC : પહેલા જ દિવસે કમાણી રૂ. 140 કરોડને પાર ! કન્નડ કરતાં હિન્દીમાં વધુ ક્રેઝ

બેંગ્લોર : દિગ્ગજ સાઉથ એક્ટર યશની મોસ્ટ અવેઈટેડ ફિલ્મ 'ટોક્સિક' 26 ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગઈ છે અને રિલીઝ થતાંની સાથે જ બોક્સ ઓફિસ પર કમાણીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ગીતુ મોહનદાસના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મે ભારતમાં ઓપનિંગ ડે પર જ રૂ 100 કરોડનો આંકડો પાર કરી લીધો છે, જ્યારે વર્લ્ડવાઈડ કલેક્શન રૂ140 કરોડથી વધુ થઈ ગયું છે. KGF 2ની રિલીઝના ચાર વર્ષ બાદ 'ટોક્સિક' દ્વારા સ્ક્રીન પર વાપસી કરનાર યશે દેશમાં સૌથી મોટી ઓપનિંગ મેળવવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

મીડિયા રિપોર્ટ મુજબ, 'ટોક્સિક' દેશભરમાં 24,579 શોઝ પર રિલીઝ થઈ હતી. ફિલ્મે પ્રથમ દિવસે ભારતમાં રૂ120.75 કરોડનું ગ્રોસ અને રૂ101.10 કરોડનું નેટ કલેક્શન કર્યું છે. આ સાથે જ RRR પછી 'ટોક્સિક' એવી બીજી નોન-સીક્વલ




ફિલ્મ બની ગઈ છે જેણે પ્રથમ દિવસે રૂ100 કરોડથી વધુ કમાણી કરી હોય. મૂળ કન્નડ ભાષાની આ ફિલ્મે હિન્દી વર્ઝનમાં સૌથી વધુ રૂ55 કરોડનો બિઝનેસ કર્યો છે. આ ઉપરાંત કન્નડમાં રૂ23.30 કરોડ, તેલુગુમાં રૂ16 કરોડ, તમિલમાં રૂ5.50 કરોડ અને મલયાલમમાં રૂ1.30 કરોડની કમાણી નોંધાઈ છે. વિદેશી માર્કેટમાંથી (ઓવરસીઝ) પ્રથમ દિવસે રૂ20 કરોડનું ગ્રોસ કલેક્શન મળતા જ વર્લ્ડવાઈડ ઓપનિંગ ડે કલેક્શન રૂ140.75 કરોડ થઈ ગયું છે. વર્લ્ડવાઈડ કમાણીમાં આ ફિલ્મે 'જવાન' અને 'આદિપુરુષ' જેવી ફિલ્મોને પાછળ છોડી દીધી છે. આ ઉપરાંત, સેન્સર બોર્ડ તરફથી A સર્ટિફિકેટ મેળવનારી ફિલ્મોમાં પ્રથમ દિવસે રૂ100 કરોડથી વધુ કમાણી કરવામાં 'ટોક્સિક' બીજા ક્રમે (ધુરંધર 2 બાદ) આવી ગઈ છે. એડવાન્સ બુકિંગમાં જ વર્લ્ડવાઈડ રૂ85 કરોડનું ગ્રોસ કલેક્શન થઈ ચૂક્યું હતું.







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

### કુદરતી સરોવર તૂટતાં આવેલાં ભીષણ પુરે થોડી જ ક્ષણોમાં વિનાશ વેર્યો

# નેપાળમાં તબાહી : હિમાલયની બદલાતી ઈકો સિસ્ટમનું પરિણામ

**પ્રાંસગિક**
**ધવલ શુક્લ**

તિબેટમાં ગ્લેશિયર ફાટવાને કારણે નેપાળમાં આવેલા પૂરે ભયંકર તબાહી સર્જી છે. પૂરને કારણે અત્યાર સુધીમાં 362થી વધુ લોકોના મોત થયા છે અને 1300થી વધુ લોકોના કોઈ સગડ નથી. બુધવારે નેપાળના રસુવા જિલ્લામાં બુધવારે અચાનક આવેલા ભીષણ પૂરે બધું વેરવિખેર કરી નાખ્યું છે. પુરમાં આવેલો પાણીનો પ્રચંડ પ્રવાહ અનેક પુલ, ઘરો અને ઈમારતોને સાથે ઢસડી ગયો હતો. જેને કારણે જ્યાં આશ્રયસ્થાનો હતા, ત્યાં હવે કાટમાળના ઢગલા થઈ ચુક્યા છે.

નેપાળમાં આ તબાહીમાં કેટલું નુકસાન થયું છે તેનો અંદાજ લગાવવો હજુ મુશ્કેલ છે. એટલું જ નહીં નેપાળના 47 સરોવરો ટાઈમ બોમ્બ બની ચૂક્યા છે. તે ક્યારેય પણ ફાટી શકે છે. ખરેખર, નેપાળની મુખ્ય નદીઓની આસપાસ 47 ગ્લેશિયર સરોવરો આવેલા છે. તેમને સંભવિત રૂપે ખતરનાક ગ્લેશિયર સરોવરો તરીકે ચિહ્નિત કરવામાં આવ્યા છે. વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે આ સરોવરો ફાટવાથી અચાનક ખૂબ મોટા પાયે પાણી નીચેની તરફ આવી શકે છે. તેને ગ્લેશિયર લેક આઉટબર્સ્ટ ફ્લડ કહેવામાં આવે છે. તેનાથી નેપાળની નદી ખીણોમાં ભારે તબાહી નોતરી શકે છે.

નેપાળમાં ભોટેકોશી નદીમાં તિબેટ તરફથી આવેલા ભીષણ પૂરનું કારણ ગ્લેશિયર સરોવરનું ફાટવું છે. નેપાળની ભોટેકોશી નદીમાં ભીષણ પૂર સાથે બરફ અને કાટમાળ પણ વહીને આવ્યા, જેના કારણે ગણતરીની મિનિટોમાં જ નદીનું જળસ્તર ૮થી ૧૦ મીટર સુધી વધી ગયું હતુ. 2013માં કેદારનાથમાં ગ્લેશિયર ફાટવાથી મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ પહેલાં પણ હિમાલય ક્ષેત્રમાં ગ્લેશિયર ફાટવાની અનેક ઘટનાઓ બની ચૂકી છે. જાણકારોના મતે હિમાલય પર્વત પર કુદરતી રીતે અનેક ગ્લેશિયર બનવા લાગ્યા છે. આ ઘટનાક્રમ હિમાલયને અસ્થિર બનાવી રહી છે.

નેપાળમાં ગ્લેશિયર સરોવરોનું જોખમ માત્ર કોઈ એક ઘટના પૂરતું સીમિત નથી. નિષ્ણાતોએ દેશમાં આવા ૪૨ સરોવરોની ઓળખ કરી છે જેને અત્યંત જોખમી માનવામાં આવ્યા છે. સંખુવાસભા જિલ્લામાં પણ આવા ચાર સરોવરો છે, જેના પર વિશેષ નજર રાખવામાં આવી રહી છે. જેમાં નીચલા બરુણ વિસ્તારના તાલોપોખરી ગ્લેશિયર સરોવરને અત્યંત સંવેદનશીલ



માનવામાં આવ્યું છે. આ સરોવર આશરે ત્રણ કિલોમીટર લાંબુ છે અને તેની ઊંડાઈ લગભગ ૨૦૬ મીટર છે. ગ્લેશિયર ફાટવું અને ગ્લેશિયર લેક આઉટબર્સ્ટ ફ્લડ છેલ્લા કેટલાક વર્ષોમાં વારંવાર બનતી ઘટનાઓ છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સમજીએ તો, જ્યારે ગ્લેશિયર આગળ વધે છે ત્યારે તેઓ પોતાની સાથે રેતી, કાંકરી અને ખડકોના કાટમાળનો ઢગલો છોડતા જાય છે, જે એક મોટો ટેકરો બની જાય છે. તેને મોરેન કહેવામાં આવે છે. ગ્લેશિયરનું પાણી આની અંદર જ જમા થાય છે, જેનાથી એક સરોવર બને છે. જ્યારે આ સરોવરમાં પાણી વધુ ભરાઈ જાય છે અથવા કોઈ મોટો પહાડ તૂટીને તેમાં પડે છે, ત્યારે આ કુદરતી બંધ તૂટી જાય છે અને ગણતરીની મિનિટોમાં જ પાણી વિનાશ વેરતું ખીણો તરફ વહેવા લાગે છે. હિમાલય દુનિયાના એવા વિસ્તારોમાં સામેલ છે જ્યાં ક્લાઈમેટ ચેન્જની અસર ખૂબ જ ઝડપથી જોવા મળી રહી છે. તાપમાન વધવાને કારણે ગ્લેશિયર ઝડપથી પીગળી રહ્યા છે. એક તરફ ગ્લેશિયરનો બરફવાળો ભાગ ઘટી રહ્યો છે, તો બીજી તરફ પીગળેલું પાણી નવા સરોવરો બનાવી રહ્યું છે. હિમાલય વિસ્તારમાં ગ્લેશિયર ફાટવાની કેટલીક મોટી ઘટનાઓ ઉપર નજર કરીએ તો કેદારનાથમાં ૨૦૧૩માં આવેલું પૂર અને તેના તાંડવે હજારો જિંદગી હોમી દીધી હતી. આ ઘટનામાં ચોરાબારી ગ્લેશિયર સરોવરનો બંધ તૂટી ગયો હોવાનું કારણ મુખ્ય હતુ. ભારે વરસાદ અને ગ્લેશિયર પીગળવાને કારણે આવું બન્યું હતું. જેને કારણે આવેલા પૂરે મંદાકિની નદીના જળસ્તરમાં અચાનક મોટો વધારો કરી દેતાં કેદારનાથ ખીણ અને નીચેના વિસ્તારો સંપૂર્ણપણે ડૂબી ગયા હતા. તે સમયે ઉત્તરાખંડના સરકારી આંકડાઓમાં ૫૭૦૦થી વધુ લોકોના મોતની પુષ્ટિ થઈ હતી, જે પાછળથી વધારીને ૬૦૫૪ કરવામાં આવી હતી. તેના દસ વર્ષ બાદ સિક્કિમમાં પણ મોતનું તાંડવ સર્જાયું હતું. ૩ અને ૪ ઓક્ટોબરે સિક્કિમમાં સાઉથ લ્હોનક ગ્લેશિયર સરોવર ફાટવાથી ભારે વિનાશ સર્જાયો હતો.

આ સમયે ૭૦થી વધુ લોકોના મોત નોંધાયા હતા અને ૧૦૦થી ૧૨૦ લોકો લાપતા થયા હતા. એ જ રીતે પાંચ વર્ષ પહેલા ચમોલી ખાતે ગ્લેશિયર ફાટવાથી ભયાનક પૂર આવ્યું હતું. ચમોલી જિલ્લામાં ૭ ફેબ્રુઆરીએ બરફના શિલાખંડનો મોટો ટુકડો તૂટીને સરોવરમાં પડતાં રૌંતી, ઋષિગંગા અને ધૌલીગંગા નદીઓમાં ભીષણ પૂર આવ્યું અને ૨૦૦થી વધુ લોકોના મોત થયા હતા.તેવી જ રીતે ૨૦૨૧માં નેપાળના મેલમચીમાં સતત વરસાદ અને ગ્લેશિયર પીગળવાને કારણે પેમધુમ ત્સો સરોવર ઓવરફ્લો થઈ જતા પાંચ લોકોના મોત થયા હતા. અને સેંકડો ઘરો તણાઈ ગયા હતા.

ઈતિહાસ જણાવે છે કે, ભોટેકોશી નદીમાં પહેલાં પણ ગ્લેશિયર તૂટવાથી પૂર આવ્યું હતું. ૨૦૧૬માં આ ભયાનક ઘટના બની હતી. ૫ જુલાઈ ૨૦૧૬ના રોજ ૪૬૧૦ મીટરની ઊંચાઈ પર આવેલા ગોંગબાતોંગશા ગ્લેશિયર સરોવરનો કુદરતી બંધ તૂટતાં ભોટેકોશી નદીમાં ભયાનક પૂર આવ્યું હતું. આ પૂરમાં સેંકડો લોકો તણાયા હતા અને ભોટેકોશી હાઈડ્રોપાવર પ્લાન્ટને ભારે નુકસાન પહોંચ્યું હતું.

ઈતિહાસમાં સૌથી ભયાનક અને જીવલેણ ઘટના પેરુમાં 1970માં બની હતી. આ વખતે પેરુમાં ગ્લેશિયર ફાટવાથી ૧૮ હજારથી વધુના મોત થયા હતા.ઈસરોના એક રિપોર્ટ અનુસાર, ૧૯૮૪થી ૨૦૨૩ વચ્ચે હિમાલય ક્ષેત્રના ૨૪૩૧ મોટા ગ્લેશિયર સરોવરોમાંથી ૬૭૬ સરોવરોનું કદ વધ્યું છે. તેમાંથી ૧૩૦ સરોવરો ભારતના સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્રા બેસિનમાં છે. આ જ કારણ છે કે હિમાલયમાં ગ્લેશિયર ફાટવાની ઘટનાઓ વધી રહી છે. નેપાળ હિમાલયમાં ગ્લેશિયર સરોવરોની સંખ્યામાં છેલ્લા કેટલાક દાયકાઓમાં મોટો ફેરફાર થયો છે. અભ્યાસો મુજબ, ૧૯૭૭માં અહીં આશરે ૬૦૬ ગ્લેશિયર સરોવરો નોંધાયા હતા, જે વધીને ૨૦૧૭ સુધીમાં આશરે ૧,૫૪૧ થઈ ગયા છે. એનો અર્થ એ નથી કે દરેક સરોવર ગમે ત્યારે ફાટી જશે, પરંતુ જેટલા વધુ સરોવરો બનશે, તેટલા જ વધુ એવા સ્થળો ઊભા થશે જ્યાં ભવિષ્યમાં જોખમ પેદા થઈ શકે છે. તેથી જ વૈજ્ઞાનિકો ગ્લોબલ વોર્મિંગ અને ગ્લેશિયર સરોવરોના વધતા જોખમ વચ્ચે સીધો સંબંધ હોવાનું માને છે. બીજી તરફ સ્થિતિ એવી છે કે, ગ્લોબલ વોર્મિંગની અસર માત્ર મેદાની વિસ્તારોમાં વધતા તાપમાન પૂરતી મર્યાદિત નથી, પરંતુ ઊંચાઈવાળા વિસ્તારોમાં પણ તાપમાન અને બરફવર્ષાની પદ્ધતિમાં બદલાવ આવી રહ્યો છે. હિમાલયના ઊંચા વિસ્તારોમાં તાપમાન વધવાથી બરફ વહેલો પીગળે છે. ઘણી જગ્યાએ ગ્લેશિયરનું સંતુલન બગડે છે, ગ્લેશિયરની જાડાઈ ઘટે છે અને ત્યાં ખાલી જગ્યા બની જાય છે, જેમાં પછી પાણી જમા થવા લાગે છે. આ જ પાણી જ્યારે કુદરતી બંધ પાછળ મોટી માત્રામાં જમા થઈ જાય છે ત્યારે જોખમ વધી જાય છે. વૈજ્ઞાનિકોના મતે હિમાલયમાં વધતું તાપમાન ગ્લેશિયરોના ઝડપથી પીગળવાના મુખ્ય કારણોમાંનું એક છે. જો કે, માત્ર તાપમાન જ દરેક ઘટના માટે જવાબદાર નથી હોતું, પર્વતોની ભૌગોલિક રચના, ભારે વરસાદ, ભૂસ્ખલન અને હિમસ્ખલન પણ કોઈપણ સરોવરને અચાનક તોડી શકે છે.

**પુરનું કારણ માત્ર તિબેટમાં ફાટેલું ગ્લેશિયર નથી પરંતુ તે માટે પર્વતો અને મેદાની વિસ્તારોમાં વધેલુ તાપમાન પણ મહત્વના કારણ છે. સરોવરો ફાટે એટલે તરત જ તેમાંથી નીકળતો પાણીનો પ્રચંડ પ્રવાહ અને કાટમાળ ઈમારતો, રસ્તાઓને ઘસડી જાય છે**

# તહેવારમાં મોડર્ન સ્ટાઈલનો સમન્વય કરતાં આઉટફિટ

યુવતીઓ માટે પોતાની ફેશન સેન્સ અને સ્ટાઈલ સ્ટેટમેન્ટ રજૂ કરવાનો પણ એક ખાસ અવસર છે. આ વખતે ફેશન વર્લ્ડમાં પરંપરાગત એથનિક વેર અને આધુનિક ઈન્ડો-વેસ્ટર્ન ડિઝાઈન્સનું સુંદર મિશ્રણ જોવા મળી રહ્યું છે. પૂજા-વિધિની પરંપરા જળવાઈ રહે અને દિવસભરના પારિવારિક સમારંભમાં આરામદાયક લુક પણ મળે, તેવા હોટ ફેવરિટ આઉટફિટ્સ યુવતીઓમાં ખૂબ જ ડિમાન્ડમાં છે.



### એથનિક ફ્યુઝન અને ઈન્ડો-વેસ્ટર્ન

આજના આધુનિક યુગમાં કો-ઓર્ડ સેટ્સ ફેશન ચાર્ટમાં ટોપ પર છે. બાંધણી, અજરક કે ફ્લોરલ પ્રિન્ટ્સવાળા કોટન અને સિલ્ક ફેબ્રિકના કો-ઓર્ડ સેટ્સ ખૂબ આકર્ષક લાગે છે. આ સિવાય ધોતી પેન્ટ્સ સાથે ક્રોપ ટોપ અને ઉપર લોંગ એમ્બ્રોઈડરી શ્રગ અથવા જેકેટનો લુક યુવતીઓમાં ભારે લોકપ્રિય છે. ધોતી પેન્ટ્સ સાથે શોર્ટ ક્રોપ ટોપ પણ અત્યારે ચલણમાં છે. કોલેજ ગોઈંગ અને વર્કિંગ યુવતીઓ આ પ્રકારનાં આઉટફિટ પહેરવાનું વધારે પસંદ કરે છે.

### રોયલ શરારા સેટ્સ

જો ઉત્સવમાં થોડો રોયલ અને ડ્રામેટિક લુક જોઈતો હોય તો શરારા સેટ શ્રેષ્ઠ વિકલ્પ છે. શોર્ટ કુર્તી સાથે ઘેરદાર શરારા અને મેચિંગ દુપટ્ટો અત્યંત સુંદર દેખાય છે. મિરર વર્ક, ગોટાપટ્ટી અને હળવી થ્રેડ એમ્બ્રોઈડરીવાળા શરારા સેટ્સ આ રક્ષાબંધને યુવતીઓની પહેલી પસંદ બની રહ્યા છે, કારણ કે કેરી કરવામાં ઈઝી છે.

### અનારકલી અને નાયરા કટ સૂટ્સ

અનારકલી સૂટ્સ ક્યારેય ફેશનમાંથી બહાર જતા નથી. અનારકલીમાં ડિફરન્ટ લેન્થ અવેલેબલ છે. દરેક પોતપોતાની ચોઈસ અનુસાર લેન્થની પસંદગી કરે છે. કોઈ નોર્મલ લેન્થ પ્રિફર કરે છે તો કોઈ ફ્લોર લેન્થ. ફ્લોર-લેન્થ અનારકલી ચંદેરી કે જ્યોર્જેટ ફેબ્રિકમાં ખૂબ ક્લાસિક લુક આપે છે. સાઈડ સ્લિટવાળા નાયરા કટ અને એ લાઈન કુર્તી-પલાઝો સેટ્સ આરામદાયક હોવાની સાથે ઉત્સવ માટે પર્ફેક્ટ વાઈબ્સ આપે છે. ફેસ્ટિવલમાં અનારકલી અને નાયરા કટ સૂટ્સ અત્યારે હોટ ફેરવિટ છે.

### રેડી-ટુ-વેર અને ઓર્ગેન્ઝા સાડી

જે યુવતીઓને સાડી પહેરવાનો શોખ છે, તેઓ માટે લાઈટવેઈટ ઓર્ગેન્ઝા અથવા જ્યોર્જટ સાડી હોટ ફેવરિટ છે. પ્લીટ્સ સાચવવાની ઝંઝટ વગર સરળતાથી પહેરી શકાય તેવી રેડી-ટુ-વેર સાડીઓનો ટ્રેન્ડ પણ વધ્યો છે. હેવી ડિઝાઈનર બ્લાઉઝ સાથે પ્લેન કે ફ્લોરલ સાડી ખૂબ જ એલિગન્ટ લાગે છે.

# ગ્લેમરસ-સ્ટાઈલિશ લુક માટેનો ઉત્તમ વિકલ્પ લોન્ગ એરિંગ્સ

જ્વેલરી એ માત્ર એક શણગાર નથી, પરંતુ વ્યક્તિગત સ્ટાઈલ અને આત્મવિશ્વાસ વ્યક્ત કરવાનું માધ્યમ છે. ખાસ કરીને એક્સેસરીઝની વાત કરીએ ત્યારે લોન્ગ એરિંગ્સ હંમેશાં ફેશન ટ્રેન્ડ્સમાં પ્રથમ ક્રમે રહે છે. પછી તે ટ્રેડિશનલ આઉટફિટ હોય કે વેસ્ટર્ન, યોગ્ય રીતે પસંદ કરાયેલી લાંબી એરિંગ્સ તહેવારોમાં સમગ્ર લુકને તરત જ રોયલ અને આકર્ષક બનાવી દે છે. હાલ ફેશનમાં ચાલતા લોન્ગ એરિંગ્સના મુખ્ય ટ્રેન્ડ્સ વિશે જાણીએ.



### ઓક્સોડાઈઝ્ડ અને સિલ્વર ડાંગલર્સ

નવરાત્રીમાં ગરબા ઉપરાંત હવે ફેસ્ટિવલમાં પણ ઓક્સોડાઈઝ્ડ લોન્ગ અરિંગ્સ યુવતીઓની પહેલી પસંદ છે. ઘુંઘરૂં, મિરર વર્ક, મોર જેવાં વિવિધ પક્ષીઓ અને હાથી જેવાં વિવિધ પ્રાણીઓ તથા ઝૂમકા ડિઝાઈનની સિલ્વર એરિંગ્સ કુર્તી અને ચણિયાચોળી સાથે શ્રેષ્ઠ લુક આપે છે.

### ડ્રોપ અને થ્રેડર એરિંગ્સ

કેઝ્યુઅલ અને વેસ્ટર્નવેર માટે થ્રેડર એટલે કે ચેનવાળી અને પર્લ/સ્ટોન ડ્રોપ એરિંગ્સ અત્યંત લોકપ્રિય છે. આ અત્યંત હળવા વજનની હોય છે અને ક્લાસી લુક આપે છે.

### ચાંદબાલી અને હેવી ઝૂમકા

લગ્નપ્રસંગ કે ટ્રેડિશનલ ફંક્શન માટે ફ્લોરલ અને ચાંદબાલી શેપનાં મોટાં ઝૂમકા સદાબહાર ટ્રેન્ડ છે. કુંદન, મીનાકારી અને પર્લ વર્કવાળી ચાંદબાલી સાડી કે અનારકલી સૂટ સાથે ખૂબ જ રોયલ લાગે છે.

### જ્યોમેટ્રિક અને સ્ટેટમેન્ટ એરિંગ્સ

ઓફિસવેર, પાર્ટી કે વેસ્ટર્ન ડ્રેસીસ માટે ગોલ્ડન અથવા રોઝ ગોલ્ડ ફિનિશિંગવાળી ઓવલ, રેક્ટેંગલ કે મલ્ટિ-લેયર મેટલિક એરિંગ્સ ફેશનમાં છે.

### સ્ટાઈલ કરતી વખતે ધ્યાનમાં રાખો

તમારો ચહેરો ગોળ હોય તો લાંબી અને પાતળી એરિંગ્સ ચહેરાને લાંબો અને આકર્ષક લુક આપે છે. ઓવલ કે હાર્ટ શેપ ચહેરા પર ઝૂમકા અને ચાંદબાલી વધુ સૂટ થાય છે.ડીપ નેક, ઓફ-શોલ્ડર કે બોટ-નેક ડ્રેસ સાથે લોન્ગ એરિંગ્સ સૌથી વધુ સૂટ થાય છે. જો એરિંગ્સ ખૂબ હેવી અને સ્ટેટમેન્ટ હોય તો ગળામાં નેકલેસ પહેરવાનું ટાળવું જોઈએ. લોન્ગ એરિંગ્સની સુંદરતા ત્યારે જ વધુ નીખરે છે જ્યારે હેરસ્ટાઈલ યોગ્ય હોય. મેસી બન, હાઈ પોનીટેલ કે સાઈડ-સ્વેપ્ટ હેર સાથે લાંબી એરિંગ્સ સુંદર દેખાય છે.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Co□□□□ercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO
Licensed to work in ALBERTA as well – Property visit can be scheduled during my trip to Alberta

90+ Room Franchise Hotel – Indoor Corridor, Fully Renovated and Upgraded in WINDSOR – Asking $7,200,000
Close to Hwy 401 and USA Border, Easy Operation, 3.5 Acres of Co□□□□ercial Lot – potential for future development
Exclusive Listing: Buyer must have a 40% - 50% down payment. For more info NDA and Buyer Rep Agreement to sign

43 Room Motel + Restaurant (241 Pizza) + 2 Apt on 6 Acre Co□□□□ercial Lot in Cochrane, ON – Asking $3,900,000
Both businesses are money making and run through the employees – Absentee Owner since 2019. Great NOI and EBITA

17 Room Motel in Huntsville - $2.3M
Absentee Owner since last 4 years
Great income and NOI
Renovated Rooms, Located in the downtown,
Everything is at a walking distance

54 Room Hotel & Restaurant - $4.9M
Located in 1000 Islands/Gananoque
Year round profitable operation. Well maintained property. Clsoe to Hwy 401, Casino and 1000 Island Crusie Line. Excellent NOI / EBITA – Great investment. About 40% Down require.

21 Room Motel & Restaurant in Gravenhurst
Asking $1,499,000
All rooms are occupied by the long-term people paying monthly. 3 Acres of lot, Municipality services. Selling AS IS
Ideal for builder or contractor

4 Small Motels for Sale in Northern Ontario – About 1-2 hours from Sudbury & North Bay
12 to 18 Rooms – Asking $875,000 to $1,300,000. About 15% to 25% down payment require.
Call for more info. Buyer to sign NDA first.

Motels and Hotels in ALBERTA: Small Motels and Franchise Hotels are available
Call for more info. Buyer to sign NDA for reviewing the financials on any property

Motel Jobs AND Working Partner Opporunity (min $200,000 to invest)
Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acco□□□□odation + Competitive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1, ONTARIO Office: 905-366-8100
Brilliant Realty , 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, ALBERTA – Direct Contact: 647-866-2790

## ઇનોવેટિવ ઇન્ડિયા, ગ્લોબલ ઇમ્પેક્ટ’ થીમ હેઠળ ગુજરાતની કળા, સંસ્કૃતિ અને ટેકનોલોજીની ઝાંખીથી હજારો દર્શકો મંત્રમુગ્ધ




# ‘પેનોરમા ઈન્ડિયા ફેસ્ટિવલ-પરેડ’માં NYCOના ગુજરાત ફ્લોટનો દબદબો

### મહિલાઓએ ગર્વથી બાંધણી અને લહેરિયા સાડી પહેરી અને પુરુષો પરંપરાગત કુર્તા-પાયજામામાં ભવ્ય દેખાયા

**ટોરોન્ટો**

નટરાજ યુથ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (NYCO) દ્વારા રવિવાર, ૧૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ટોરોન્ટોના નાથન ફિલિપ્સ સ્ક્વેર ખાતે યોજાયેલા ‘પેનોરમા ઈન્ડિયા ડે ફેસ્ટિવલ અને ભવ્ય પરેડ’માં ગુજરાતના સમૃદ્ધ વારસા, સંસ્કૃતિ અને વૈશ્વિક યોગદાનને ગૌરવપૂર્વક પ્રદર્શિત કરાયું હતુ. NYCOના ‘ગુજરાત ફ્લોટ’ (ઝાંખી) ને તેની અધિકૃતતા, સર્જનાત્મકતા અને ગુજરાતની સાંસ્કૃતિક ઓળખના જીવંત નિરૂપણ માટે વિશેષ માન્યતા મળી હતી.

“નવતર ભારત, વૈશ્વિક પ્રભાવ”ની પ્રેરણાદાયી થીમ હેઠળ, આ ગુજરાત ફ્લોટે રાજ્યની સમૃદ્ધ વિરાસતથી લઈને તેના વધતા જતા વૈશ્વિક પ્રભાવ સુધીની સફરને સુંદર રીતે રજૂ કરાઈ હતી. આ ભવ્ય ફ્લોટમાં ગુજરાતના મહત્વપૂર્ણ પ્રતીકો અને સિદ્ધિઓ દર્શાવવામાં આવી હતી. જેમાં મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલનું સન્માન કરતી સ્ટેચ્યુ ઓફ યુનિટી, ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાઓ, યોગ, હસ્તકલા, વારસો અને ટેકનોલોજી અને નવીનતામાં આધુનિક પ્રગતિનો ચિતાર હતો. ફ્લોટ ઉપર પ્રદર્શિત શક્તિશાળી અને અર્થપૂર્ણ સૂત્રો ભારતની પ્રગતિ, એકતા, નેતૃત્વ અને વૈશ્વિક હાજરીમાં ગુજરાતના કાયમી યોગદાનને પ્રકાશિત કરવાનો અનોખો પ્રયાસ રહ્યો છે.

ભારતના કાર્યકારી કોન્સ્યુલ જનરલ મહાવીર સિંઘવીના નેતૃત્વમાં પરંપરાગત આરતી સમારોહ દ્વારા ફ્લોટનું ઉદ્ઘાટન થવા બદલ NYCOને ખૂબ જ સન્માન મળ્યું હતુ. મહિલાઓએ ગર્વથી જીવંત બાંધણી અને લહેરિયા સાડી પહેરી હતી, જ્યારે પુરુષો પરંપરાગત કુર્તા-પાયજામામાં



ભવ્ય દેખાતા હતા. ગુજરાતી વારસાના રંગબેરંગી પ્રદર્શનને તાળીઓ પાડતા અને ઉજવણી કરતા હજારો દર્શકોનું દૃશ્ય સમુદાયના ગૌરવ, એકતા અને ભાગીદારીનો એક શક્તિશાળી પુરાવો હતો.

“આ વર્ષના ફ્લોટમાં ‘ઈનોવેટિવ ઈન્ડિયા, ગ્લોબલ ઈમ્પેક્ટ’ ની ભાવના હેઠળ ગુજરાતના નેતૃત્વ, સંસ્કૃતિ, વારસો અને નવીનતાના વારસાની ઉજવણી કરવામાં આવી હતી. કેનેડામાં આપણા મૂળને જીવંત રાખવા અને ગુજરાતની સુંદરતા, વિવિધતા અને સિદ્ધિઓને વ્યાપક સમુદાય સાથે શેર કરવાનો અમારો લહાવો છે.

પેનોરમા ઈન્ડિયા દ્વારા ટોરોન્ટોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલના સહયોગથી આયોજિત ઈન્ડિયા ડે ફેસ્ટિવલ અને ગ્રાન્ડ પરેડમાં આખો દિવસ જીવંત સાંસ્કૃતિક ઉજવણીનો સમાવેશ થતો હતો. કાર્યક્રમમાં સાંસ્કૃતિક પ્રદર્શન, ચાર ભારતીય ભાષાઓમાં બાળકોનું ગીત, સેલિબ્રિટી મહેમાન દ્વારા લાઈવ કોન્સર્ટ અને વિવિધ ભારતીય રાજ્યો અને સમુદાય સંગઠનોનું પ્રતિનિધિત્વ કરતા ફ્લોટ્સ દર્શાવતી અદભુત પરેડનો સમાવેશ થતો હતો.

NYCOના સ્થાપક અને પ્રમુખ ચિંતન ભાવસારે તેના પ્રાયોજકો, સ્વયંસેવકો, સમુદાય સભ્યો, ભારત-કેનેડા સમુદાય સંગઠનો, સમર્થકો અને શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો જેમના અતૂટ સમર્થન, સમર્પણ અને ઉત્સાહે ગુજરાત ફ્લોટને ફરી એકવાર નોંધપાત્ર સફળતા અપાવી હતી.

NYCO સાંસ્કૃતિક પરંપરાઓનું જતન કરવા, યુવા પેઢીને જોડવા અને કેનેડાભરના સમુદાયો સાથે ભારતના વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસાને ગર્વથી શેર કરવા માટે પ્રતિબદ્ધ હોવાની વાત સભ્યોએ ફરી દોહરાવી હતી.





# કેનેડામાં ઈ-સ્કૂટરને અકસ્માતોમાં ૪૦%નો વધારો

## એક જ વર્ષમાં 837 લોકો હોસ્પિટલ ભેગા થયા; 15 વર્ષ સુધીના બાળકોમાં ઈજાના કિસ્સા ત્રણ ગણા વધી ગયા

**ક્યુબેક**

કેનેડિયન ઈન્સ્ટિટ્યૂટ ફોર હેલ્થ ઈન્ફર્મેશનના તાજેતરના રિપોર્ટ મુજબ દેશમાં ઈ-સ્કૂટર ચલાવતી વખતે અકસ્માતનો ભોગ બનીને હોસ્પિટલમાં દાખલ થનારા બાળકો અને પુખ્ત વયના લોકોની સંખ્યામાં વર્ષ દરમિયાન આશરે ૪૦ ટકાનો ચિંતાજનક ઉછાળો નોંધાયો છે. ડેટા અનુસાર એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ દરમિયાન ઈ-સ્કૂટરની ઈજાઓને કારણે ૮૩૭ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા, જે અગાઉના વર્ષના સમાન સમયગાળામાં ૬૦૧ હતા. હોસ્પિટલમાં દાખલ થવાનું મુખ્ય કારણ હાડકાના ફ્રેક્ચર તેમજ માથા અને મગજની ગંભીર ઈજાઓ હોવાનું સામે આવ્યું છે. ટોરોન્ટોની હોસ્પિટલ ફોર સિક ચિલ્ડ્રનના



પીડિયાટ્રિક ઈમરજન્સી ફિઝિશિયન ડેનિયલ રોઝનફિલ્ડે જણાવ્યું હતું કે, ઈ-સ્કૂટર્સની સરળ ઉપલબ્ધતા અને વધતા વપરાશને કારણે આ આંકડાઓ આશ્ચર્યજનક નથી પણ અત્યંત ચિંતાજનક છે.

રિપોર્ટના ચોંકાવનારા આંકડા મુજબ ૧૫ વર્ષ કે તેથી ઓછી ઉમરના બાળકોમાં હોસ્પિટલાઈઝેશનનો આંકડો ૨૦૨૪-૨૫માં ૫૪ હતો, જે ૨૦૨૫-૨૬માં સીધો વધીને ૧૫૦ ઉપર પહોંચી ગયો છે. જેમાં ૧૨૨ છોકરાઓ અને ૨૮ છોકરીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૬થી ૩૦ વર્ષની વયજૂથમાં આ સંખ્યા ૧૨૯ થી વધીને ૧૫૩ થઈ છે.

તબીબી નિષ્ણાતોના જણાવ્યા અનુસાર હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓમાંથી લગભગ બે-તૃતીયાંશ લોકોને ફ્રેક્ચર થાય છે, જ્યારે પાંચમા ભાગના દર્દીઓને મગજ કે માથા ભાગે ગંભીર ઈજાઓ થાય છે. ઈ-સ્કૂટર્સનો વધતો ઉપયોગ જોતાં આગામી દિવસોમાં આ ઈજાઓનો આંકડો વધુ વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

# ગુજરાત સરકારની ઉદાસિનતા, ભાષા કચેરીમાં 8 વર્ષથી કાયમી નિયામક નથી

**અમદાવાદ**

ગુજરાતી ભાષાનું ગૌરવ એ દરેક ગુજરાતી માટે હોય છે, પરંતુ સરકારે પણ ગુજરાતી ભાષાનું મહત્ત્વ સમજીને હવે સૌથી મહત્વની એવી ભાષા માટેની કચેરીને સ્ટાફ-સુવિધાઓ સજ્જ કરવાની જરૂર છે. જ્યારે ગુજરાત ગુજરાતી ભાષા દિવસની ઉજવણી કરી રહ્યુ છે, ત્યારે સરકાર ઉદાસીન હોય તેવુ લાગી રહ્યુ છે. કારણકે ભાષા નિયામકની કચેરીમાં 8 વર્ષથી કાયમી નિયામક જ નથી અને અધિકારીઓ-કર્મચારીઓની 40 ટકા જગ્યાઓ ખાલી છે. જેમાં સૌથી મહત્ત્વની એવી ભાષાંતરકારોની 13 જગ્યાઓ પણ ચાર વર્ષથી ખાલી છે.

આ કચેરી વર્ષ 2005થી રમત-ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ હેઠળ લાવવામાં આવી હતી.

આ કચેરીના મુખ્ય અધિકારી ભાષા નિયામક ગણાય છે અને જે વર્ગ-1ના અધિકારી હોય છે. 24મી ઓગસ્ટના રોજ જ્યારે આપણે ગુજરાતી ભાષા દિવસ-વિશ્વ ગુજરાતી દિવસની ઉજવણી કરીએ, ત્યારે સૌથી ચિંતાજનક અને કરૂણ કહી શકાય તેવી વાત એ છે કે સરકારની આ ભાષા નિયાકની કચેરીમાં 8 વર્ષથી કાયમી ભાષા નિયામક જ નથી. 2018માં કાયમી ભાષા નિયામક નિવૃત થયા બાદ 8 વર્ષથી ચાર્જ ચાલે છે.

# 75 વર્ષનાં વૃધ્ધાને અશ્લીલ ફોટાને નામે ડરાવી ડિજિટલ એરેસ્ટ કરાઈ, રૂા. 56 લાખ પડાવાયા

## સીબીઆઈ અને નરેશ ગોયલ મની લોન્ડરિંગ કૌભાંડમાં નામ હોવાનું કહી ખેલ

**અમદાવાદ**

અમદાવાદમાં 75 વર્ષનાં વૃધ્ધાને અશ્લીલ ફોટાના બહાને ડરાવીને ડિજિટલ એરેસ્ટ કરી 56 લાખ પડાવ્યા હોવાનો કિસ્સો સામે આવ્યો હતો.

મળતી વિગત પ્રમાણે, અમદાવાદના ઘુમા વિસ્તારમાં રહેતા 75 વર્ષીય નિવૃત્ત મહિલા પ્રોફેસરને સાયબર ગઠિયાઓએ ડિજિટલ એરેસ્ટ કરીને રૂ.56 લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. ગઠિયાઓએ TRAI અને પોલીસના નામે ફોન કરીને વૃદ્ધાને કહ્યું કે તેમના નામે મુંબઈથી ખરીદેલા સિમકાર્ડ પરથી ગેરકાયદે પ્રવૃત્તિઓ થઈ છે અને 25 જેટલી ફરિયાદો નોંધાઈ છે. વીડિયો કોલ દરમિયાન વૃદ્ધાનું ઓળખકાર્ડ બતાવી તેમને વિશ્વાસમાં લીધા હતા. બાદમાં સીબીઆઈ અને નરેશ ગોયલ મની લોન્ડરિંગ કૌભાંડમાં નામ હોવાનું કહી વૃદ્ધાને 10 વર્ષની જેલની સજાની ધમકી આપી ડરાવ્યા હતા.આરોપીઓએ સતત 19 દિવસ સુધી વીડિયો અને ફોન કોલ દ્વારા વૃદ્ધા પર નજર રાખી હતી અને રોજ સવાર-સાંજ ગુડ મોર્નિંગ/ગુડ નાઈટના મેસેજ કરવા દબાણ કર્યું હતું. પરિવારમાં કોઈને જાણ ન કરવા પણ ધમકી આપી હતી. મિલકતની તપાસ અને વેરિફિકેશનના નામે વૃદ્ધા પાસેથી મ્યુચ્યુઅલ ફંડ તોડાવીને તેમજ ડિજિટલ કરન્સી ચકાસવાના બહાને ટુકડે-ટુકડે કુલ રૂ.56 લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. અચાનક આરોપીઓએ સંપર્ક તોડી નાખતાં અને વોટ્સએપ ડેટા ડિલીટ થઈ જતાં વૃદ્ધાને છેતરપિંડીનો અહેસાસ થયો હતો. તેમણે સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ કરતાં બોપલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

# કેનેડિયન કોસ્ટ ગાર્ડના સૌથી શક્તિશાળી આઈસબ્રેકરની ઉત્તર ધ્રુવ પર છઠ્ઠી સફર

## ખાસ સેન્સર્સની મદદથી આર્કટિક મહાસાગરના તળિયાનો ચોક્કસ નકશો તૈયાર કરાશે

**ટોરોન્ટો**

કેનેડિયન કોસ્ટ ગાર્ડના સૌથી મોટા અને અત્યાધુનિક આઈસબ્રેકર 'CCGS લુઈસ એસ. સેન્ટ-લોરેન્ટ'એ સ્વીડિશ જહાજ 'ઓડેન' સાથે ૧૬ ઓગસ્ટના રોજ ઉત્તર ધ્રુવ પર પહોંચીને એક નવો ઈતિહાસ રચ્યો હતો. આ જહાજ દ્વારા ઉત્તર ધ્રુવની હાથ ધરવામાં આવેલી આ છઠ્ઠી સફળ યાત્રા છે.

આ ધ્રુવીય મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય ખાસ સેન્સર્સની મદદથી આર્કટિક મહાસાગરના તળિયાનો ચોક્કસ નકશો તૈયાર કરવાનો છે.

સંશોધકોના જણાવ્યા મુજબ આ ડેટા રશિયા અને ડેનમાર્ક (ગ્રીનલેન્ડ) દ્વારા આર્કટિક ક્ષેત્ર પર કરવામાં આવતા દાવાઓ સામે કેનેડાની ભૌગોલિક સીમાઓના દાવાને વધુ મજબૂત કરવામાં મદદ કરશે. ખાસ કરીને લોમોનોસોવ રિજ (પાણીની અંદરની પર્વતમાળા) આસપાસના વિસ્તાર પર આ સંશોધન કેન્દ્રિત છે. કેનેડાના ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણના વૈજ્ઞાનિક કાઈ બોગિલ્ડ આ સંશોધન કામગીરીનું નેતૃત્વ કરી રહ્યા છે.

વિશ્વના આ અંતરિયાળ છેડે પહોંચ્યા બાદ જહાજના ક્રૂ સભ્યોએ બરફ પર મૈત્રીપૂર્ણ હોકી મેચ રમીને આ ક્ષણને યાદગાર બનાવી હતી. કેપ્ટન બાયરન બ્રિગ્સ માટે વિશ્વની છત પર પહોંચવાનો આ પ્રથમ અનુભવ હતો, જેને તેમણે સમગ્ર ટીમ માટે અત્યંત ખાસ ક્ષણ ગણાવી હતી. ઉલ્લેખનીય છે કે, ૭૭ લોકોના ક્રૂ (જેમાં ૪૭ મુખ્ય ક્રૂ, મેડિકલ ટીમ, હેલિકોપ્ટર ફ્લાઈટ ક્રૂ અને ૨૨ વૈજ્ઞાનિકો સામેલ છે) સાથે નીકળેલું આ જહાજ ૮ જુલાઈના રોજ ન્યૂફાઉન્ડલેન્ડના સેન્ટ જોન્સ બંદરેથી રવાના થયું હતું.

# સંગઠન અભિયાન નિષ્ફળ રહેતા 9 કોંગ્રેસ પ્રમુખની હકાલપટ્ટી નક્કી

## ચૂંટણીમાં નબળું પ્રદર્શન, ટિકિટ વિતરણમાં ગેરરીતિએ ખેલ બગાડ્યો

**અમદાવાદ**

ગુજરાતમાં આઠ-નવ જિલ્લા અને શહેર કોંગ્રેસ પ્રમુખોની હકાલપટ્ટી થઈ શકે છે. સ્થાનિક સ્તરે જૂથબંધી અને કથળતા પ્રદર્શનને રોકવા માટે કોંગ્રેસ હાઈકમાન્ડ હવે એક્શન મોડમાં આવ્યું છે. સમગ્ર દેશમાંથી ગુજરાતને પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરીને 'સંગઠન સૃજન અભિયાન'ની શરૂઆત કરવામાં આવી હતી. આ અભિયાનનો મુખ્ય હેતુ પાયાના કાર્યકરોને સાંકળીને મજબૂત સંગઠન ઊભું કરવાનો હતો.

આ જ અભિયાન અંતર્ગત અગાઉ વિવિધ શહેર અને જિલ્લાના પ્રમુખોની તાજપોશી કરવામાં આવી હતી. જોકે, આ પ્રયોગ જમીની સ્તરે અપેક્ષિત પરિણામો આપવામાં નિષ્ફળ રહ્યો હોવાનું મોવડીમંડળના ધ્યાન પર આવ્યું છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકાઓની ચૂંટણીઓમાં કોંગ્રેસના કંગાળ પ્રદર્શન પાછળ આંતરિક જૂથબંધી હોવાનું ખુલ્યું છે. ઉપરાંત વફાદાર કાર્યકરોની ઉપેક્ષા કરીને અયોગ્ય લોકોને ટિકિટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ચૂંટણીના આ ખરાબ પ્રદર્શન માટે પ્રમુખોની નિષ્ક્રિયતા મુખ્ય કારણ હોવાનું આંતરિક રિપોર્ટમાં સામે આવ્યું છે.

# નરોડામાંથી ૧.૧૭ કરોડના કોકેઈન સાથે રાજસ્થાનનો શખ્સ ઝડપાયો

**અમદાવાદ**

નરોડા પોલીસની ટીમને વિસ્તારમાં ગેરકાયદે માદક પદાર્થોની હેરફેર અંગે ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે પોલીસે નરોડાઝ નજીક વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હિલચાલ ધરાવતા એક યુવકની અટકાયત કરી તેની તલાશી લેતાં તેની પાસેથી ૨૩૪ ગ્રામ કોકેઈન મળી આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં જપ્ત કરાયેલા આ ડ્રગ્સની અંદાજિત કિંમત ૧.૧૭ કરોડ રૂપિયાથી વધુ આંકવામાં આવી છે. તપાસમાં પકડાયેલા આરોપીની ઓળખ હરેશ સૈન તરીકે થઈ છે, જે મૂળ રાજસ્થાનનો રહેવાસી છે. પોલીસના જણાવ્યાનુસાર, આરોપી ખાનગી ટ્રાવેલ્સ બસ મારફતે ડ્રગ્સનો આ કિંમતી જથ્થો લઈને અમદાવાદ પ હોંચ્યો હતો. આ ઘટના બાદ પોલીસે સમગ્ર ડ્રગ્સ નેટવર્ક અને સપ્લાય ચેઈનનો પર્દાફાશ કરવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. રાજસ્થાનથી આ જથ્થો કોણે મોકલ્યો હતો અને અમદાવાદમાં આ ડ્રગ્સ કોને પહોંચાડવાનું હતું (રિસીવર કોણ હતું) તે દિશામાં આરોપીની પૂછપરછ કરી રહી છે. આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી છે.

# અમેરિકા સાથે વેપાર મંત્રણા રદ કરવાના નિર્ણયને 76 ટકા કેનેડિયનો દ્વારા સમર્થન

## ખરાબ સોદો સ્વીકારવા કરતાં મંત્રણામાંથી બહાર નીકળવાન માર્ગને લોકોએ યોગ્ય ગણાવ્યો

**ટોરોન્ટો**

એંગસ રીડ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવેલા તાજેતરના મતદાનમાં બહાર આવ્યું છે કે, ૭૬ ટકા કેનેડિયન નાગરિકો અમેરિકા સાથેની વેપાર મંત્રણા સમાપ્ત કરવાના સરકારના નિર્ણયને યોગ્ય ગણાવી રહ્યા છે. સરવેના તારણો અનુસાર ૫૯ ટકા લોકો માને છે કે, સ્વીકાર્ય કરાર થશે કે નહીં, તેના પર સરકારનું બહુ ઓછું કે કોઈ નિયંત્રણ નથી. ૨૦૨૫ની ફેડરલ ચૂંટણીમાં કન્ઝર્વેટિવને મત આપનારા ૫૩ ટકા લોકો તેમજ ૬૯ ટકા લિબરલ અને ૭૬ ટકા NDP મતદારોએ પણ મંત્રણા અટકાવવાના નિર્ણયને કેનેડાના હિતમાં ગણાવ્યો છે. બીજી તરફ ટ્રમ્પે કેનેડિયન ઓટોમોબાઈલ્સ, સ્પેરપાર્ટ્સ અને સ્ટીલ પર ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી વધારાના ટેરિફ લાદવાની ધમકી આપી છે. ટ્રમ્પે આક્ષેપ કર્યો હતો કે, કેનેડા વર્ષોથી અમેરિકાને છેતરી રહ્યું છે અને હવે તેની સાથે એક સ્વતંત્ર રાજ્ય તરીકે વ્યવહાર કરવામાં નહીં આવે. અમેરિકાના વલણને કારણે કેનેડાના આશરે $ ૨૮ બિલિયન મૂલ્યના માલસામાનને સીધી અસર પહોંચશે.વેપાર યુદ્ધ ઘેરું બનવાની આશંકા વચ્ચે ૮૯ ટકા કેનેડિયનોએ ફુગાવો વધવાની ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. જોકે, ૬૪ ટકા નાગરિકો હજુ પણ માને છે કે, કેનેડા જો યુનાઈટેડ સ્ટેટ્સ પરની પોતાની નિર્ભરતા ઘટાડશે, તો આ પડકારજનક સમયમાંથી વધુ મજબૂત બનીને બહાર આવશે.

# ભારતીય બોલર્સ સામે 'દીવાલ' બન્યો સોનલ દિનુષા, કોલંબો ટેસ્ટ ડ્રો

## ભારતે 1-0થી સિરીઝ પોતાના નામે કરી : દિનુષાની અણનમ 133 રન : ફોલોઓન બાદ બંને ઈનિંગ્સમાં સદીનો વર્લ્ડ રેકોર્ડ

**કોલંબો**

શ્રીલંકાના બેટ્સમેન સોનલ દિનુષાની લડાયક સદીના દમ પર શ્રીલંકાએ ભારત સામેની બીજી ટેસ્ટ મેચ ડ્રો કરાવી લીધી છે. મેચના પાંચમા દિવસે ભારતને જીત માટે શ્રીલંકાની બાકીની 4 વિકેટો ઝડપવાની જરૂર હતી, પરંતુ ભારતીય બોલરો આખો દિવસ પ્રયાસ કરવા છતાં સફળ થઈ શક્યા નહીં. શ્રીલંકાએ પોતાની બીજી ઈનિંગ્સ 429/9 ના સ્કોર પર ડિકલેર કરી અને બંને ટીમોની સંમતિથી મેચ ડ્રો જાહેર થઈ. ભારતે પ્રથમ ટેસ્ટ મેચ 165 રને જીતી હોવાથી આ 2 ટેસ્ટ મેચની સિરીઝ 1-0 થી પોતાના નામે કરી લીધી છે. જુલાઈ 2023માં વેસ્ટ ઈન્ડિઝ સામેની જીત બાદ ભારતની વિદેશી ધરતી પર આ પહેલી ટેસ્ટ સિરીઝ જીત છે. શુભમન ગિલની કેપ્ટનશીપ હેઠળ પણ આ વિદેશમાં પહેલી ટેસ્ટ સિરીઝ જીત રહી છે.



દિનુષાએ પાંચમા દિવસે 264 બોલનો સામનો કરીને અણનમ 133 રનની મહત્વપૂર્ણ ઈનિંગ્સ રમી હતી. તેણે લગભગ 420 મિનિટ સુધી ક્રિઝ પર ટકી રહીને ભારતીય બોલરોને વિકેટ માટે તરસાવ્યા હતા. આ સમગ્ર સિરીઝ દરમિયાન દિનુષાનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું, જેમાં તેમણે 2 ટેસ્ટની તમામ 4 ઈનિંગ્સમાં 50 થી વધુનો સ્કોર નોંધાવ્યો હતો અને 3 સદી ફટકારી હતી. તેણે આ સિરીઝમાં કુલ 722 બોલ રમીને ક્રિઝ પર 1139 મિનિટ વિતાવી હતી. આ મેચની પ્રથમ ઈનિંગ્સમાં પણ તેણે 103 રન બનાવ્યા હતા, જ્યારે ગૉલમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં પોતાની પ્રથમ સદી ફટકારી હતી. શ્રીલંકાએ પાંચમા દિવસે પોતાની બીજી ઈનિંગ્સ 229/6ના સ્કોરથી આગળ વધારી હતી, ત્યારે તેમની પાસે માત્ર 16 રનની લીડ હતી અને ભારતની જીત નિશ્ચિત જણાતી હતી. પરંતુ દિનુષા અને કેશરા નુવંથાએ મજબૂત લડત આપીને 7મી વિકેટ માટે 112 રનની ભાગીદારી નોંધાવી હતી.



# ICC ટેસ્ટ રેન્કિંગમાં મોટો ફેરબદલ! મિચેલ સ્ટાર્ક બન્યો નંબર 1 બોલર

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની ટેસ્ટ રેન્કિંગમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. ઓસ્ટ્રેલિયાના અનુભવી ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે શાનદાર પ્રદર્શન કરીને વિશ્વના નંબર-1 ટેસ્ટ બોલર બનવાનું ગૌરવ મેળવ્યું છે, જ્યારે ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ હવે ટોચના સ્થાનેથી નીચે ખસી ગયો છે. બાંગ્લાદેશ સામેની ટેસ્ટ મેચમાં 10 વિકેટ લઈને સ્ટાર્કે કારકિર્દીમાં પહેલીવાર આ સ્થાન હાંસલ કર્યું છે. ઓસ્ટ્રેલિયાના મિચેલ સ્ટાર્ક પોતાના 15 વર્ષના લાંબા ટેસ્ટ કરિયરમાં ટોપ 10 બોલરોમાં સામેલ રહ્યા છે, પરંતુ ક્યારેય નંબર 1 બની શક્યા નહોતા. તાજેતરમાં 2 સ્થાનની છલાંગ લગાવીને તેઓ ટોચ પર પહોંચ્યા છે. બીજી તરફ, ભારતના જસપ્રીત બુમરાહ ફેબ્રુઆરી 2024થી લગભગ 2 વર્ષ સુધી મોટાભાગે નંબર 1ના સ્થાન પર રહ્યા હતા, પરંતુ શ્રીલંકા સામેની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ શ્રેણીમાં ન રમવાના કારણે અને સ્ટાર્કના દમદાર ફોર્મના લીધે તેઓ હવે બીજા સ્થાને આવી ગયા છે. આ સાથે જ ન્યુઝીલેન્ડના મેટ હેનરીપણ એક સ્થાન નીચે ઉતરીને ત્રીજા સ્થાને પહોંચી ગયા છે. પાકિસ્તાન સામે રમાયેલી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડ તરફથી ઓલી રોબિન્સન અને જોશ ટંગની જોડીએ મળીને 16 વિકેટ ઝડપી હતી. આ જબરદસ્ત પ્રદર્શનના દમ પર રોબિન્સન 15 સ્થાન આગળ વધીને 11મા નંબર પર આવી ગયા છે, જ્યારે ટંગે 16 સ્થાનની છલાંગ લગાવીને 17મું સ્થાન હાંસલ કરી લીધું છે.

ટેસ્ટ બેટ્સમેનોની રેન્કિંગમાં ટોચના 4 ખેલાડીઓમાં કોઈ ફેરફાર થયો નથી. ઈંગ્લેન્ડના હેરી બ્રૂક નંબર 1 પર યથાવત્ છે, જ્યારે તેમના જ સાથી જો રૂટ બીજા ક્રમે છે. ઓસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથ ત્રીજા અને ટ્રેવિસ હેડ ચોથા સ્થાને કાયમ રહ્યા છે.

શ્રીલંકા સામેની પહેલી ટેસ્ટમાં ઝડપી અડધી સદી ફટકારવાનો ફાયદો ભારતીય વિકેટકીપર ઋષભ પંતને મળ્યો છે. તેઓ 6 સ્થાનની છલાંગ લગાવીને સંયુક્ત રીતે 7મા નંબરે પહોંચી ગયા છે અને આ સાથે તેમણે ટોપ 10 બેટ્સમેનોમાં સ્થાન મેળવી લીધું છે.

## દ્રવિડ અને સહેવાગના પુત્રોને મેચ રમવા માટે મળી તક

# ઓસ્ટ્રેલિયા શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત

**નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ બોર્ડે ઓસ્ટ્રેલિયા ૧૯ ટીમના ભારત પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી છે. ઓસ્ટ્રેલિયાની અન્ડર-૧૯ ટીમ ભારતના પ્રવાસે ૩ વનડે અને ૨ મલ્ટી-ડે મેચની સિરીઝ રમશે. આ સિરીઝ માટે ભારતીય અન્ડર-૧૯ ટીમની જાહેરાત કરવામાં આવી છે. રાહુલ દ્રવિડના પુત્ર અન્વય દ્રવિડ અને વીરેન્દ્ર સહેવાગના પુત્ર આર્યવીરને વનડે સિરીઝ માટે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.



૧૮ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલી વનડે સિરીઝમાં ભારતીય ટીમની કમાન લક્ષ્ય રાયચંદાનીને સોંપવામાં આવી છે, જ્યારે યશબર્ધન ચૌહાણને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. તો ૨૭ સપ્ટેમ્બરથી શરૂ થનાર મલ્ટી-ડે મુકાબલા માટે યશબર્ધનને ભારતીય અન્ડર-૧૯ ટીમની કમાન સોંપવામાં આવી છે. ઓસ્ટ્રેલિયા ૧૯ ટીમ વિરુદ્ધ રમાનાર ૪ વનડે મેચની સિરીઝ માટે જાહેર થયેલી ભારતીય ૧૯ ટીમમાં પૂર્વ ભારતીય ઓપનિંગ બેટર વીરેન્દ્ર સહેવાગ અને પૂર્વ ભારતીય કેપ્ટન રાહુલ દ્રવિડના પુત્રોને પણ સામેલ કરવામાં આવ્યા છે. આર્યવીર અને અન્વયને ટીમમાં તક મળી છે. અન્વયને વિકેટકીપર અને આર્યવીરને બેટરના રૂપમાં ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.

## પાકિસ્તાની મૂળના UAE ક્રિકેટર પર 15 મહિનાનો પ્રતિબંધ

યુએઈ : પાકિસ્તાનમાં જન્મેલા યુએઈના બેટર આસિફ ખાન પર 15 મહિનાનો પ્રતિબંધ લાગ્યો છે. તે ડોપ ટેસ્ટમાં ફેલ થયો. તેના સેમ્પલમાં પ્રતિબંધિત સ્ટેરોઇડના સેમ્પલ મળ્યા છે. આ ટેસ્ટ 8 સપ્ટેમ્બર 2025ના રોજ થયો હતો. આસિફના સેમ્પલમાં મેસ્ટેરોલોનનો મેટાબોલાઈટ મળ્યો. મેસ્ટેરોલોન એક પ્રતિબંધિત એનાબોલિક સ્ટેરોઇડ છે, જેનો ઉપયોગ ટેસ્ટોસ્ટેરોનનું સ્તર વધારવા માટે થાય છે. 36 વર્ષીય ક્રિકેટરને આઈસીસી એન્ટી-ડોપિંગ કોડના અનુચ્છેદ 2.1ના ઉલ્લંઘનનો દોષી ઠેરવ્યો. આઈસીસીએ પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે આસિફે નિયમો તોડ્યા હોવાનું સ્વીકારી લીધું છે.

## 18 સપ્ટેમ્બરે બીસીસીઆઈની વાર્ષિક સામાન્ય બેઠક યોજાશે

**મુંબઈ**

બીસીસીઆઈની વાર્ષિક સામાન્ય બેઠક મુંબઈમાં 18 સપ્ટેમ્બરે યોજાશે. સેક્રેટરી દેવજીત સૈકિયાએ જણાવ્યું કે બેઠકમાં આઈપીએલ કાઉન્સિલના 2 પદો પર ચૂંટણી થશે. આમાંથી એક પદ આઈપીએલ ચેરમેનનું છે. અરુણ ધૂમલ હાલમાં આઈપીએલના ચેરમેન છે. બેઠકમાં આંદામાન-નિકોબાર ક્રિકેટ સંઘને એસોસિયેટ સભ્યપદ આપવા પર પણ નિર્ણય થશે. બીસીસીઆઈના ચૂંટણી અધિકારી એ.કે. જ્યોતિએ મંગળવારે ચૂંટણીની નોટિસ જાહેર કરી. નોટિસમાં કહેવામાં આવ્યું કે- 'BCCIના પૂર્ણ સભ્યો તેમના પ્રતિનિધિઓના નામ ઈલેક્શન લિસ્ટમાં સામેલ કરાવવા માટે અરજી કરી શકે છે.' અરજી જમા કરાવવાની છેલ્લી તારીખ 31 ઓગસ્ટ છે. વોટિંગ માટે ઉમેદવારોના નામ 11 સપ્ટેમ્બરે જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત, બીસીસીઆઈ લોકપાલ અને એથિક્સ ઓફિસરની નિમણૂક પણ AGMના એજન્ડામાં સામેલ છે. બીસીસીઆઈના એસોસિયેટ સભ્યને વોટ આપવાનો અધિકાર નથી AGMના એજન્ડામાં આંદામાન-નિકોબાર દ્વીપસમૂહના ક્રિકેટ સંઘને એસોસિયેટ સભ્યપદ આપવાનો પ્રસ્તાવ સામેલ છે.

# જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સમાં ક્રિકેટનું શેડયૂલ જાહેર

## ભારતીય મેન્સ ટીમની પહેલી મેચ 28 સપ્ટેમ્બરે; ફાઇનલ પહેલા પાકિસ્તાન સામે ટક્કર શક્ય નથી

**નવીદિલ્હી**

જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સમાં ક્રિકેટનું શેડ્યૂલ જાહેર થઈ ગયું છે. ભારતીય મેન્સ ટીમ 28 સપ્ટેમ્બરે સીધી ક્વાર્ટરફાઈનલમાં પોતાની પ્રથમ મેચ રમશે. ભારતનો મુકાબલો કઈ ટીમ સામે થશે, તે હજુ નક્કી નથી.

એશિયન ગેમ્સમાં 10 મેન્સ ટીમ ભાગ લઈ રહી છે. ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકા સીધા ક્વાર્ટર ફાઈનલ રમશે. જ્યારે અફઘાનિસ્તાન સહિત 6 ટીમ પ્રિલિમિનરી રાઉન્ડ રમશે. ટુર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાનનો મુકાબલો ત્યારે જ શક્ય છે, જ્યારે બંને ટીમ ફાઇનલમાં પહોંચે. ટુર્નામેન્ટ નાગોયા નજીક કોરોગી એથ્લેટિક પાર્કમાં યોજાશે. પ્રિલિમિનરી રાઉન્ડની 6 ટીમને 2 ગ્રુપમાં વહેંચવામાં આવી છે. અફઘાનિસ્તાન, નેપાળ અને જાપાન ગ્રુપ-Aમાં છે. જ્યારે હોંગકોંગ, મલેશિયા અને ઓમાન ગ્રુપ-Bમાં સામેલ છે. બંને ગ્રુપની ટોપ 2 ટીમ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચશે.

ભારતનો મુકાબલો ગ્રુપ-Aની નંબર-2 ટીમ સાથે થશે. વધુ સંભાવના છે કે ગ્રુપ-Aમાં અફઘાનિસ્તાન ટોપ કરશે. બાકીની 2 ટીમમાં નેપાળ વધુ મજબૂત દેખાય છે. મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ 17 થી 22 સપ્ટેમ્બર સુધી ચાલશે. ફાઇનલ 22 સપ્ટેમ્બરે થશે. જ્યારે પુરુષ ક્રિકેટ ટુર્નામેન્ટ 24 સપ્ટેમ્બરથી 1 ઓક્ટોબર સુધી ચાલશે. તેની ફાઇનલ 3 ઓક્ટોબરે રમાશે.

ભારતની મહિલા ટીમ 18 સપ્ટેમ્બરે જાપાન સામે પ્રથમ મેચ રમશે. મહિલા કેટેગરીમાં માત્ર 8 ટીમ છે. તેથી તેમની ક્વાર્ટરફાઇનલ મેચો પહેલેથી જ નક્કી છે.

ભારતે એશિયન ગેમ્સ માટે ટીમની જાહેરાત કરી દીધી છે. શ્રેયસ અય્યર કેપ્ટન અને તિલક વર્મા વાઇસ-કેપ્ટન હશે. ટીમમાં વૈભવ સૂર્યવંશીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારતીય મહિલા ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર હશે. જ્યારે સ્મૃતિ મંધાનાને વાઇસ-કેપ્ટન બનાવવામાં આવી છે.

**બંને ટીમની સ્ક્વોડ**

મેન્સ ટીમ: શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા (વાઇસ-કેપ્ટન), વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા, સંજુ સેમસન, ઈશાન કિશન, શિવમ દુબે, નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, વરુણ ચક્રવર્તી, જસપ્રીત બુમરાહ, હર્ષિત રાણા અને અર્શદીપ સિંહ.

મહિલા ટીમ: હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કેપ્ટન), શેફાલી વર્મા, પ્રતિકા રાવલ, દીપ્તિ શર્મા, રિચા ઘોષ (વિકેટકીપર), જી. કમલિની (વિકેટકીપર), ભારતી ફુલમાલી, શ્રી ચરણી, રેણુકા ઠાકુર, ક્રાંતિ ગૌડ, અરુંધતિ રેડ્ડી, શ્રેયંકા પાટીલ, રાધા યાદવ, નંદિની શર્મા.

# પુંછમાં ગમખ્વાર અકસ્માત, કાર ખીણમાં પડતાં છ લોકોના મોત, ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ

## દુર્ઘટના બાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને રાહત અને બચાવ કામગીરી હાથ ધરી

**પુંછ**

જમ્મુ કાશ્મીરના પુંછ જિલ્લામાં એક ગમખ્વાર અકસ્માતના છ લોકોના કરુણ મોત થયા છે. જેમાં પૂંછના સુરનકોટ તાલુકામાં એક કાર કાબુ ગુમાવીને ખીણમાં ખાબકી હતી. જેના પગલે કારમાં સવાર છ લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. આ દુર્ઘટના બાદ સ્થાનિક લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. દુર્ઘટનામાં એક બાળક સહિત ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને પૂંછની જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જેમાં બાળકની હાલત અત્યંત નાજુક હતી. પ્રાથમિક સારવાર આપ્યા બાદ, બાળકને જીએમસી રાજૌરી રિફર કરવામાં આવ્યું હતું. જ્યારે અન્ય બે ઘાયલ વ્યક્તિઓ જિલ્લા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. દુર્ઘટના બાદ પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. તેમજ રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી. તેમજ મૃતકોના મૃતદેહને પણ પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે. પોલીસે આ મામલાની તપાસ પણ શરૂ કરી છે.



# ખાંડ હજુ મોંઘી કરો, 40થી વધુ વયના લોકોને તો મળવી જ ના જોઈએ : મંત્રીનું વિચિત્ર નિવેદન

**મુંબઈ**

ભાજપ મંત્રીએ સંકટના સમયે વિચિત્ર નિવેદનો આપીને લોકોની જાણે હસી ઉડાડતા હોય તેવો આભાસ થાય છે. અનેકવાર પોતાના વિવાદિત નિવેદનો માટે ચર્ચામાં રહેલા કૈલાશ વિજયવર્ગીયએ આ વખતે ખાંડ વિશે કંઈક એવું કહી દીધું કે જેનાથી તે ફરી લોકોના નિશાને આવી ગયા છે. કૈલાશ વિજયવર્ગીયએ કહ્યું કે ખાંડના ભાવ તો ઘટી રહ્યા છે. તેમણે મજાકમાં કહ્યું કે ખાંડ એટલી મોંઘી કરી દો કે તે ફક્ત બાળકો માટે જ રેશનની દુકાન પર સસ્તા ભાવે મળે અને વૃદ્ધોને તો આપવી જ નહીં. ડૉક્ટર હોય કે આયુર્વેદના જાણકાર હોય તેઓ 40 વર્ષથી વધુ વયના લોકોને ખાંડ ખાવા મળે તે સારુ નથી માનતા. 40થી વધુ વયના લોકોને ગળ્યું ખાવાનુ મન થતું હોય તો ક્યારેક ગોળ ખાવી લેવાનુ પણ ખાંડથી તો બચવું જ જોઈએ.

# દિલ્હીમાં H1N1નો ખતરો : 2300થી વધુ કેસ, હોસ્પિટલમાં વોર્ડ તૈયાર

## CM રેખા ગુપ્તાએ ઈમરજન્સી સમીક્ષા બેઠક બોલાવી

**નવી દિલ્હી**

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ઈન્ફ્લુએન્ઝા અને સ્વાઈન ફ્લૂના કેસોમાં સતત થઈ રહેલા વધારા તેમજ ડુંગળી અને ખાંડના વધતા ભાવોને પગલે મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ એક ઈમરજન્સી સમીક્ષા બેઠક બોલાવી છે. તેમણે જણાવ્યું કે આ બંને મહત્ત્વના મુદ્દાઓ પર સરકારની આગામી રણનીતિ નક્કી કરવા માટે આજે તાત્કાલિક બેઠક યોજવામાં આવી રહી છે. સત્તાવાર આંકડા શેર કરતાં આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે દિલ્હીમાં આ વર્ષે અત્યાર સુધીમાં ઈન્ફ્લુએન્ઝાના આશરે 3,000 જેટલા કેસ સામે આવ્યા છે. જેમાં સૌથી મોટો હિસ્સો H1N1 એટલે કે સ્વાઈન ફ્લૂનો છે, જેના 2,308 દર્દીઓ નોંધાયા છે. જ્યારે બાકીના કેસો ઈન્ફ્લુએન્ઝાના અન્ય વેરિઅન્ટના છે. દિલ્હીની તમામ હૉસ્પિટલોમાં શંકાસ્પદ અને ચેપગ્રસ્ત દર્દીઓ માટે વિશેષ આઈસોલેશન વૉર્ડ તૈયાર કરી દેવાયા છે. જો કોઈ હૉસ્પિટલ દર્દીને દાખલ કરવાની ના પાડશે કે બેડ ન હોવાની ફરિયાદ મળશે તો તેની સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

# દિલ્હી બાદ પટનામાં યુવાનો વિફર્યા : મુખ્યમંત્રી આવાસ ઘેરવાનો પ્રયાસ, પોલીસે લાઠીચાર્જ કર્યો

## 5 વર્ષમાં IITમાં 65 વિદ્યાર્થીઓના આપઘાત, કોકરોચ જનતા પાર્ટી વિરોધ પ્રદર્શનો કરશે

**પટણા**

દિલ્હીના જંતરમંતરની જેમ બિહારમાં યુવાનો વિફર્યા છે અને મોટું આંદોલન શરૂ કરી દીધુ છે. રાજધાની પટણામાં ફરી હજારો વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતર્યા હતા. જેને રોકવા માટે પોલીસ દ્વારા લાઠીચાર્જ કરાયો તેમજ વોટર કેનનનો મારો ચલાવાયો હતો. યુવાનો બિહારના મુખ્યમંત્રીના આવાસનો ઘેરાવો કરવા જઈ રહ્યા હતા તેથી વચ્ચે જ તેમને રોકી લેવા બળપ્રયોગ કરવામાં આવ્યો હતો.

બિહાર પબ્લિક સર્વિસ કમિશન બીપીએસસીને લઈને તૈયારી કરી રહેલા હજારો યુવાનો ભરતી પ્રક્રિયામાં સુધારાની માગણી સાથે આંદોલન પર ઉતર્યા હતા. રાજધાની પટણામાં એકઠા થયેલા આ યુવાનોએ મુખ્યમંત્રી આવાસ ઘેરાવનું એલાન કર્યુ હતું. પરીક્ષા એક જ તબક્કામાં યોજવાની માગણી સાથે યુવાનો આંદોલન કરી રહ્યા છે, જેમાં મુખ્યત્વે ડાબેરી પક્ષોના યુવા, વિદ્યાર્થી સંગઠનો વધુ પ્રમાણમાં સામેલ છે. આ સંગઠનોમાં એસએફઆઇ, ડીવાયએફઆઇ વગેરેનો સમાવેશ થાય છે. યુવાનો દ્વારા પથ્થરમારો પણ કરાયો હતો.

બીજી તરફ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજી આઈઆઈટી દિલ્હી હવે કોકરોચ જનતા પાર્ટીની રડારમાં છે. તાજેતરમાં ૩૧ વર્ષના એક આઈઆઈટીના વિદ્યાર્થીએ સંસ્થાના છટ્ઠા માળેથી કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. દેશભરની આઈઆઈટીમાં પાંચ વર્ષમાં ૬૫ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી છે.

# કેન્સરની સારવારના 1 લાખના ઈન્જેક્શનમાં માત્ર પાણી નીકળ્યું! ક્રાઈમ બ્રાન્ચનો પર્દાફાશ

## દેશના 7થી વધુ રાજ્યોમાં નેટવર્ક, 9 કરોડનું રેકેટ અને 17 દલાલોની ધરપકડ

**નવી દિલ્હી**

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં કેન્સરની મોંઘી દવાઓની કાળાબજારી અને નકલી દવાઓ વેચવાના એક મોટા રેકેટનો પર્દાફાશ થયો છે. દર્દીઓ દિલ્હીના બ્લેક માર્કેટમાંથી જે 'એવાલુમૅબ' ઈંજેક્શન આશરે એક-એક લાખ રૂપિયામાં ખરીદી રહ્યા હતા, તેમાં દવાની જગ્યાએ માત્ર પાણી ભરેલું હતું. ઉત્પાદક કંપની દ્વારા જર્મનીની 'મર્ક લેબ'માં તપાસ કરાવતા સામે આવ્યું કે આ ઈંજેક્શનમાં કેન્સર સામે લડતો મૂળ ઘટક(ઈંગ્રીડિયન્ટ) બિલકુલ ગાયબ હતો. આ સિવાય રાજસ્થાન સરકારની યોજના હેઠળ કેન્સરના દર્દીઓ માટે મફત અપાતી સરકારી દવાઓ પણ ગેરકાયદેસર રીતે બ્લેક માર્કેટમાં વેચાઈ રહી હોવાનો ખુલાસો થયો છે. ક્રાઈમ બ્રાન્ચે 20 ઑગસ્ટના રોજ દેશના 7 રાજ્યોમાં ફેલાયેલા આશરે 9 કરોડ રૂપિયાના આ નેટવર્ક પર દરોડા પાડ્યા હતા. આ કૌભાંડમાં સામેલ 17 આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. દરોડા દરમિયાન પોલીસને 588 ભરેલા એન્ટી-કેન્સર વાયલ(શીશીઓ), 6 ખાલી વાયલ, 7 ખાલી બોક્સ, અન્ય દવાઓના 3021 યુનિટ અને રૂ. 50 લાખની રોકડ રકમ મળી આવી છે. આ દરોડામાં ડાર્જાલેક્સ, ઈમફિંજી, એરબિટક્સ, ઓપડાઈટા, કીટ્રૂડા જેવી અત્યંત મોંઘી કેન્સરની દવાઓ જપ્ત કરવામાં આવી છે. આ ગેંગનું નેટવર્ક દિલ્હી-NCR, મુંબઈ, હૈદરાબાદ, હરિયાણા અને ઉત્તર પ્રદેશ સુધી ફેલાયેલું હતું.

# UPમાં યુટ્યુબર-હરિયાણવી એક્ટર અંકિત બાલિયાનની ગોળી મારી હત્યા

**લખનઉ**

ઉત્તર પ્રદેશના શામલીમાં બુધવારે સાંજે પ્રખ્યાત યુટ્યુબર અને હરિયાણવી કલાકાર અંકિત બાલિયાનની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. શામલી કોટવાલી વિસ્તારમાં આવેલા એક જીમમાંથી અંકિત બહાર નીકળી રહ્યા હતા ત્યારે બદમાશોએ તેમના પર અચાનક ફાયરિંગ શરૂ કરી દીધું હતું. ગંભીર રીતે ઘવાયેલા અંકિતને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

શામલીના બંતીખેડાના નિવાસી અંકિત બાલિયાન હરિયાણવી મ્યુઝિક અને સોશિયલ મીડિયા ક્ષેત્રે જાણીતો ચહેરો હતા. તેઓ પોતાના લોકપ્રિય ગીત 'ભરી કોર્ટ મેં ગોલી મારેંગે મેરી જાન'થી ખૂબ ચર્ચામાં આવ્યા હતા. અંકિત આગામી જિલ્લા પંચાયત ચૂંટણી લડવાની તૈયારી પણ કરી રહ્યા હતા, જેથી તેમની અચાનક હત્યાથી વિસ્તારમાં સન્સનાટી મચી ગઈ છે.

હત્યા પાછળનું સાચું કારણ હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. ઘટનાની જાણ થતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે. હુમલાખોરોની ઓળખ કરવા અને તેમનો માર્ગ શોધવા માટે આસપાસના સીસીટીવી ફુટેજ ખંખોળવામાં આવી રહ્યા છે.

# બિહારમાં ગંગા નદીમાં 21 શ્રમિકો સાથે બોટ પલટી : 19 સુરક્ષિત બહાર કઢાયા, 2 લાપતા

**પટના**

બિહારના ભાગલપુર જિલ્લાના નવગછિયામાં ગંગા નદીમાં બુધવારે બપોરે લગભગ 2:30 વાગ્યે એક મોટી બોટ દુર્ઘટના સર્જાઈ હતી. પૂર રાહત કાર્યમાં જોડાયેલા 21 શ્રમિકોને લઈને જઈ રહેલી જળ સંસાધન વિભાગની બોટ અચાનક તેજ પ્રવાહમાં પલટી ગઈ હતી. આ અકસ્માતમાં 19 શ્રમિકોનો આબાદ બચાવ થયો છે, જ્યારે 2 શ્રમિકો હજુ પણ લાપતા છે.

રાઘોપુર વિસ્તારમાં પાળ તૂટ્યા બાદ શ્રમિકો બોટ મારફતે રાહત અને બચાવ કાર્ય માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન ગંગા નદીના પ્રચંડ પ્રવાહના કારણે બોટ અનિયંત્રિત થઈને વચ્ચે જ પલટી ગઈ હતી, જેથી તેમાં સવાર શ્રમિકોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.

દુર્ઘટના બાદ 12 શ્રમિકો જાતે તરીને કિનારે પહોંચવામાં સફળ રહ્યા હતા, જ્યારે ઘટનાસ્થળે પહોંચેલી SDRF ની ટીમે મોટરબોટની મદદથી અન્ય 7 શ્રમિકોને રેસ્ક્યુ કરીને બહાર કાઢ્યા હતા. સ્થાનિક લોકોએ પણ બચાવ કામગીરીમાં સહયોગ આપ્યો હતો.

આ અકસ્માતમાં લોદીપુરના બાદલ મંડલ (32) અને સિમરિયાના સિકંદર મંડલ (55) હજુ લાપતા છે. નદીના તેજ પ્રવાહ વચ્ચે SDRF ના ગોતાખોરો દ્વારા તેમની શોધ માટે સઘન સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. વહીવટીતંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

# રક્ષાબંધને મહાકાલને અર્પિત કરાશે બે ફૂટની રાખડી : 1.25 લાખ લાડુનો મહાપ્રસાદ ધરાવાશે

**ઉજ્જૈન**

મધ્ય પ્રદેશના ઉજ્જૈન આવેલા મહાકાલ મંદિર રક્ષાબંધન પર્વની ઉજવણીની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જેમાં રક્ષાબંધનના દિવસે બાબા મહાકાલને ગર્ભ ગૃહમાં બે ફૂટની રાખડી અર્પિત કરવામાં આવશે. જેમાં ભસ્મ આરતી,પંચામૃત અભિષેક અને વિશેષ શણગાર પછી બે ફૂટ લાંબી ભવ્ય રાખડી તેમને અર્પિત કરવામાં આવશે. તેમજ 1.25 લાખ લાડુનો મહાભોગ પણ અર્પણ કરવામાં આવશે.

આ અંગે મળતી માહિતી મુજબ શ્રાવણ મહિનાના અંતિમ દિવસે ભસ્મ આરતી દરમિયાન બાબા મહાકાલને પંચામૃત અભિષેક કરાવશે અને ખાસ શણગારથી શણગારવામાં આવશે. તેમજ પુજારી પરિવારની મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલી ખાસ રાખડી અર્પિત કરાશે.

ધાર્મિક માન્યતા અનુસાર ભગવાન મહાકાલ કાલજયી છે. તેમને ભદ્ર અથવા શુભ સમયથી પરે માનવામાં આવે છે. તેથી સમગ્ર વિશ્વના કલ્યાણની પ્રાર્થના માટે સૌ પ્રથમ તેમને રાખડી અર્પણ કરવામાં આવશે. આ અંગે પરંપરા મુજબ પુજારી પરિવારની મહિલાઓ બાબા મહાકાલ માટે ખાસ રાખડી બનાવે છે. આ વર્ષે બે ફૂટ લાંબી રાખડી બનાવવામાં આવી રહી છે. તેને રેશમી દોરા, સ્પંજ, આભૂષણો અને ખાસ કાપડથી શણગારવામાં આવી રહી છે. પુજારી પરિવારની મહિલાઓના મતે રાખડી તૈયાર કરવામાં લગભગ આઠ દિવસ લાગે છે.

# સામાન્ય લોકોના વાહનો ખખડી ગયા બાદ સરકાર જાગી, E20 પેટ્રોલના નિયમો કડક કરવાની તૈયારી

## ઇંધણના ઉપયોગથી વાહનોનું માઇલેજ ઘટી અને એન્જિનના પાર્ટ્સ બગડી રહ્યા હોવાની ચર્ચા

**નવી દિલ્હી**

દેશમાં E20 (ઇથેનોલ બ્લેન્ડેડ) બળતણ અંગે ચાલી રહેલી ચર્ચા અને વાહનચાલકોની ફરિયાદો વચ્ચે કેન્દ્ર સરકારે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાની તૈયારી કરી લીધી છે. વાહનચાલકો સતત ફરિયાદ કરી રહ્યા હતા કે આ ઈંધણના ઉપયોગથી વાહનોનું માઈલેજ ઘટી રહ્યું છે અને એન્જિનના પાર્ટ્સ બગડી રહ્યા છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને સરકાર હવે માત્ર ઈથેનોલનું પ્રમાણ નક્કી કરવા પૂરતી સીમિત નહીં રહે, પરંતુ ઈંધણની




ગુણવત્તા પર પણ કડક નિયંત્રણો લાગુ કરવા જઈ રહી છે.

વાહન ઉત્પાદકોનું કહેવું છે કે આવા દૂષિત ઈંધણને કારણે વાહનોના ફ્યુઅલ ટેન્ક અને અન્ય કમ્પોનન્ટ્સ ઝડપથી નિષ્ફળ થઈ શકે છે. કેટલીક જગ્યાએ લેવાયેલા સેમ્પલમાં ક્લોરાઈડનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતાં ઘણું વધારે મળતાં આ ચિંતા વધુ ઘેરી બની છે. સમસ્યાના ઉકેલ માટે સરકાર હવે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ અને ફ્યુઅલ સપ્લાય સિસ્ટમ સાથે જોડાયેલી એજન્સીઓ માટે ગુણવત્તાના નિયમો કડક કરવા જઈ રહી છે. હાલના નિયમો મુજબ E20 ઈંધણમાં ક્લોરાઈડનું પ્રમાણ 3 PPMથી ઓછું હોવું જોઈએ, જે અત્યાર સુધી મરજિયાત (સ્વૈચ્છિક) ધોરણ હતું.

# લખનૌથી બેંગલુરુ જતી ઈન્ડિગો ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળતાં એજન્સીઓમાં દોડધામ

**મુંબઈ**

લખનૌથી ઉડાન ભરેલી ઈન્ડિગોની ફ્લાઈટ 6E231માં એક ક્રૂ મેમ્બરને વિમાન બેંગલુરુ પહોંચવાનું હતું તે દરમિયાન બોમ્બની ધમકી અંગે જાણ થઈ હતી. ક્રૂ મેમ્બરે તરત જ પ્રોટોકોલ મુજબ પાઈલટને જાણ કરી હતી. ત્યારબાદ જરૂરી સુરક્ષા પ્રક્રિયાઓ સક્રિય કરવામાં આવી હતી. ફ્લાઈટ સવારે 9:40 વાગ્યે કેમ્પેગૌડા એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડ થઈ હતી. ફ્લાઈટના લેન્ડિંગ બાદ સુરક્ષા અધિકારીઓએ તરત જ વિમાનની તપાસ શરૂ કરી હતી. માનક સંચાલન પ્રક્રિયા એટલે કે SOP મુજબ વિમાનની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે. હાલની તપાસમાં વિમાનમાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. પ્રાથમિક રીતે આ ધમકી ખોટી હોવાની શક્યતા માનવામાં આવી રહી છે.

# રાજસ્થાનમાં ડ્રગ્સની હેરાફેરીમાં નવી મોડસ ઓપરેન્ડી, મહિલાઓની એન્ટ્રી

## દાણચોરીના નેટવર્કમાં મહિલાઓની સંખ્યામાં વધારો

**જયપુર**

રાજસ્થાનમાં પણ ડ્રગ્સની દાણચોરી સતત વધી રહી છે. ત્યારે રાજસ્થાનના સરહદી વિસ્તારમાં ડ્રગ્સની હેરાફેરીમાં નવી મોડસ ઓપરેન્ડી પ્રકાશમાં આવી છે. જેમાં દાણચોરી નેટવર્કમાં મહિલાઓની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર દાણચોરીના નેટવર્કમાં મહિલાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આ મહિલાઓ માદક દ્રવ્યોના પુરવઠા, સંગ્રહ અને પરિવહનમાં તેમજ ડ્રગ સંબંધિત આવકનું સંચાલન કરવામાં સક્રિય ભૂમિકા ભજવી રહી હોવાના અહેવાલ છે.

ડ્રગની દાણચોરીમાં મહિલાઓની સંડોવણીનો આ વલણ ખાસ કરીને પાકિસ્તાનની સરહદે આવેલા રાજસ્થાન જિલ્લાઓમાં સ્પષ્ટ છે. બિકાનેર, શ્રી ગંગાનગર અને હનુમાનગઢ પોલીસના ડેટા અનુસાર વર્ષ 2026 માં NDPS કેસોના સંબંધમાં આ જિલ્લાઓમાં અત્યાર સુધીમાં 86 મહિલાઓની ધરપકડ કરવામાં આવી છે.

# પશ્ચિમ બંગાળમાં યાદીમાંથી કમી કરાયેલા 91 ટકા મતદારોના નામ પુનઃ ઉમેરાતા મોટો વિવાદ

## ટ્રિબ્યુનલ દ્વારા 82782 અપીલો પૈકી 75443 નામો વોટર લિસ્ટમાં સામેલ કરી લેવાયા

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન અભિયાન હેઠળ 27 લાખ મતદારોના નામ હટાવ્યા બાદ મોટો ખુલાસો થયો છે. ચૂંટણી પંચની ટ્રિબ્યુનલો દ્વારા નિકાલ કરાયેલા કેસોમાંથી 91 ટકા દાવા યોગ્ય ઠર્યા છે અને તેમના નામ ફરી યાદીમાં સામેલ કરાયા છે. આ મુદ્દે કોંગ્રેસે પીએમ મોદી અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે મિલીભગતથી વોટ ચોરીનો આક્ષેપ કર્યો છે.

ચૂંટણી પંચના આંકડા મુજબ ટ્રિબ્યુનલો દ્વારા ઉકેલાયેલી 82782 અપીલોમાંથી 75443 નામો પુનઃ વોટર લિસ્ટમાં સામેલ કરાયા છે, જ્યારે ફક્ત 7339 દાવા રદ થયા છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે ચૂંટણી પહેલા નામો કમી કરવા અને બાદમાં જોડવા એ મતાધિકાર છીનવવાનું કાવતરું છે. ઉપરાંત આગામી વિધાનસભા ચૂંટણીની 4000 ઈવીએમ ખાખ થવાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

કોંગ્રેસ સાંસદ ઈશા ખાન ચૌધરીએ આરટીઆઈ હવાલાથી જણાવ્યું કે 27.28 લાખ અયોગ્ય લોકો સામે 38.10 લાખ અપીલો થઈ હતી. જેથી 10.82 લાખ વધારાની અપીલો પર સવાલો ઉઠ્યા છે. સુપ્રીમ કોર્ટમાં કાનૂની પડકાર આપનારા નેતા પ્રોસેનજિત બોસે જણાવ્યું કે માત્ર 7 લાખ લોકોએ જાતે અપીલ કરી હતી. કોંગ્રેસે હાવડા અને કોલકાતા પાલિકા ચૂંટણી સંદર્ભે સમયમર્યાદા નક્કી કરવા સુપ્રીમ કોર્ટને વિનંતી કરી છે.

# આંધ્રપ્રદેશમાં પાર્ટીમાંથી પરત ફરતા પરિવારની ઓટોને બસે ટક્કર મારતા 7 લોકો કરૂણના મોત

## 4 બાળકો સહિત 8 લોકો ગંભીર રીતે ઘાયલ થતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા

**પલનાડુ**

આંધ્રપ્રદેશના પલનાડુ જિલ્લામાં ગુરુવારે વહેલી સવારે એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. ચિલકલૂરીપેટમાં અડ્ડા રોડ નજીક વિજયવાડાથી તિરુપતિ જઈ રહેલી એક ખાનગી બસે ઓટોને જોરદાર ટક્કર મારી દીધી હતી. આ ભયાનક અકસ્માતમાં 6 મહિલાઓ સહિત 7 લોકોએ જીવ ગુમાવ્યા છે અને 4 બાળકો સહિત અન્ય 8 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

પોલીસ માહિતી મુજબ ઓટોમાં આશરે 15 લોકો સવાર હતા. આ તમામ પીડિતો ચિલકલુરીપેટ મંડળના વેલુરુ ગામના રહેવાસી હતા અને તેઓ પ્રકાશમ જિલ્લાના કોંડામાંજુલુરથી બર્થડે પાર્ટી ઉજવીને પરત ફરી રહ્યા હતા. ટક્કર એટલી ભીષણ હતી કે 4 લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય 3 લોકોના ગુન્ટૂર અને ચિલકલુરીપેટ સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયા હતા.

અકસ્માતમાં જીવ ગુમાવનારા 7 મૃતકોમાં બોન્ટૂ બાબૂ, બોન્ટૂ માનેમ્મા, સંપૂર્ણમ્મા, ગંગમ્મા, લક્ષ્મમ્મા, ચૌતુપલ્લી સ્વાર્થમ્મા અને મારીયમ્માનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી એન ચંદ્રબાબૂ નાયડુ અને નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણે આ દુર્ઘટના અંગે ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. તેમજ તેમણે બંને હોસ્પિટલમાં દાખલ ઘાયલોને યોગ્ય અને શ્રેષ્ઠ સારવાર મળી રહે તે માટે જિલ્લા સત્તાધીશોને સતત દેખરેખ રાખવાના કડક નિર્દેશ આપ્યા છે.

# નવી દિલ્હીમાં એકતરફી પ્રેમમાં પાગલ જિમ ટ્રેનરે મોડેલ યુવતીની હત્યા કરી

**નવી દિલ્હી**

પશ્ચિમ દિલ્હીના તિલક નગર વિસ્તારમાં એકતરફી પ્રેમમાં પાગલ જિમ ટ્રેનરે એક પાર્ટ ટાઈમ મોડેલ યુવતીની ચપ્પાના ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરી નાખી છે. ઈજાગ્રસ્ત યુવતી મુસ્કાનને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મુસ્કાન ઘરે બિલકુલ એકલી હતી ત્યારે આરોપી ઈમરાને આ વાતનો ફાયદો ઉઠાવીને ઘરમાં ઘૂસી હુમલો કર્યો હતો. મુસ્કાન સ્ટુડન્ટ હતી અને પાર્ટ ટાઈમ મોડલિંગ કરતી હતી. મૃતકના મિત્ર અમનના જણાવ્યા અનુસાર ઈમરાન લાંબા સમયથી મુસ્કાન પાછળ પડ્યો હતો અને તેને વારંવાર હેરાન પણ કરતો હતો.

મુસ્કાન જે જિમમાં જતી હતી, ઈમરાન તે જ જિમનો ટ્રેનર હતો. હુમલો કર્યા બાદ આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો છે. મુસ્કાનના ભાઈ આકાશે સીસીટીવીમાં આરોપીને ઓળખી કાઢ્યો છે. હાલ પોલીસ સીસીટીવી ફૂટેજ ચકાસી આરોપીને પકડવાની સઘન તપાસ ચલાવી રહી છે.

**ફાયદો** જુલાઈમાં આફ્રિકામાં ભારતની પેટ્રોલિયમ નિકાસમાં વાર્ષિક ધોરણે 66%નો વધારો નોંધાયો

# વેપાર માર્ગો ખોરવાતા ભારત સાઉદી અરેબિયાને પાછળ રાખી કેન્યામાં સૌથી મોટો પેટ્રોલિયમ સપ્લાયર દેશ બન્યો

**નવી દિલ્હી**

પેટ્રોલિયમ ઉત્પાદનોના સપ્લાયમાં હંમેશાં સાઉદી અરેબિયા, કતાર અને UAE જેવા ગલ્ફ દેશોનું વર્ચસ્વ રહ્યું છે. પરંતુ, ભારતે હવે વૈશ્વિક રિફાઈન્ડ ઈંધણ બજારમાં પોતાની તાકાત બતાવી છે. પશ્ચિમ એશિયામાં સપ્લાય રૂટમાં થયેલા અવરોધોનો ફાયદો ઉઠાવીને ભારત કેન્યા અને અન્ય આફ્રિકન બજારોમાં યુએઈ અને સાઉદી અરેબિયાને પાછળ છોડીને સૌથી મોટો પેટ્રોલિયમ સપ્લાયર બની ગયું છે.

પશ્ચિમ એશિયામાં ભૌગોલિક રાજકીય તણાવ અને વેપાર માર્ગો ખોરવાવાને કારણે કેન્યાને ઈંધણના પુરવઠામાં મુશ્કેલી પડી રહી હતી. અગાઉ કેન્યા સાઉદી અરામકો અને અબુ ધાબી નેશનલ ઓઈલ કંપની પાસેથી ઈંધણ ખરીદતું હતું.કેપ્લરના ડેટા મુજબ, યુએઈથી કેન્યાનો સપ્લાય જાન્યુઆરીમાં ૯૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસ હતો, જે ઓગસ્ટમાં ઘટીને માત્ર 15,000 બેરલ થઈ ગયો. આ ગેપ પૂરવા માટે કેન્યાએ ભારત તરફ વળવું પડ્યું. ગુજરાતના સિક્કા બંદરથી કેન્યાના મોમ્બાસા બંદરે એપ્રિલ મહિનામાં જ 156.75 મિલિયન લિટરથી વધુ પેટ્રોલિયમ ઉત્પાદનો પહોંચાડવામાં આવ્યા હતા.

ઊર્જા વિશ્લેષક અનસ અલ્હાજીના જણાવ્યા મુજબ, જુલાઈમાં આફ્રિકામાં ભારતની પેટ્રોલિયમ નિકાસમાં વાર્ષિક ધોરણે ૬૬% નો જંગી વધારો નોંધાયો છે. યુરોપિયન યુનિયન (EU) દ્વારા રશિયન ક્રૂડમાંથી બનેલા રિફાઈન્ડ ઈંધણ પર પ્રતિબંધ મૂકવામાં આવતા, ભારતીય રિફાઈનરીઓએ પોતાનો સપ્લાય યુરોપથી ફેરવીને આફ્રિકન બજારોમાં વાળ્યો છે, જે તેમના માટે ફાયદાકારક સાબિત થયું છે.

# એમપીના જબલપુરમાં દેશનું સંરક્ષણ ઉત્પાદન 1.80 લાખ કરોડ થયું : રાજનાથ સિંહ

**ભોપાલ**

જબલપુરમાં 57 વર્ષ જૂની વ્હીકલ ફેક્ટરી ખાતે ટી-સીરિઝના યુદ્ધ ટેન્કોના ઓવરહોલિંગ માટે 472 કરોડના નવા પ્લાન્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ યુવાનો માટે રોજગારની તકો ઊભી કરશે અને સેના માટે વરદાન સાબિત થશે. આ કાર્યક્રમમાં રાજનાથ સિંહે જણાવ્યું હતું કે છેલ્લા એક દાયકામાં ભારતનું સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન ચાર ગણું વધ્યું છે. વર્ષ 2014માં શસ્ત્રો અને દારૂગોળાનું ઉત્પાદન ફક્ત 46000 કરોડ રૂપિયા હતું, જે હવે 1.80 લાખ કરોડ સુધી પહોંચી ગયું છે. ભારત શસ્ત્રોનું ઉત્પાદન અને તેને અપગ્રેડ કરવાની સંપૂર્ણ ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત દેશની સંરક્ષણ નિકાસ 2014માં 1000 કરોડ હતી, તે હવે 39000 કરોડને પાર થઈ ગઈ છે.

# રક્ષાબંધન : રાખડીના તાંતણે ગૂંથાયેલી પ્રેમ-સંસ્કૃતિની ગાથા

રક્ષાબંધનનો તહેવાર શ્રાવણ માસની પૂર્ણિમાએ મનાવવામાં આવે છે. રક્ષાબંધનના તહેવારનું ધાર્મિક મહત્ત્વ એટલે પણ છે કે મહાભારતમાં કે પુરાણમાં બનેલી અમુક ઘટના શ્રાવણી પૂનમના દિવસે જ બની હતી. બલિ રાજાની કથા, ઈન્દ્ર-ઈન્દ્રાણીની કથા તેમજ મહાભારતમાં પણ રક્ષાબંધનના પર્વનો ઉલ્લેખ જોવા મળે છે.

### બલિ રાજાની કથા

રક્ષાબંધન સાથે અનેક દેવી-દેવતાઓની કથા જોડાયેલી હોવાથી આ તહેવારનું ધાર્મિક દૃષ્ટિએ પણ વિશેષ મહત્ત્વ છે. સ્કંદપુરાણ, પદ્મપુરાણ અને વામન અવતારની કથામાં રક્ષાબંધન પ્રસંગ સંબંધિત કથાઓ છે. ભગવાન વિષ્ણુએ વામન અવતાર ધારણ કરી બલિ રાજાના અભિમાનને આ દિવસે જ ચકનાચૂર કરી દીધું હતું, તેથી આ તહેવાર બળેવના નામે પણ ઓળખાય છે.

આ કથા મુજબ દાનવેન્દ્ર રાજા બલિએ જ્યારે 100 યજ્ઞ પૂર્ણ કરીને રાજ્યને પોતાના નામે કરવાનો પ્રયાસ કર્યો ત્યારે ઈન્દ્ર અને બીજા દેવતાઓએ ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરી. ત્યારબાદ ભગવાને વામન અવતાર ધારણ કરી રાજા બલિ પાસે ભિક્ષા માગી. ગુરુની મનાઈ હોવા છતાં પણ તેણે ત્રણ ડગલાં ભૂમિ દાન કરી દીધી. ભગવાને ત્રણ પગલાંમાં આકાશ, પાતાળ અને ધરતી માપી લીધી અને બલિ રાજાને પાતાળમાં ઉતારી દીધો. આ રીતે ભગવાન વિષ્ણુ દ્વારા બલિ રાજાનું અભિમાન ઉતારી દીધું, તેથી આ દિવસ બળેવના નામે પણ ઓળખાય છે. જ્યારે બલિ રાજા રસાતળ ગયા તો તેમણે તેમની ભક્તિના બળે ભગવાન પાસે રાત-દિવસ તેમની સાથે રહેવાનું વચન માગી લીધું. ભગવાન વિષ્ણુ પણ વચન આપી બંધાઈ ગયા અને બલિ રાજા પાસે જ રહી ગયા. વિષ્ણુ ભગવાન ઘરે ન આવતાં લક્ષ્મીજી ચિંતાતુર થઈ ગયા ત્યારે નારદજીએ જણાવ્યું કે વિષ્ણુ ભગવાનને બલિ રાજાએ સદાય તેમની સાથે રહેવાનું વચન માગીને પોતાની પાસે જ રાખી લીધા છે. ત્યારબાદ નારદજીએ વિષ્ણુ ભગવાનને લાવવાનો માર્ગ પણ બતાવ્યો. લક્ષ્મીજીએ નારદજીના બતાવેલ માર્ગ પ્રમાણે બલિ રાજાને રાખડી બાંધી અને રાખડીના ઉપહાર અને આશીર્વાદના બદલામાં વિષ્ણુજીને માગી લીધા. કહેવાય છે કે જે દિવસે લક્ષ્મીજીએ બલિ રાજાને રાખડી બાંધી તે દિવસે શ્રાવણી પૂનમ હતી. આ રીતે દેવી-દેવતાની જીવનકથા પણ રેશમના તાંતણે ગૂંથાયેલી છે.



### પર્વની પ્રાદેશિક વિશેષતા

દરેક પ્રદેશની આગવી પરંપરા તેમજ લાક્ષણિકતા હોય છે. આ વિશેષતા તહેવારની ઉજવણીમાં પણ જોવા મળે છે. મહારાષ્ટ્રમાં રક્ષાબંધનને નાળિયેરી પૂનમ તરીકે મનાવવામાં આવે છે. આ દિવસે માછીમારો લોકો વરુણ દેવતાની પૂજા કરે છે અને નાળિયેર વરુણ દેવતાને અર્પિત કરે છે. આ દિવસે મહારાષ્ટ્રમાં સમુદ્રની પૂજા કરીને સમુદ્રને નાળિયેર અર્પણ કરવામાં આવે છે, તેથી દરિયાકિનારો નાળિયેરથી ભરાઈ જાય છે. રાજસ્થાનમાં રામરાખી, ચૂડારાખી કે લૂંબા બાંધવાનો રિવાજ છે. રામરાખી સામાન્ય રાખડીથી અલગ હોય છે. તેમાં લાલ દોરા પર પીળું ફૂલ હોય છે, જે માત્ર ભગવાનને બાંધવામાં આવે છે. ચૂડારાખી ભાભીની ચૂડીઓ પર બાંધવામાં આવે છે. જોધપુરમાં રાખીના દિવસે માત્ર રાખડી જ નથી બાંધવામાં આવતી, પણ બપોરે નદી કે દરિયાકિનારે ગણેશજી અને દુર્ગામાની પ્રતિમા બનાવીને ઋષિ-મુનિને તર્પણ કરવામાં આવે છે. આ ધાર્મિક અનુષ્ઠાન બાદ ઘરે યજ્ઞ કરવામાં આવે છે. રક્ષાસૂત્રને કાચા દૂધથી ધોઈ, અભિમંત્રિત કરીને પછી ભાઈના કાંડા પર બાંધવામાં આવે છે. આ ઉપરાંત તમિલનાડુ, કેરળ અને ઓરિસ્સાના બ્રાહ્મણ રક્ષાબંધનના પર્વને અવનિ અવિતમ કહે છે. વ્રજમાં હરિયાળી ત્રીજથી શ્રાવણ પૂર્ણિમા સુધી મંદિરમાં ઠાકોરજીના ઝૂલા લગાવવામાં આવે છે. રક્ષાબંધનના દિવસે ઝૂલાનાં દર્શન બંધ થઈ જાય છે.

### રક્ષાબંધન અને આધ્યાત્મિક ચિંતન

રક્ષાબંધનનો આધ્યાત્મિક અર્થ છે પાવન બનવું, શુદ્ધ બનવું, બુરાઈનો ત્યાગ કરવો તેમજ જીવનમાં દૃઢતા લાવવી. ભૌતિક રીતે આજના સમયમાં કોઈની રક્ષા કરવી મુશ્કેલ છે, કારણ કે આપણે બધા જ જાણીએ છીએ, માનીએ છીએ, અનુભવ કરીએ છીએ કે આ નાશવંત શરીર સિવાય પણ એક ચૈતન્ય આત્મા છે જે અજર અમર છે. જેનો કોઈ નાશ કરી શકતું નથી, તો શરીરની રક્ષાનું આટલું મહત્ત્વ કેમ? આ સવાલ ચોક્કસ ઉદ્ભવે, પણ જીવનને ઉન્નત અને ઉત્કૃષ્ટ દિશા આપવા માટે શરીરના માધ્યમની પણ આવશ્યકતા હોય છે, તેથી શરીરની રક્ષાનું પણ મૂલ્ય છે. આ જીવનમાં મળતા સમયનો સદુપયોગ કરીને, શુદ્ધતાનું પાલન કરીને મનને વિકારથી દૂર રાખવા માટે રક્ષાબંધનના પ્રતીકાત્મક મૂલ્યને સમજવું પણ જરૂરી છે.

આ દિવસે બહેન ભાઈના કપાળ પર જ્યાં આજ્ઞાચક્ર હોય છે ત્યાં તિલક કરે છે. આપણી સમગ્ર પ્રવૃત્તિનું સંચાલન મગજ દ્વારા થાય છે, તેથી જો મગજમાં સદ્વિચાર આવશે તો આપોઆપ શરીર પણ સદ્પ્રવૃત્તિ તરફ વળશે. ત્યારબાદ ભાઈના કાંડા પર રાખડી બાંધવામાં આવે છે. આ રક્ષાસૂત્રથી મનુષ્ય સન્માર્ગે ચાલવાના સંકલ્પથી બંધાઈ જાય છે અને અંતે મુખમાં મીઠાઈ આપીને મોં મીઠું કરાવવામાં આવે છે. જેનો અર્થ છે હંમેશાં મધુર વાણી રાખો અને વાણી કે વિચારથી કોઈ પર પણ દ્વેષભાવ ન રાખો. આ રીતે રક્ષાબંધનનું પર્વ મનોવિકારને દૂર રાખીને મનને દુર્ભાવોથી રક્ષણ આપવાનું કામ પણ કરે છે.

# નંદ ઘેર આનંદ ભયો... શ્રીકૃષ્ણ જન્માષ્ટમી



ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવોનું એક વિશિષ્ટ સ્થાન છે અને એ ઉત્સવોમાં પણ જો કોઈ પર્વ પ્રેમ, આનંદ, ભક્તિ અને અધ્યાત્મનો ત્રિવેણી સંગમ રચતું હોય, તો તે છે `શ્રીકૃષ્ણ જન્માષ્ટમી'. શ્રાવણ વદ આઠમની અંધારી રાતે રોહિણી નક્ષત્રમાં જ્યારે સમગ્ર જગત નિદ્રાધીન હતું, ત્યારે મથુરાની અંધારી જેલમાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો. આ માત્ર એક ઐતિહાસિક કે પૌરાણિક ઘટના નથી, પરંતુ માનવજાત માટે અજ્ઞાનતાના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ જવાની એક ચિરંતન દિવ્ય યાત્રા છે.

### અધર્મ પર ધર્મનો વિજય અને કૃષ્ણાવતારનું રહસ્ય

દ્વાપર યુગમાં જ્યારે પાપ, અનાચાર અને દૈત્ય શક્તિઓનો ઉપદ્રવ વધી ગયો હતો, ત્યારે પૃથ્વી પર ધર્મની પુનઃ સ્થાપના કરવા માટે ભગવાને મનુષ્ય રૂપ ધારણ કર્યું. શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાને સ્વયં કહ્યું છે -

**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત।**
**અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્॥**

કંસના અત્યાચારોથી ભયભીત બનેલી પૃથ્વી અને પ્રજાને ભયમુક્ત કરવા માટે દેવકી અને વસુદેવના આઠમા સંતાન તરીકે ભગવાને જન્મ લીધો. જેલનાં તાળાં તૂટી જવાં, પહેરેદારોનું ઘેરી નિદ્રામાં સરી પડવું, યમુનાજીનું બે કાંઠે ઊભરાવું અને શેષનાગનું છત્ર બનવું - આ બધી ઘટનાઓ દર્શાવે છે કે જ્યારે પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે સંસારનાં તમામ બાધક તત્ત્વો આપોઆપ દૂર થઈ જાય છે.

જન્માષ્ટમીના દિવસે સમગ્ર દેશ અને વિદેશમાં વસતા સનાતનીઓમાં એક અદ્ભુત ઉત્સાહ જોવા મળે છે. વહેલી સવારથી જ વૈષ્ણવ મંદિરો અને કૃષ્ણધામોમાં હરિનામ સંકીર્તનનો ગુંજારવ શરૂ થઈ જાય છે. શ્રદ્ધાળુઓ આખો દિવસ ઉપવાસ રાખીને ભગવાનની ભક્તિમાં લીન રહે છે. મંદિરોને સુંદર રોશની, પુષ્પો અને પાન-તોરણથી શણગારવામાં આવે છે. બાલગોપાળ માટે નાની અને સુંદર ઝૂલો (હિંડોળો) તૈયાર કરવામાં આવે છે.

### નંદ ઉત્સવ : વાત્સલ્ય અને પરમાનંદનો અપ્રતિમ મહોત્સવ

જન્માષ્ટમીના બીજા દિવસે ગોકુળ અને સમગ્ર વ્રજધામમાં `નંદ ઉત્સવ' (નંદ મહોત્સવ) અત્યંત ધામધૂમથી ઉજવાય છે. વાસુદેવજી બાળ કૃષ્ણની રક્ષા અર્થે તેમને રાતોરાત ગોકુળમાં નંદબાબા અને યશોદાજીના ઘરે મૂકી આવ્યા હતા. સવારે જ્યારે ગોકુળવાસીઓને ખબર પડી કે નંદબાબાને ત્યાં પુત્રરત્નનો જન્મ થયો છે, ત્યારે આખા વ્રજમાં ઉત્સવનો માહોલ છવાઈ ગયો. નંદ ઉત્સવ એ વાત્સલ્યભાવ અને આત્મવિલોપનનો ઉત્સવ છે. ગોપીઓ અને ગોવાળો આનંદમાં લીન થઈને માખણ, મિસરી, દહીં અને હળદરની હોળી રમે છે. નંદબાબા પોતાના આંગણે આવેલા તમામ ભક્તો અને ગ્રામજનોને વસ્ત્ર, ગોધન અને મિષ્ટાનનું ખુલ્લા હાથે દાન કરે છે.

# ધન રાશિના જાતકો માટે ભાગ્યોદય અને સમૃદ્ધિના અચૂક ઉપાયો


જ્યોતિષશાસ્ત્રમાં ધન (ધનુ)ને આશાવાદી, ધાર્મિક, જ્ઞાની અને લક્ષ્ય પ્રાપ્ત કરનારી રાશિ માનવામાં આવે છે. રાશિ ચક્રની આ નવમી રાશિ છે, જેના સ્વામી દેવોના ગુરુ બૃહસ્પતિ (ગુરુ ગ્રહ) છે. તેનું પ્રતીક ધનુષ-બાણ ધારણ કરેલો અશ્વ-માનવ (ધનુર્ધર) છે. અગ્નિ તત્ત્વની રાશિ હોવાને કારણે આ જાતકો ઉત્સાહી, સાહસિક, સત્યવાદી અને ઉચ્ચ વિચારો ધરાવનારા હોય છે. તેઓ જીવનમાં હંમેશાં જ્ઞાનની શોધમાં રહે છે.

જોકે, અતિ ઉતાવળ, અસ્પષ્ટ બોલચાલ (સ્પષ્ટ વક્તા હોવાને કારણે અન્યોને માઠું લાગવું) અને ક્યારેક કોઈ કામ અડધેથી છોડી દેવાની આદત તેમની પ્રગતિમાં અવરોધ બની શકે છે. જો તમારી રાશિ ધન હોય અને તમે તમારી બુદ્ધિ તેમજ ભાગ્યનો સંપૂર્ણ સાથ મેળવી જીવનમાં માન-સન્માન, ઉચ્ચ પદ અને આર્થિક સમૃદ્ધિ મેળવવા ઈચ્છતા હો તો જ્યોતિષશાસ્ત્રમાં દર્શાવેલા આ વિશેષ ઉપાયો તમારા માટે વરદાન સાબિત થઈ શકે છે.

### ગુરુ ગ્રહને બળવાન કરવાના ઉપાયો

ધન રાશિના જાતકોનો મુખ્ય આધાર ગુરુ ગ્રહ છે. જો કુંડળીમાં ગુરુ મજબૂત હોય તો વ્યક્તિ સમાજમાં જ્ઞાની, ધનવાન અને ઉચ્ચ હોદ્દા પર પહોંચે છે.

ગુરુવારનું વ્રત અને પૂજન : ગુરુવારના દિવસે સવારે સ્નાન કરી પીળાં વસ્ત્રો ધારણ કરવાં. ભગવાન વિષ્ણુ અને કેળાના વૃક્ષની પૂજા કરવી. કેળાના છોડમાં જળ અર્પણ કરી ચણાની દાળ અને ગોળ અર્પણ કરવાં.



મંત્રજાપ : ગુરુવારના દિવસે ૐ બૃહસ્પતયે નમઃ અથવા ૐ ગ્રાં ગ્રીં ગ્રૌં સઃ ગુરવે નમઃ મંત્રની એક માળા (108 વાર) અવશ્ય કરવી.

હળદર અને ચંદનનું તિલક : દરરોજ સવારે સ્નાન કર્યા પછી તમારા કપાળ અને નાભિ પર કેસર અથવા હરિદ્રા(હળદર)નું તિલક લગાવવું. આ ઉપાયથી ભાગ્યનો સાથ સદાય મળે છે.

### શિક્ષકો, ગુરુજનો અને વડીલોનું સન્માન

જ્યોતિષમાં ગુરુ ગ્રહ જ્ઞાન અને ગુરુજનોનું પ્રતીક છે.

વડીલોના આશીર્વાદ : માતા-પિતા, શિક્ષકો, ધાર્મિક ગુરુઓ અને ઘરના વડીલોનો હંમેશાં આદર કરવો. ગુરુવારે તેમના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લેવાથી કુંડળીનો ગુરુ દોષ આપોઆપ શાંત થઈ જાય છે.

પીળી વસ્તુઓનું દાન : ગુરુવારે કોઈ ગરીબ, બ્રાહ્મણ કે વિદ્યાર્થીને ચણાની દાળ, હળદર, કેસર, પીળાં વસ્ત્રો, કેળાં અથવા ધાર્મિક પુસ્તકોનું દાન કરવું.

### યોગ્ય રત્ન, ધાતુ અને વસ્ત્રોની પસંદગી

ભાગ્યશાળી રત્ન : ધન રાશિના જાતકો માટે પોખરાજ (Yellow Sapphire) શુભ અને ભાગ્યવર્ધક રત્ન છે. કોઈ વિદ્વાનની સલાહ લઈને ગુરુવારના દિવસે સોનાની વીંટીમાં તર્જની (પહેલી) આંગળીમાં પોખરાજ ધારણ કરવો. જો પોખરાજ ન પહેરી શકાય તો સુનૈલા (સાઈટ્રિન) પણ ધારણ કરી શકાય.

શુભ ધાતુ : સોનું અને પિત્તળ આ રાશિ માટે શ્રેષ્ઠ ધાતુઓ છે.

રંગોની પસંદગી : તમારાં વસ્ત્રોમાં પીળો, કેસરી, સોનેરી (ગોલ્ડન) અને આછો નારંગી રંગ વધુ વાપરવો. કાળો અને ઘેરો વાદળી રંગ વાપરવાનું બને ત્યાં સુધી ટાળવું.

### કૌટુંબિક સુખ અને માનસિક શાંતિના ઉપાયો

ધન રાશિના જાતકો પોતાની ધૂનમાં રહેતા હોવાથી ક્યારેક પરિવાર પ્રત્યે અણગમો ઊભો થાય છે. સંતુલન જાળવવા માટે -

પીપળા કે વડના વૃક્ષનું રોપણ : કોઈ મંદિર કે જાહેર જગ્યાએ પીપળાનું કે વડનું વૃક્ષ વાવવું અને તેની જતનપૂર્વક સંભાળ રાખવી.

તુલસીપૂજન : દરરોજ તુલસીજીમાં જળ અર્પણ કરવું અને સાંજે દીવો પ્રગટાવવો. તુલસીના પત્રનું સેવન કરવું પણ સ્વાસ્થ્ય માટે લાભદાયી છે.

વિશેષ સાવધાની : ધન રાશિના જાતકોએ ક્યારેય પણ ધાર્મિક બાબતોની મજાક ન ઉડાવવી અને નાસ્તિકતા દર્શાવવી નહીં. આ ઉપરાંત, કોઈને પણ ખોટી સલાહ ન આપવી. ગુરુવારના દિવસે ઘરના પુરુષોએ દાઢી કે વાળ ન કાપવા અને કપડાં ધોવાનું કે ઘરમાં પોતા કરવાનું ટાળવું.

# અમેરિકાની વિઝા કડકાઈને લીધે 14,000 ગુજરાતી અસાઈલમ અરજદારોને અસર

## USમાં અસાઈલમ માંગનારા અંદાજે બે લાખ લોકોના વિઝા રદ થવાની ભારે શક્યતા

**વોશિંગ્ટન**

અમેરિકામાં અસાઈલમ માગનારા વિદેશીઓ સામે ટ્રમ્પ પ્રશાસને સૌથી મોટી વિઝા કાર્યવાહીની તૈયારી દર્શાવી છે. અમેરિકન તંત્ર દ્વારા બિઝનેસ અને ટૂરિસ્ટ કેટેગરીના વિઝા ધરાવતા લોકોના વિઝા ગમે ત્યારે રદ થઈ શકે છે, જેમણે પ્રવેશ્યા બાદ અસાઈલમ અરજી કરી છે અથવા પ્રક્રિયા પેન્ડિંગ છે.

અંદાજે 2 લાખ લોકોના વિઝા રદ થવાની શક્યતાથી અરજદારોમાં ચિંતાનો માહોલ છે. જો આ નિર્ણય અમલમાં મુકાશે તો તે અમેરિકન ઈતિહાસનો વિઝા રદ કરવાનો સૌથી મોટો નિર્ણય બની રહેશે. આ નિર્ણય ગુજરાત અને ગુજરાતીઓ માટે પણ અત્યંત ચિંતાજનક સાબિત થઈ શકે છે. સરકારે અસરગ્રસ્ત ગુજરાતીઓનો કોઈ સત્તાવાર આંકડો બહાર પાડ્યો નથી, જહોન્સ હોપકિન્સના આંકડા મુજબ 2001 થી 2022 દરમિયાન ભારતીય અરજદારોમાં આશરે 7 ટકા લોકો ગુજરાતી ભાષી હતા. આ ટકાવારી 2 લાખ અસરગ્રસ્તો પર લાગુ કરાય તો અંદાજે 14000 ગુજરાતીઓ કડકાઈની ઝપેટમાં આવી શકે છે. અમેરિકામાં અંદાજે 17 લાખ ગુજરાતીઓ વિવિધ સંગઠનો સાથે જોડાયેલા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ કેટલાક લોકો વિઝા પર કાયદેસર પ્રવેશ કર્યા બાદ અસાઈલમની અરજી કરી લાંબો સમય રોકાવાનો પ્રયાસ કરે છે.

# ટ્રમ્પે આખા વિશ્વભરમાં અમેરિકન વિઝા આપવા પર પ્રતિબંધ મૂક્યો

**વોશિંગ્ટન**

દિવસ પડે અને વિશ્વના આંચકો ન આપે તો ટ્રમ્પ નહીં. ટ્રમ્પ તંત્રએ અચાનક જ આખા વિશ્વમાં ચાલતી અમેરિકન વિઝાની એપોઈન્ટમેન્ટ રોકી દીધી છે. તેની સૌથી વધુ અસર ભારત પર પડે તેવી સંભાવના છે. ટ્રમ્પ તંત્રએ પોતાના બીજા કાર્યકાળમાં અમેરિકામાં ઈમિગ્રેશન પર આકરા અંકુશો નાખ્યા છે અને તે ઈમિગ્રેશન ફરતે અંકુશોનો ગાળિયો વધુને વધુ સખ્ત કરી રહ્યા છે.

બધા અમેરિકન રાજદૂતાવાસો અને અને વેપારી દૂતાવાસોમાં એક ગ્લોબલ ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. આ ટ્રેનિંગ માટે વિઝા એપોઈન્ટમેન્ટમાં ફેરફાર કરવામાં આવશે. જો કે વિભાગે તાલીમના સમયગાળા અંગે કોઈ જાણકારી આપી નથી. વિભાગે જણાવ્યું હતું કે તેનું પહેલું ધ્યેય કાઉન્સેલર અધિકારીઓ અરજદારોની તપાસ સારી રીતે કરે અને તે લોકોની ઓળખ કરવામાં મદદ કરે જે અમેરિકાની સરકારી સગવડો પર આધાર રાખતા થાય તેવી સંભાવના છે. આ પ્રતિબંધ એવા સમયે લગાવવામાં આવ્યો છે જ્યારે ટ્રમ્પ તંત્ર ઈમિગ્રેશન પર સખ્તાઈ સતત વધારી રહ્યું છે.

# USમાં મોહન ભાગવતનો વિરોધ કરનાર મામદાનીની હિન્દુ સંગઠનો દ્વારા ટીકા

**ન્યૂયોર્ક**

અમેરિકાના ન્યૂયોર્કમાં 29 ઓગસ્ટના રોજ યોજાનાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતના કાર્યક્રમ અંગે વિવાદ સર્જાયો છે. ન્યૂયોર્કના મેયર ઝોહરાન મામદાનીએ આ કાર્યક્રમનો સખત વિરોધ કરતા હિન્દુ અમેરિકન ફાઉન્ડેશને તેમની આકરી ટીકા કરી છે. સંગઠને જણાવ્યું હતું કે મેયરે શહેરના તમામ રહેવાસીઓની સુરક્ષાના શપથ લીધા છે, જેમાં આ કાર્યક્રમમાં હાજરી આપનારા લોકોનો પણ સમાવેશ થાય છે. વર્ષ 2003માં સ્થાપિત આ સંસ્થાએ પોતાના સભ્યોને મેડિસન સ્ક્વેર ગાર્ડન ખાતેના કાર્યક્રમ અંગે સતર્ક રહેવા વિનંતી કરી છે. કેટલાક લોકો હિન્દુ અમેરિકન સમુદાયને નિશાન બનાવી કાર્યક્રમમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરી રહ્યા હોવાથી સંગઠને મેયર ઝોહરાન મામદાનીને તમામ નાગરિકોની સલામતીની ખાતરી આપવા અપીલ કરી છે. આ દરમિયાન અમેરિકન કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમે પણ આ કાર્યક્રમની ટીકા કરી છે. કમિશને ભારતમાં ધાર્મિક સ્વતંત્રતા બગડી રહી હોવાનો આરોપ લગાવી આરએસએસ સભ્યો અને ભારતીય અધિકારીઓ પર કડક પ્રતિબંધો લાદવાની માંગ કરતા રાજકીય ચર્ચા અત્યંત તીવ્ર બની ગઈ છે.

# રશિયામાં ગેસ પ્લાન્ટમાં ભીષણ આગથી 6 ચીની નાગરિકો સહિત 7ના મોત, 9 લાપતા

## 152 લોકો ઘાયલ, રશિયાની ઇન્વેસ્ટિગેટિવ કમિટીએ ઘટના બાદ તપાસ શરુ કરી

**મોસ્કો**

રશિયાના અંતરિયાળ પૂર્વી અમૂર વિસ્તારમાં એક ગેસ કેમિકલ કોમ્પ્લેક્ષમાં ભયાનક આગ લાગી. આ દુર્ઘટનામાં છ ચીની નાગરિકો સહિત 7 લોકોનો મોત થયા છે. તો 9 લોકો લાપતા છે. પ્લાન્ટે બુધવારે જાણકારી આપી કે અમૂર ગેસ કેમિકલ કોમ્પ્લેક્ષમાં મંગળવારે આગ લાગી હતી, જેને ઓલવી નાંખવામાં આવી છે.

રશિયામાં ગેસ પ્લાન્ટમાં લાગી આગ રોઈટર્સના રિપોર્ટ અનુસાર , પ્લાન્ટે



જણાવ્યું કે કુલ 7 લોકોના મોત થયા અને 152 લોકો ઘાયલ થયા છે. જેની સારવાર ચાલુ છે.તેમાં 36 લોકોને હોસ્પિટલ લઈ જવામા આવ્યા.

રશિયાની ઇન્વેસ્ટિગેટિવ કમિટીએ આ ઘટનાની તપાસ શરુ કરી છે.આ ઘટનાને ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી નિયમોના ઉલ્લંઘન તરીક જોવામાં આવી રહ્યું છે. તપાસ સમિતી આગ લાગવાના કારણોની શોધ કરવાની કોશિશ કરી રહી છે.

રશિયાના આ ગેસ પ્લાન્ટના નિર્માણ કાર્યમાં વિદેશી કર્મચારીઓની મદદ લેવામાં આવી હતી, જેમાં ચીનના ઘણાં નાગરિક સામેલ હતા. સામાન્ય રીતે રશિયા હંમેશા મોટા ઈન્ડસ્ટ્રીયલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે વિદેશી કર્મચારીઓને જ કામ પર રાખે છે.

# અમેરિકાના મોન્ટાનામાં ડિનર દરમિયાન શખ્સે પોતાના જ 8 સંબંધીને ગોળી મારી પતાવી દીધા

## મૃતકોમાં 90 વર્ષીય પરદાદીથી લઈને 7 વર્ષની બાળકી સહિત 4 બાળકો સામેલ

**ન્યૂયોર્ક**

અમેરિકાના મોન્ટાના રાજ્યના બિલિંગ્સ શહેરમાં ચોંકાવનારી ઘટના બની છે. રવિવારે ડિનર માટે ભેગા થયેલા પરિવારમાં લોહીની હોળી ખેલાઈ હતી. એક વ્યક્તિએ પોતાના 8 સંબંધીઓને ગોળી મારી હત્યા કરી નાખી હતી અને ત્યારબાદ પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી. આ ગોળીબારમાં માર્યા ગયેલા 8 લોકોમાં 4 બાળકોનો સમાવેશ થાય છે.



પરિવારના સભ્ય જેનિફર મર્સરે અંતિમ સંસ્કારના ખર્ચ માટે ઓનલાઈન ફંડરેઝર શરૂ કર્યું છે. તેમણે જણાવ્યું કે હત્યાકાંડનો ભોગ બનેલા લોકો સંયુક્ત પરિવારની 4 અલગ પેઢીઓના હતા. જેમાં 90 વર્ષની ઉંમર ધરાવતા પરદાદીથી લઈને 7 વર્ષની બાળકી સુધીના સભ્યો સામેલ હતા. રવિવારે સાંજે તમામ લોકો ઘરે રાત્રિભોજન માટે એકઠા થયા હતા.

ઘર આગની લપેટમાં ઘેરાય તે પહેલા આસપાસના લોકોએ ઘરના પાછળના ભાગમાંથી ગોળીબારનો અવાજ સાંભળ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને લોકોના મોતની પુષ્ટિ કરી હતી. જેમાં એક વ્યક્તિનું મોત પોતાને ગોળી મારવાથી થયું હોવાનું જાણવા મળ્યું છે.

# સોશિયલ મીડિયાની લતના કેસમાં મેટા 17 અબજ ડોલરમાં પતાવટ કરશે

**વોશિંગ્ટન**

વોશિંગ્ટનમાં સોશિયલ મીડિયાની લતના કેસમાં માર્ક ઝુકરબર્ગની કંપની મેટા 17 અબજ ડોલરમાં પતાવટ કરવા તૈયાર થઈ છે. ફેસબૂક અને ઈન્સ્ટાગ્રામ પર સલામતીના કડક પગલાં લેવાની ખાતરી સાથે 47 રાજ્યોના કેસનો અંત આવશે. વર્ષ 2023માં કેલિફોર્નિયા, કોલોરાડો અને ન્યુજર્સી સહિતના રાજ્યોએ મેટા સામે કેસ કર્યો હતો.

માર્ક ઝુકરબર્ગ આ પતાવટ માટે કેલિફોર્નિયાની ફેડરલ કોર્ટમાં હાજર રહેશે. કરારમાં એકલા વર્જિનિયા રાજ્યનું વળતર 35.3 કરોડ ડોલર છે, જે રાજ્યના ઈતિહાસની સૌથી મોટી રકમ છે. મેટા પર આરોપ હતો કે તેણે યુવાનોને લત લગાડતા ડિઝાઈન ફીચર્સ બનાવ્યા હતા, જેનાથી બાળકોના માનસિક આરોગ્ય પર ભારે વિપરીત અસર પડી છે.

મેટાએ 13 વર્ષથી નીચેના બાળકોનો ડેટા માતાપિતાની મંજૂરી વિના એકત્ર કરી ફેડરલ કાયદાનો ભંગ કર્યો હતો. જોકે મેટાની કુલ 201 અબજ ડોલરની માતબર આવક જોતાં 17 અબજ ડોલરની પતાવટ ખાસ મોટી નથી. આ ઐતિહાસિક નિર્ણયથી બાળકોને ઓનલાઈન નુકસાન સામે સંરક્ષણ અને રાહત મળશે.

# ઈલોન મસ્કની સ્પેસએક્સ દુનિયાની સૌથી મોટી રોકેટ લોન્ચ ફેસિલીટી બનાવશે

**લુઝિઆના**

ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સ દુનિયાની સૌથી મોટી રોકેટ લોન્ચ ફેસિલીટી બનાવવાની તૈયારીઓ કરી રહી છે. આ ફેસિલીટી ૧,૨૫,૦૦૦ એકર વિસ્તારમાં તૈયાર કરાશે. ફોર્બ્સના રિપોર્ટ મુજબ, સ્પેસએક્સ સ્ટારબેઝ લુઝિઆનાનું કામ ૨૦૨૭માં શરૂ થશે અને ૨૦૨૯માં પહેલું સ્ટારશિપ રોકેટ લોન્ચ કરવામાં આવશે. આ સ્ટારબેઝ પરથી દર વર્ષે હજારો મિશન ઓપરેટ કરવામાં આવશે. સ્પેસએક્સે કહ્યું કે, નવું સ્ટારબેઝ એક આત્મનિર્ભર સ્પેસપોર્ટ હશે. જ્યાં, પ્રોપેલન્ટ્સ બનાવવા, વીજળી ઉત્પન્ન કરવા, પાણીમાં શિપિંગની વ્યવસ્થા, વ્હીકલ પ્રોસેસિંગ ફેસિલિટી અને એક એરપોર્ટ જેવી સુવિધાઓ હશે.

# નોર્વેમાં રશિયા તરફી હેકરોએ મોટા સાયબર હુમલા કર્યા હોવાનો દાવો

**ઓસલો(નોર્વે)**

રશિયા તરફી હેકર જૂથે મહત્વનો સાયબર હુમલો કરીને નોર્વે સરકારની ડિજિટલ સેવાઓ ખોરવી નાખી હોવાનો દાવો કર્યો છે. આ હુમલામાં નોર્વેની ડિજિટલાઈઝેશન એજન્સીને ડિનાયલ-ઓફ-સર્વિસ ટ્રાફિક દ્વારા લક્ષ્યાંક બનાવાઈ હતી. અધિકારીઓએ તેને ડિગડિર સીસ્ટમો સામે સૌથી મોટા હુમલા તરીકે ગણાવી. જો કે મોટાભાગની સેવાઓ કાર્યરત રહી હતી. સર્વર કિલર્સ ગુરપ તરીકે ઓળખાતા હેકરોએ દાવો કર્યો કે ઓસલોએ યુક્રેન સાથે સુરક્ષા સહયોગ રિન્યુ કર્યો હોવાથી નોર્વે સામે સાયબર યુદ્ધ છેડી દીધું છે. અગાઉ જ વડા પ્રધાન જોનાસ ગહર સ્ટોરની કીવમાં જાહેરાત થઈ કે નોર્વે આગામી વર્ષના બજેટથી યુક્રેનને ૮૫ અબજ નોરવેજિયન ક્રાઉન્સ આપશે. નોર્વેના અધિકારીઓએ હેકરોના દાવાને જાહેરમાં સમર્થન નથી આપ્યું. આ ઘટના એવા સમયે બની છે જ્યારે યુરોપીયન દેશો યુક્રેન પર મોસ્કોના આક્રમણ પછી રશિયા સાથે સંકળાયેલ સાયબર અને ભાંગફોડની ગતિવિધિઓ બાબતે હાઈ એલર્ટ પર છે. પ્રશાસને જણાવ્યું કે આવા હુમલાનો હેતુ યુક્રેન માટે ટેકો નબળો પાડવાનો, ભય અને વિભાજન સર્જવાનો તેમજ તપાસ સંસાધનોને વેડફી નાખવાનો છે.

# નેપાળમાં પૂરના નવા ખતરા વચ્ચે હવે ભૂકંપના આંચકા, તિબેટમાં પણ અસર દેખાઈ

**બેઈજિંગ**

નેપાળમાં પૂરના નવા સંકટ વચ્ચે ગુરુવારે 3.2ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. દેશના કેટલાક ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ઘટના એવા સમયે બની છે જ્યારે ભોટેકોશી નદી પાસે કુદરતી તળાવ બની જવાથી નીચાણવાળા વિસ્તારોમાં ફરી એકવાર વિનાશક પૂરનો ખતરો તોળાઈ રહ્યો છે. નેપાળ હજુ તાજેતરમાં આવેલા ભયાનક પૂરની હોનારતમાંથી બહાર પણ નીકળી શક્યું નથી. તિબેટમાં ભોટેકોશી નદી પાસે થયેલા ભૂસ્ખલન બાદ આવેલા અચાનક પૂરના કારણે ભારે વિનાશ સર્જાયો હતો. આ કુદરતી આપદામાં અત્યાર સુધીમાં 362 લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જ્યારે 1,300થી વધુ લોકો હજુ પણ લાપતા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ન્યૂ જર્સીના BAPS સ્વામિનારાયણ અક્ષરધામની લીધી મુલાકાત, અક્ષરધામના પરિસરમાં ઉષ્માભર્યું સ્વાગત

# USનું અક્ષરધામ ભારતીય સંસ્કૃતિનું જીવંત પ્રતીક : ભૂપેન્દ્ર પટેલ

## નિર્માણાધીન અક્ષરધામ મ્યુઝિયમને ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસાને પ્રદર્શિત કરવા મહત્વનો પ્રકલ્પ બનવાનો આશાવાદ સેવાયો







ન્યૂ જર્સી : ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શનિવાર, ૨૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રોબિન્સવિલે, ન્યૂ જર્સી સ્થિત BAPS સ્વામિનારાયણ અક્ષરધામની મુલાકાત લીધી હતી. તેમની મુલાકાત દરમિયાન તેમણે ભારતની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વિરાસતના અક્ષરધામ દ્વારા કરવામાં આવેલા પ્રેરણાદાયી પ્રસ્તુતિકરણ, સામુદાયિક સેવા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા અને ત્યાંના સ્વયંસેવકોના અસાધારણ સમર્પણભાવની ખૂબ જ પ્રશંસા કરી હતી.

અહીં આગમન થતાં બ્રહ્મવિહારીદાસ સ્વામી અને નીલકંઠસેવાદાસ સ્વામી દ્વારા મુખ્યમંત્રી પટેલનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમને પુષ્પહાર પહેરાવવામાં આવ્યો હતો. તેમની સાથે ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓનું પ્રતિનિધિમંડળ પણ હતું, જેમાં નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ; મુખ્યમંત્રીના અગ્ર સચિવ ડૉ. સંજીવ કુમાર; અને મુખ્યમંત્રીના સચિવ વિક્રાંત પાંડેનો સમાવેશ થતો હતો.

BAPS અને ગુજરાતમાં તેના ઊંડા મૂળ વિશે પહેલેથી જ માહિતગાર એવા મુખ્યમંત્રીએ વિચાર વ્યક્ત કર્યો કે, કેવી રીતે અક્ષરધામ ભારતનાં સેવા, આધ્યાત્મિકતા અને શ્રેષ્ઠતા જેવા શાશ્વત મૂલ્યોને વિશ્વભરના સમુદાયો સુધી પહોંચાડે છે. તેમણે વિદેશમાં વસતા ભારતીયોમાં સાંસ્કૃતિક મૂલ્યો જાળવી રાખવાના મહત્વ પર ભાર મૂક્યો અને અમેરિકામાં અક્ષરધામ દ્વારા ભારતના સાંસ્કૃતિક વારસાના સંવર્ધન અને ઉજવણીની પ્રશંસા કરી હતી. મુખ્યમંત્રી પટેલે નિર્માણાધીન અક્ષરધામ મ્યુઝિયમની વિશેષ મુલાકાત પણ લીધી હતી. તેમણે આ મ્યુઝિયમ ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસાને પ્રદર્શિત કરવા માટે સમર્પિત પ્રથમ હિન્દુ-અમેરિકન સંગ્રહાલયોમાંનું એક બનશે તેવી આશા વ્યક્ત કરી હતી. આ મ્યુઝિયમમાં સ્થાપત્યના ૧૨ નમૂના (રેપ્લિકા), ૪૦ મલ્ટીમીડિયા શો, ૮૫ ઈમર્સિવ ડાયોરામા (જીવંત દ્રશ્યો) અને ૨૦૦ આબેહૂબ મૂર્તિઓનો સમાવેશ થશે. તેમણે આ મ્યુઝિયમને એક સીમાચિહ્નરૂપ ગણાવ્યું, જે તમામ વય અને પૃષ્ઠભૂમિના મુલાકાતીઓને શ્રદ્ધા, સંવાદિતા, કરુણા, પારિવારિક મૂલ્યો અને નિઃસ્વાર્થ સેવા જેવા સાર્વત્રિક આદર્શો સાથે જોડાવાની તક પૂરી પાડે છે. તેમણે નોંધ્યું હતું કે આ શાશ્વત સિદ્ધાંતો ગુજરાતની પ્રગતિને માર્ગદર્શન આપે છે અને ભારતની સાંસ્કૃતિક ઓળખને મજબૂત બનાવે છે, સાથે સાથે વિશ્વભરના લોકો અને સંસ્કૃતિઓ માટે પણ સુસંગત રહે છે.BAPS સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સંત પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ જણાવ્યું હતું કે, “આજે રોબિન્સવિલે સ્થિત BAPS સ્વામિનારાયણ અક્ષરધામની મુલાકાતે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પધાર્યા તે અમારા માટે સૌભાગ્યની વાત છે. તેઓ માત્ર મંદિરના સુંદર કોતરણીકામ અને તેના વિશાળ કદ તથા ભવ્યતાથી અભિભૂત અને મંત્રમુગ્ધ જ નહોતા થયા, પરંતુ મંદિરના શાંત અને આધ્યાત્મિક વાતાવરણથી પણ ખૂબ પ્રભાવિત થયા છે. સંગ્રહાલયની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, ‘તમે ભારતની પ્રાચીન સંસ્કૃતિને પુનર્જીવિત કરી છે.’”

તેમણે સ્વયંસેવકોના શિસ્ત, નમ્રતા, આતિથ્યભાવ અને સેવાભાવની પ્રશંસા કરી હતી; તેમણે નોંધ્યું હતું કે કેવી રીતે તેમનું સામૂહિક યોગદાન વિશ્વભરમાંથી આવતા મુલાકાતીઓ માટે આવકારદાયક અને અર્થપૂર્ણ અનુભવનું સર્જન કરવામાં મદદરૂપ થાય છે. મુખ્યમંત્રી પટેલે કહ્યું, “અક્ષરધામના નિર્માણમાં યોગદાન આપનારા તમામ BAPS સ્વયંસેવકોનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. આ અક્ષરધામ આવનારી અનેક પેઢીઓને પ્રેરણા આપશે. દુનિયાભરમાંથી અહીં આવનાર કોઈપણ વ્યક્તિ, પછી તે ગમે તે સ્થળની હોય, અહીં શાંતિનો અનુભવ કરશે.”

અક્ષરધામ ખાતેના પોતાના અનુભવ વિશે વાત કરતા તેમણે નોંધ્યું કે, તેમની મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ‘વાઈબ્રન્ટ ગુજરાત’ હતો, પરંતુ BAPS સ્વામિનારાયણ અક્ષરધામમાં તેમને ભારતની સંસ્કૃતિ જીવંત જોવા મળી છે. તેમણે અવલોકન કર્યું કે અક્ષરધામ એ માત્ર પૂજા-અર્ચનાનું સ્થળ નથી, પરંતુ સંસ્કૃતિ, કલા, આધ્યાત્મિકતા અને શાશ્વત મૂલ્યોનો ઉત્સવ છે. મુખ્યમંત્રીનું સ્વાગત કરવા અને આ પ્રસંગની ઉજવણી કરવા માટે સમગ્ર યુનાઈટેડ સ્ટેટ્સમાંથી પ્રતિનિધિઓ અને સમુદાયના અગ્રણીઓ એકત્રિત થયા હતા. આ મુલાકાતે ભારતની સમૃદ્ધ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વિરાસતને વિશ્વભરમાં જાળવી રાખવામાં અને તેના પ્રસારમાં BAPS દ્વારા ભજવવામાં આવેલી મહત્વપૂર્ણ ભૂમિકાને વધુ ઉજાગર કરી હતી.

# ઓન્ટેરિયો પંથકના યુવાનોમાં માનસિક તણાવ ઘટ્યો, પણ સ્તર હજી ચિંતાજનક

## દારૂ-ડ્રગ્સના સેવનમાં ઘટાડો, પરંતુ ઓનલાઈન જુગાર અને સટ્ટાબાજીમાં ઉછાળો

**ઓન્ટેરિયો**

સેન્ટર ફોર એડિક્શન એન્ડ મેન્ટલ હેલ્થ દ્વારા હાથ ધરાયેલા તાજેતરના ‘ઓન્ટેરિયો સ્ટુડન્ટ ડ્રગ યુઝ એન્ડ હેલ્થ સર્વે’માં ખુલાસો થયો છે કે, કોવિડ મહામારી પછી ઓન્ટેરિયોના યુવાનોમાં માનસિક તણાવમાં આંશિક ઘટાડો નોંધાયો છે, પરંતુ તે હજુ પણ ચિંતાજનક રીતે ઊંચા સ્તરે છે. વર્ષ ૨૦૨૫ના સર્વે અનુસાર ધોરણ ૭થી ૧૨ના ૪૬ ટકા યુવાનોએ “મધ્યમથી ગંભીર સ્તર” ની માનસિક તકલીફ અનુભવી હોવાનું જણાવ્યું છે, જે ૨૦૨૩ના સર્વેક્ષણના ૫૧ ટકાની સરખામણીએ સાધારણ ઘટાડો દર્શાવે છે. સંશોધકો અને નિષ્ણાતોના મતે સોશિયલ મીડિયાનો અતિરેક માનસિક સમસ્યાઓ પાછળનું મુખ્ય કારણ હોઈ શકે છે. જો કે, માનસિક સ્વાસ્થ્ય અંગે સમાજમાં કલંક ઘટી રહ્યું હોવાથી હવે યુવાનો ખુલીને પોતાની તકલીફો વિશે વાત કરી રહ્યા છે તેવું પણ પ્રતિબિંબિત થાય છે. રાહતની વાત એ છે કે, ભૂતકાળની તુલનાએ હવે ઓછા વિદ્યાર્થીઓ દારૂ અને ડ્રગ્સ તરફ વળી રહ્યા છે.

બીજી તરફ સર્વેમાં ઓનલાઈન જુગાર અને સ્પોર્ટ્સ બેટિંગને લઈને ચોંકાવનારો ટ્રેન્ડ સામે આવ્યો છે. ૨૦૧૭માં ૧૦૦માંથી એક વિદ્યાર્થી રમતગમત ઉપર સટ્ટો લગાવતો હતો, જે વધીને ૨૦૨૫માં ૧૦માંથી એક વિદ્યાર્થી થઈ ગયો છે. આશરે ચોથા ભાગના વિદ્યાર્થીઓએ સ્વીકાર્યું હતું કે, તેઓ દરરોજ ઓનલાઈન સટ્ટાબાજીની જાહેરાતો જોઈ કે સાંભળી રહ્યા છે. CAMHના સહ-નિર્દેશક હેમિલ્ટને સ્પષ્ટ કર્યું હતું કે, ખાનગી અને બિન-સરકારી સટ્ટાબાજી સાઈટ્સને મંજૂરી આપતા ઓનલાઈન નિયમોમાં સુધારા બાદ આ દૂષણ વધ્યું છે.

૧૯૭૭થી દર બે વર્ષે યોજાતા આ સર્વેમાં ૨૦૨૫ દરમિયાન ૪૨ સ્કૂલ બોર્ડની ૨૪૬ શાળાઓના ૧૧,૧૦૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ડિસેમ્બર ૨૦૨૪થી જૂન ૨૦૨૫ વચ્ચે આ ગુપ્ત ઓનલાઈન સર્વે પૂર્ણ કર્યો હતો.

# પરમિટ ન મળી ને વડોદરાનો પરિવાર ઉગરી ગયો

## કેનેડાથી વિમાન દ્વારા પહોંચેલા આખા પરિવારે કાઠમાંડુ જ રોકાવવું પડ્યું

ટોરોન્ટો : કૈલાસ માનસરોવરની યાત્રા માટે ચીન સરકાર દ્વારા વિઝા મેળવનારા એનઆરઆઈ ગુજરાતી પરિવારોમાંથી વડોદરાના ભીખાભાઈ પટેલ, મધુભાઈ પટેલ, મીમીષાબેન પટેલ અને કલ્પનાબેન પટેલ કેનેડાથી વિમાન માર્ગે સીધા કાઠમંડુ પહોંચ્યા હતા. આ યાત્રિકો કેરૂમ બોર્ડર થઈને આગળ વધવાના હતા, પરંતુ ચીન સરકાર તરફથી જરૂરી પરમિટ (મંજૂરી) ન મળવાને કારણે તેમને કાઠમંડુમાં જ રોકાઈ જવાની ફરજ પડી હતી. ચીન સરકાર મંજૂરી આપશે તેવી આશા સાથે કાઠમંડુમાં અટવાયેલા આ તમામ યાત્રિકો હાલ સલામત હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ નેટવર્કની ભારે મુશ્કેલીના કારણે પરિવારજનો સાથે તેમનો સંપર્ક થઈ શકતો નથી. બીજી તરફ, કેરૂમ બોર્ડર નજીક વાદળ ફાટવાને કારણે સર્જાયેલી ભયાનક જળ હોનારત અને પૂરના સમાચાર વાઈરલ થતાં જ કૈલાસ માનસરોવર ગયેલા ગુજરાતના તમામ યાત્રિકોના પરિવારજનોમાં ભારે ચિંતા અને ફાળ પડી છે. આ હોનારતે વર્ષ ૧૯૯૬માં બનેલી આવી જ એક કુદરતી આપત્તિની યાદ અપાવી દીધી છે.

# ગુજરાત અને વિકાસ, એકબીજાના પર્યાય બની ચુક્યા છે : મુખ્યમંત્રી

## મુખ્ય પ્રધાને કેનેડામાં સાધ્યો ગુજરાતીઓ સાથે સંવાદ

**અમદાવાદ**

અમેરિકાની મુલાકાત બાદ મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ અને પ્રતિનિધિમંડળ રવિવારે કેનેડા પહોંચ્યું હતું. ટોરેન્ટો એરપોર્ટ પહોંચેલા ભૂપેન્દ્ર પટેલનું પરંપરાગત સ્વાગત ગુજરાતી સમુદાયોના અગ્રણીઓ અને કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા થયું હતું.




મુખ્ય પ્રધાને સત્કાર સમારોહમાં ગુજરાતી સમુદાયો સાથે સંવાદ કરતા ગુજરાતની ભૂતકાળની સ્થિતિ અને હાલ દેશના ગ્રોથ એન્જિન તરીકેની ઓળખ બન્નેની વિષદ છણાવટ કરતાં કહ્યું હતું કે, 1960માં મહારાષ્ટ્રથી અલગ રાજ્ય તરીકે ગુજરાત જુદું પડ્યું ત્યારે રોડ-રસ્તા, ગામડાઓમાં વીજળી, પાણી જેવી પાયાની સુવિધાઓ પણ પૂરતી ન હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી ગુજરાત એ પરિસ્થિતિમાંથી બહાર આવીને દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે તેમ જણાવતા તેમણે કહ્યું કે નરેન્દ્રભાઈ મોદીએ હંમેશાં મોટા લક્ષ્યો સાથે વિકાસનો જે વિચાર આપ્યો છે તેના જ પરિણામે આજે આખા ગુજરાતનું ડેવલપમેન્ટ ખૂબ સારી રીતે થઈ શક્યું છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગૌરવભેર જણાવ્યું હતું છે કે, જ્યાં પણ વસ્યા હોય ત્યાં ગુજરાતનો માહોલ ઊભો કરી શકે તે ગુજરાતીની આગવી ઓળખ છે. તેમણે ગુજરાતના સર્વાંગી વિકાસની ભૂમિકા ફેડરેશન ઓફ ગુજરાત-કેનેડાના પરિવારો સમક્ષ આપતા કહ્યું કે, ગુજરાત એટલે વિકાસ આ બેય શબ્દો પર્યાય બની ગયા છે. ગુજરાતમાં 6 સેમિકન્ડક્ટર પ્લાન્ટ શરૂ થયા છે. એટલું જ નહીં, વાયબ્રન્ટ ગુજરાત સમિટની સફળતાથી વધુને વધુ ઈન્વેસ્ટમેન્ટ ગુજરાતમાં આવતું થયું છે. તેમણે કેનેડાના અર્થતંત્રમાં મળી રહેલા ગુજરાતીઓના મજબૂત સહયોગ અને સહકારની પ્રશંસા કરીને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, કેનેડાના ગુજરાતી ઉદ્યોગ સાહસિકોએ જન્મભૂમિ પ્રત્યેનું ઋણ અદા કરવા ગુજરાતમાં પણ રોકાણો માટે આવવું જોઈએ. આ સંદર્ભમાં મુખ્ય પ્રધાને આગામી વાયબ્રન્ટ સમિટ 2027માં કેનેડાના ગુજરાતી સમુદાયોને જોડાવા આમંત્રણ પાઠવ્યું હતું.

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21 Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!




$$$ Thousands spent on renovations. Welcome to this bright and spacious 2-bedroom condo featuring a functional layout and a rare walkout to your own privately fenced backyard-perfect for relaxing, entertaining, or enjoying outdoor living. With many recent upgrades, this move-in-ready home has been tastefully updated with a brand-new modern kitchen, renovated bathroom, new flooring in bedrooms (no carpet in the unit), and stylish new light fixtures. The convenient ensuite laundry room also offers additional storage space with new flooring. Large windows fill the home with natural light, creating a warm and inviting atmosphere. Whether you're a first-time home buyer, downsizing, or looking for an excellent investment opportunity, this condo is sure to impress. Ideally located with 24-hour TTC service at your doorstep and the Sheppard & McCowan LRT just minutes away. Enjoy easy access to Scarborough Town Centre, Centennial College, the University of Toronto Scarborough campus, Highway 401, parks, shopping, restaurants, and all essential amenities. An exceptional opportunity to own a beautifully updated home in a convenient, family-friendly neighbourhood! *Some of the LR photos were taken previously when the home was staged




Welcome to the one you've been waiting for! Situated on a spacious corner lot in a sought after family-friendly neighbourhood, this beautifully maintained bungalow offers exceptional curb appeal, a double car garage, and is just steps to schools, parks, and shopping. Pride of ownership shines throughout with numerous updates over the years, including: roof (2020), windows and doors (2022), garage door (2020), kitchen (2019), main floor flooring (2021), pot lights (2022), fresh paint (2026), and A/C & furnace (2016). The side yard was transformed in 2023 with new fencing, deck, and awning - creating the perfect private outdoor space for entertaining. Inside, enjoy a bright and functional layout with a huge finished basement offering endless possibilities for additional living space, recreation, or excellent rental/in-law suite potential for extra income. Fully fenced yards ideal for family gatherings and summer enjoyment. A rare opportunity to own a solid, move-in ready bungalow in an unbeatable location!




Fully Furnished!! Heart Of Downtown Mississauga, Close To All Amenities, Marilyn Monroe Building, 2 Bedroom + 2 Bathroom, Demand Location, Walking Distance To Sq 1 And Living Arts Centre, Hwy 403, 401, QEW, And Much More! 800 Sqft Of Living Space + 135 Sqft Balcony, Bed And 2 Full washrooms . Students welcome. Available Immediately

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia
**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.